
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૧મું
સપ્ટેમ્બર : ૨૦૨૬
અંક : ૫૮૦

મંગલ મંદિર • સપ્ટેમ્બર-૨૦૨૬ • ૧
(કુલ પાના : ૬૮)

મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

વ્યક્તિમાં સુંદરતાની ખોટ
સારા સ્વભાવથી પૂરી શકાય છે
પણ સારા સ્વભાવની ખોટ
કદી સુંદરતાથી પૂરી શકાતી નથી.

પાણીને ગમે તેટલું ઉકાળો,
પોતે બળીને વરાળ થઈ જશે,
પણ ક્યારેય ઉભરાશે નહીં.
આ વાત
ખાનદાનીને પણ લાગુ પડે છે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

EPIC MULTISPECIALTY HOSPITAL
(A Unit of Vatsalya Healthcare LLP)
Ahmedabad

NABH ACCREDITED

NABL

એપિક હોસ્પિટલ

અદ્યતન ન્યુરો સર્જરી કેર

જ્યારે દુખાવો, હલનચલનમાં તકલીફ અથવા રોજિંદા
જીવનની ગતિ પ્રભાવિત થવા લાગે,
ત્યારે સર્જરી બની શકે છે સારવારનું અગત્યનું પગલું.



- સ્ટ્રોક, બ્રેઈન હેમરેજ અને ન્યુરોવાસ્ક્યુલર સર્જરી
- મગજની ગાંઠો અને સ્કલ બેઝ સર્જરી
- બાળરોગ ન્યુરોસર્જરી
- ટ્રોમા (મગજ, કરોડરજ્જુ, જ્ઞાનતંતુ ની ઈજાઓ)
- ટ્રાઈજેમિનલ ન્યુરલજીયા સર્જરી
- જટિલ મગજની સર્જરી



ડૉ.કલ્પના જૈન
M.D. (એનેસ્થેસિયા)
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ અને ઈન્ટેન્સિવિસ્ટ
ડિરેક્ટર, એપિક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
મૂળ સ્થળ: માંડવી, કચ્છ.



ડૉ. અનિલ જૈન
M.S., D.N.B. (કાર્ડિયોથોરેસિક સર્જરી)
વિભાગ પ્રમુખ, કાર્ડિયોવેસ્ક્યુલર અને થોરેસિક
વિભાગ, એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
સ્થાપક નિયામક,
એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ

www.epichospital.com

એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ,
રાજપથ રંગોલી રોડ, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ

નિષ્ણાત ડોક્ટર સાથે પરામર્શ કરો
079 6815 5000 | +91 72270 74440

epichospitals company/epic-hospital-ahmedabad epichospital | epichospital epichospital | epichospital



ડેન્ટોલ આઈકોન

મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. સૂચી હિતેન્દ્ર શાહ (B.D.S., M.D.S.)

ડૉ. હિતેન્દ્ર એમ. શાહ (B.D.S., M.D.S.)

ક્લિનિક ૧

ઝલક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ભક્તા ચાર રસ્તા,
અંજલી ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ.
મો. ૬૩૫૨૩ ૧૫૪૭૮

ક્લિનિક ૨

૩, પાયલ પાર્ક સોસાયટી, ઈસ્કોન પ્લાઝાની સામે,
સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ,અમદાવાદ.
મો. ૯૫૧૨૩ ૪૦૩૦૩, ૯૫૧૨૩ ૪૦૩૦૫

Sahjanand

Fracture & Orthopaedic Hospital

સહજાનંદ ઓર્થોપેડિક હોસ્પિટલ

ડૉ. રાજેશ વી. પરીખ (M.S. Ortho)

સ્પાઈન અને સાંધાના રોગોનું નિદાન અને સારવાર

૩૦૧, સહજાનંદ પેલેસ, ગોપી રેસ્ટોરન્ટની ઉપર, રાહુલ ટાવરની સામે,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૬૯૩૦૮૦૯ ● મો. ૯૮૨૫૩ ૫૪૧૮૩

Patel Tours & Travels

CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



Bus Available on Hire
A.C. Non A.C. 3 x 2 & Volvo 2 x 2 Bus
(A.C., Non A.C. Sleeper)

ONLINE BOOKING
E-mail : patelinn@yahoo.com
www.pttbus.in

HEAD OFFICE

8, Shroff Chambers, Opp. Navchetan High School, Paldi,
Ahmedabad. Ph. : 079-26577811 M. : 99254 33888, 88667 55888

SATELLITE
Manas Complex, Jodhpur Char Rasta,
Satellite. Ph. : 079-26923888, 26929277
M. : 99252 44293, 78742 78688

S. G. HIGHWAY
Circle-P, Near Prahladnagar Garden,
B/s. Honest Restaurant, S. G. Highway,
Ahmedabad. **M. 99798 94238, 88660 88818**

BAPUNAGAR
Shop No. 22, Hiren Chamber,
Thakkarnagar Char Rasta **M. 99252 44257**

C.T.M.
4, Shahjanand Shopping Centre,
Opp. Hiraba Party Plot. **M. 99252 44256**

Gandhinagar : M. 9925244276, 9925145204 Baroda : Ph. : 065-6599274, 9925244275 • Baroda : Ph. : 065-6541275, 9925244274
Bhuj : Ph. : 2832224477, 0283258372, 9925244259, 9925444260 • Gandidham : Ph. : 02836-234222, 9925244151, 9925444208
Adipur : Ph. : 02836-260899, 9925244271 • Anjar : Ph. : 02836-244848, 9925244270 • Samkhiyari : M. 9925244216, 9925244151
Mundra : Ph. : 02838-222511, 9925244269 • Mandvi : Ph. : 2834-231460, 9925244272 • Gadhshisha : M. 9879150365
Rajkot : Ph. : 281-2451754, 2332186, 9909022441, 9925244255 • Rajkot : Ph. : 281-2451210, 2457660, 9925244280, 9925244280
Jamnagar : Ph. : 2882660243, 2862660521, 9909009844 • Jamnagar : Ph. : 288-2571230, 9925244281 • Dwarka : 8980800175
Reliance : 9909945692 • Jamkhambhaliya : Ph. : 288257130, 9925244261 • Junagadh : Ph. : 0285-2652414, 9925244289, 8738028283
Veraval : M. 9425188099, 7384960480 • Somnath : 9998296801, 9227222863 • Dhoraji : M. 9825547550, 9638000459
Porbandar : Ph. : 2642-2246823, 9825547550, 9638000549 • Bharuch : Ph. : 2642-561818, 2642545666, 9909977996
Surat : Ph. : 98250066744 • Vapi : Ph. : 9924155529, 9427774745 • Jaipur : M. 9829035400 • Indore : M. 9752731212

Now Book your Ticket on



Parcel Service Available
Booking Available
Pay & To Pay



www.pttbus.in

24/7 CUSTOMER SUPPORT
Ph. : 079-26818788
88661558888

WITH BEST COMPLIMENTS FROM

Aakash Exploration
Services Limited

A leading company providing services for
Oil & Gas Exploration

Hemang Haria: +91 9825 021 894

**Office No. 1105, Anam-2, Amli-Bopal Road,
Bopal, Ahmedabad - 380058.**

Ahmedabad Institute of Technology

(NBA Accredited)
(AICTE Approved & GTU Affiliated)



21 Year of Academic Excellence

BE | BBA | BCA
ME | MBA | MCA
Diploma

COURSES OFFERED

B.E. Programs
- Computer Engineering
- Information Technology
- Artificial Intelligence and Machine Learning
- CSE (Cyber Security)
- CSE (Data Science)
- Automobile Engineering
- Mechanical Engineering
- Electronics & Communication Engg.
- Electrical Engineering
- Civil Engineering

Diploma Programs
- Computer Engineering
- Information Technology

M.E. Programs
- Mechanical Engineering
- Electrical Engineering
- Computer Engineering

BBA, BCA, MBA, MCA

Near Vasantnagar Township, Gota-Ognaj Road, Nr. S G Highway, Ahmedabad, Gujarat - 380060
Ph. : 024172411325, 9510900587 **E-mail :** admission@aitindia.in • info@aitindia.in **Website :** www.aitindia.in

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે
નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું
મુખપત્ર : **"મંગલ મંદિર"**

મુખ્ય કાર્યાલય

શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

તંત્રી મંડળ

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **દિનેશ મહેતા – સહતંત્રી**
  મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચોલા કુરૂવા – સભ્ય**
  મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **રોહિત સંઘવી – સભ્ય**
  મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮
- **રજનીકાંત પારેખ – સભ્ય**
  મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

કવર પેઇજ ડિઝાઈન

પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.

લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

– મુખ્યતંત્રી

અનુક્રમણિકા

- તંત્રી સ્થાનેથી :
  શ્વેતાંબર જૈન સમાજની નવી વ્યાખ્યા ..... **અશોક મહેતા**..... ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૧
- પર્વાધિરાજ પર્યુષણ : આત્મશુદ્ધિનો અવસર! ..... **ડૉ. કુમારપાળ દેસાઈ**..... ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટીશ્રીને ભાવપૂર્વકની શ્રદ્ધાંજલી ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વાતંત્ર્ય પર્વનો સમારોહ ૧૯
- શ્રી કીર્તિભાઈ કેશવલાલ સંઘવીની જીવનયાત્રા ૨૧
- વયસ્ક સમિતિનો કાર્યક્રમ ૨૩
- કચ્છી બોલી... ધ્વનિશાસ્ત્રના આધારે કચ્છીનું અર્વાચીન વ્યાકરણનું વિવરણ ૨૪
- અગત્યની સૂચના : 'મંગલ મંદિર'ના અંક અંગે ૨૫
- શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર" ૨૭
- 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર ૨૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર
  કૌશલ્યથી આત્મનિર્ભરતા તરફ સૌમ્યા ચૌરસિયાની સફર ..... **હિરેન શાહ**..... ૨૮
- સરનામા ફેરફાર, અવસાન નોંધ • સાભાર સ્વીકાર ૨૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ૨૯
- મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ ૨૯
- ઉડતી નજરે ૩૦
- અતીતના ઓવારેથી : મણકો-૩૬ ..... ૩૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ૩૮
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૪૦
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૪૧ ..... **સંયોજક : રજનીકાંત પારેખ**..... ૪૨
- ***Nano Nine*** શબ્દ રમત-૨૩૪ ..... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૪૫
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૯૨) ..... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૪૭
- પ્રતિભાવ ૪૮
- ગુજરાતી સાહિત્યના અદ્‌ભુત શેર ૫૫
- અમદાવાદની કવિતા ૫૬
- અન્ય સંસ્થાઓના સમાચાર ૫૭
- બોધકથા : જેવી કરણી તેવી ભરણી ..... **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૬૨

આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્યો :

- રક્ષાબંધન ..... **શાંતિલાલ રામજી લાલકા**..... ૫૦
- મમ્મી-પપ્પા મારે જીવવું છે ..... **ચિંતન ઠક્કર**..... ૫૦
- મારા દિલના દ્વાર ખખડાવી ..... **અશ્વિન શાહ**..... ૫૦
- જીવન : શું લઈને જવાનું? ..... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**..... ૬૧

TRISHLA
Since 1978

મહાપર્વ પર્યુષણ ના પાવન પ્રસંગે...ઘર ઘરમાં ગુંજે જિન ભક્તિનાદ

ત્રિશલા ભક્તિ ગુંજન

પર્યુષણ પર્વ નિમિત્તે આપો તમારા વાહલા સનેહિજનોને, તપસ્વીને તથા પ્રભાવના માટે અમુલ્ય નઝરાણુ
જે માત્ર વસ્તુ નથી પણ આત્માનું અનંત સંગાથ છે...અન જેના દરેક સૂર પ્રભુસ્મરણ બની મનમાં વસે છે !



- જૈન મ્યુઝિક પ્લેયર
- રીચાર્જેબલ, પોર્ટેબલ
- 270+ કલાકનો ખજાનો
- 1600+ ભક્તિ પદો
- સરળ ઓપરેશન
- ગીતોના લિસ્ટની બુક
- USB • એફએમ • બલ્યુટુથ

સુપ્રસિદ્ધ ગાયક કલાકારો ના મધુર કંઠે ગવાયેલ અમુલ્ય ખજાનો

શ્રી ભક્તામર સ્તોત્ર • રત્નાકર પચ્ચીસી • અરિહંત વંદનાવલી • નવકાર ધૂન
ભાવના ગીત • અમી ઝરણા - સ્તવનો • શાંતિલાલ શાહ: કથાગીતો - સ્તવન
પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ • જયંતભાઈ રાહી - નવકાર જાપ • ધૂન-મંત્ર
પ્રતિક્રમણ: રાઈ - દેવસી - સવંત્સરી • નવસ્મરણ • સજઝાય • પૂજા સંગ્રહ
આત્મધૂન • આનંદઘનજી ચોવીસી - પદો • પ્રાર્થના ગીતો • પુણ્યપ્રકાશ સ્તવન
શ્રી ઘંટાકર્ણમહાવીરશ્રી • માણીભદ્રવીર • દિવાળી ચોપડા પૂજન

સ્તવન ના લીસ્ટની બુક સાથે આવશે, આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

HOME DELIVERY

આજેજ ઓર્ડર આપો, ફ્રિ હોમ ડિલિવરી

TRISHLA ELECTRONICS

સંપર્ક : ૯૮૨૦૦ ૫૯૮૯૯ / ૯૮૩૩૦ ૦૩૦૯૯

CONTACT
98200 59899
98330 03099

જૈન સંઘ - જૈન મહાજન આપના સંઘમા બહુમાન, તપસ્વીને પ્રભાવના તેમજ અન્ય શુભ અવસર પર
ત્રિશલા પ્રસ્તુત જૈન ભક્તિ ગીતોનુ અમુલ્ય સંગ્રહ ધર્મ પ્રભાવના માટે સ્પે. ડિસકાઉન્ટ થી આપવામાં આવશે

ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો, ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન

તંત્રી સ્થાનેથી...

શ્વેતાંબર જૈન સમાજની નવી વ્યાખ્યા

અશોક મહેતા

સપ્ટેમ્બર-૨૦૨૬ના "મંગલ મંદિર"ના અંકમાં તંત્રી સ્થાનેથી કોલમમાં એક હૃદયસ્પર્શી લેખ લેવામાં આવેલ છે કે જે દરેક વાચકે વાંચવાની આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.

અગર આ લેખ વાંચવાથી ખમતીધર વ્યક્તિ અથવા અન્યના હૃદયને અપીલ કરી જશે તો લેખની વિગતોને સાર્થક થયેલ માનવામાં આવશે.

આ લેખના લેખક, કે જેઓ અજ્ઞાત છે, તેમને ખૂબ ખૂબ અભિનંદન સાથેની અનુમોદના.

– તંત્રી મંડળ

પાલી જિલ્લાનું એક નાનકડું ગામ હતું સોજત... ત્યાં શ્વેતાંબર જૈન સમાજનું ૪૦૦ વર્ષ જૂનું આદિનાથ પ્રભુનું મંદિર આવેલું હતું. આરસપહાણની કારીગરી, સોનાના કળશ અને ચાંદીના દરવાજા. દર વર્ષે મહાવીર જયંતી પર આરતીની બોલી ૭ લાખ સુધી જતી હતી. ગામના લોકો ગર્વથી કહેતા, "આપણા ભગવાન સૌથી અમીર છે."

એ જ કસબામાં ૨૨ વર્ષનો વિપુલ જૈન રહેતો હતો. તેના પિતા પાપડ વડીની લારી લગાવતા... વિપુલે બી.ટેક કર્યું હતું અને GATE પરીક્ષામાં ૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા હતા... ITI બોમ્બેમાં તેનું M.Tech.નું એડમિશન પાકું થઈ ગયું હતું. ફી હતી : વાર્ષિક ૧.૨ લાખ રૂપિયા. તેને કોઈ સ્કોલરશિપ મળી નહોતી...

વિપુલના પિતા શેઠ મોહનલાલ જૈન પાસે ગયા. મોહનલાલ ટ્રસ્ટના પ્રમુખ હતા અને દર વર્ષે આરતીની બોલી એ જ લગાવતા હતા...

શેઠજી, બસ ૫૦ હજારની લોન આપી દો. વ્યાજ સાથે પાછી આપી દઈશ. દીકરો ભણી-ગણીને નામ રોશન કરશે...

મોહનલાલે માથું ધુણાવ્યું, "ટ્રસ્ટના પૈસા ભગવાનના છે. એ માત્ર ધર્મના કામમાં જ વપરાય. મંદિરનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે અને ૧૫ લાખની નવી પ્રતિમા આવી રહી છે. તું સમજવાની કોશિશ કર... તે જ રાત્રે વિપુલે સોજત છોડી દીધું. અમદાવાદમાં એક ફેક્ટરીમાં ૧૨ હજારની નોકરી પકડી લીધી. IITમાં ભણવાનું તેનું સપનું ત્યાં જ રોળાઈ ગયું...

૫ વર્ષ પછી ૨૦૨૬ની ચૈત્ર સુદ તેરસ.

સોજતના મંદિરમાં મહાવીર જન્મ કલ્યાણકનો ઉત્સવ હતો. આરતીની બોલી શરૂ થઈ...

"૧ લાખ", "૨ લાખ..." મોહનલાલ ઊભા થયા, "૫ લાખ અને ૧ રૂપિયો." ત્યાં જ પાછળથી અવાજ આવ્યો, "૫ લાખ ૧૧ હજાર..."

બધાએ પાછળ ફરીને જોયું. કોટ-પેન્ટ પહેરીને વિપુલ ઊભો હતો. તેની સાથે ૪ યુવાન છોકરા-છોકરીઓ હતા. મોહનલાલ ચોંકી ગયા, "તું?"

વિપુલે હાથ જોડીને કહ્યું, "શેઠજી, બોલી હું નહીં લગાવું. બસ તમારી પાસે ૨ મિનિટ માંગુ છું." આખી સભા શાંત થઈ ગઈ. વિપુલે માઈક હાથમાં લીધું:

"૩ વર્ષ પહેલાં હું આ જ મંદિરમાં ૫૦ હજાર રૂપિયા માંગવા આવ્યો હતો. ન મળ્યા... હું અંદરથી તૂટી ગયો હતો... પછી અમદાવાદમાં મને માહેશ્વરી સમાજના 'એજ્યુકેશન લોન ફાઉન્ડેશન' વિશે ખબર પડી... તેમણે મને વગર વ્યાજે ૧.૫ લાખ રૂપિયા આપ્યા. શરત માત્ર એક જ હતી – 'ભણીને બીજા ૨ બાળકોને ભણાવવાના...'

મેં આઈઆઈટી પૂરો કર્યો. કેમ્પસ પ્લેસમેન્ટમાં મને ૨૮ લાખનું પેકેજ મળ્યું... આજે હું બેંગલુરુમાં છું... મારી સાથે ઊભેલા આ ચારેય બાળકોને જુઓ. રેખા, જેના પિતા આપણા મંદિરમાં જ સફાઈ કામ કરે છે. રમેશ, જેની માતા વિધવા છે અને લોકોના ઘરે વાસણ માંજે છે. આ બન્નેને મેં CAT (એન્ટ્રન્સ એકઝામ)ની કોચિંગ અપાવી...આજે રેખા IIM અમદાવાદમાં

છે અને રમેશ IIM કલકત્તામાં છે.''

સભામાં એકદમ સન્નાટો છવાઈ ગયો. વિપુલ અટક્યો નહીં. ''શ્વેતાંબર પરંપરાએ આપણને 'અપરિગ્રહ' શીખવ્યો છે. જરૂરિયાત કરતાં વધુ ભેગું ન કરો. 'અનેકાંતવાદ' શીખવ્યો છે. દરેકનો દૃષ્ટિકોણ સમજો. ભગવાન મહાવીર પ્રભુએ રાજપાટ છોડીને સત્યની શોધ કરી હતી, મહેલો નહોતા બનાવ્યા. તેમણે કહ્યું હતું. 'જીવદયા' એ જ સૌથી મોટો ધર્મ છે.''

''તો હવે તમે જ કહો શેઠજી, ભગવાન ૧૫ લાખની મૂર્તિથી વધુ ખુશ થશે કે રેખાના IIM જવાથી? શું સોનાના કળશ પર ચડાવેલું ઘી, રમેશના પુસ્તકો પાછળ ખર્ચેલા પૈસા કરતાં વધુ પવિત્ર છે?

મોહનલાલની આંખો નમી ગઈ. વિપુલે ખિસ્સામાંથી ચેક કાઢ્યો...

''આ ૫ લાખ ૧૧ હજારની બોલી હું મંદિરમાં નથી લગાવી રહ્યો... આજે અમે ૫ લોકો મળીને 'સોજત શ્વેતાંબર શિક્ષણ નિધિ' શરૂ કરી રહ્યા છીએ... એમાં પહેલું દાન મારું છે. આમાં કોઈ વ્યાજ નહીં હોય, માત્ર એક વચન હશે – 'લેનાર વ્યક્તિ આવતીકાલે બીજા બે જણને મદદ કરશે....'

''અગ્રવાલ સમાજ હોસ્પિટલ બનાવે છે. માહેશ્વરી સમાજ સ્ટાર્ટઅપ ફંડ આપે છે. રાજપુરોહિત સમાજ UPSCની કોચિંગ ચલાવે છે. સીરવી સમાજ લોજિસ્ટિક હબ બનાવી રહ્યો છે. તો આપણે જૈન, જેમનો મૂળ મંત્ર જ 'જીવો અને જીવવા દો' છે, તો માત્ર પથ્થર પાછળ જ પૈસા કેમ લૂંટાવીએ?

''હું આરતીની બોલીનો વિરોધી નથી... પણ જ્યારે મારા સમાજનું બાળક ફી માટે રડતું હોય અને આપણે લાખોની પ્રતિમાઓ મંગાવતા હોઈએ, તો એ ધર્મ નથી, દેખાડો છે. તીર્થંકરોએ આપણને ત્યાગ શીખવ્યો હતો, તિજોરી ભરવાનું નહીં.''

સભામાં સૌથી પહેલાં ચૌધરી સાહેબે હાથ ઊંચો કર્યો... તેઓ સીરવી સમાજના પ્રમુખ હતા. ''વિપુલ બેટા, મારા તરફથી બે લાખ રૂપિયા આ નિધિમાં. મારો પૌત્ર પણ તારી સાથે જ IITમાં ભણે છે... પછી, માહેશ્વરી સમાજના વેપારી બોલ્યા, ''અમારી કોમર્સ કોલેજમાં જૈન બાળકોને ૫૦% સ્કોલરશિપ આપવામાં આવશે...''

મોહનલાલ ઊભા થયા. તેમની આંખો ભીની હતી. ૭૦ વર્ષના જીવનમાં પહેલીવાર તેઓ મંચ પર લથડ્યા.

''વિપુલ, આજે તેં મારી આંખો ખોલી દીધી... ૪૦ વર્ષથી હું બોલી લગાવતો આવ્યો અને એમ જ વિચારતો રહ્યો કે મને પુણ્ય મળી રહ્યું છે. પણ સાચું પુણ્ય તો તારા ચહેરા પર દેખાય છે.''

તેમણે માઇક લીધું : ''આજથી સોજત શ્વેતાંબર ટ્રસ્ટના ૬૦% પૈસા શિક્ષણ અને સ્વાસ્થ્ય પાછળ વપરાશે અને ૪૦% મંદિરની જાળવણી પાછળ. અને હા, 'જૈન લોન ફાઉન્ડેશન' આજથી જ શરૂ... પહેલી લોન રેખાની નાની બહેનને, તેની MBBSની ફી માટે.'' આખી સભા ઊભી થઈને તાળીઓ પાડી રહી હતી... ઘંટના નાદ વચ્ચે એક નવી આરતીની શરૂઆત થઈ ચૂકી હતી... આત્મનિર્ભરતાની આરતી!

છ મહિના પછીનું સોજત.

મંદિર એ જ હતું, પણ હવે તેની પાછળ 'મહાવીર કોચિંગ સેન્ટર' ચાલતું હતું. ૮૦ બાળકો ત્યાં મફતમાં ભણતા હતા. ૧૨ બાળકો NEET-JEE પાસ કરી ચૂક્યા હતા. ટ્રસ્ટે ૩ પરિવારોને બિઝનેસ લોન આપી હતી, એક પાપડનું કારખાનું, એક કેમિકલ યુનિટ અને એક ડિજિટલ માર્કેટિંગ ફર્મ.

દિવાળી પર મોહનલાલે જાહેરાત કરી: ''આ વર્ષે આરતીની બોલી નહીં થાય. બોલી લાગશે સંકલ્પોની! કોણ કેટલા બાળકોને ભણાવશે, કોણ કેટલા લોકોને રોજગાર આપશે એની બોલી લાગશે.

વિપુલ દિવાળી પર સોજત આવ્યો. મંદિરમાં આરસપહાણની એક નવી તકતી લાગેલી હતી, જેના પર લખ્યું હતું: ''ન સ દેવેસુ બંધામિ, જે અન્નં ન પહાવએ!'' - જે બીજાને આગળ ન વધારે, હું એ દેવને નથી પૂજતો.

નીચે નાના અક્ષરે લખ્યું હતું : ''★ સોજત શ્વેતાંબર શિક્ષણ નિધિ: ૧.૨ કરોડ, ★ લાભાર્થી: ૪૭ વિદ્યાર્થીઓ.''

મોહનલાલે વિપુલને ગળે લગાવ્યો. ''બેટા, તેં સાબિત કરી દીધું કે ભગવાન મૂર્તિમાં નહીં, પણ મજબૂરની મદદમાં વસે છે. આપણે વર્ષો સુધી સોનાના સિંહાસન પર ભગવાનને બેસાડ્યા, પણ તેં ભગવાનને બાળકોના પુસ્તકોમાં બેસાડી દીધા.''

• **નિષ્કર્ષ :-**

શ્વેતાંબર જૈનોની દૃષ્ટિએ, શ્વેતાંબર આગમોમાં 'દાન'ના ૪ પ્રકાર બતાવવામાં આવ્યા છે : આહાર દાન, ઔષધ દાન, જ્ઞાનદાન અને અભય દાન. આમાં જ્ઞાનદાનને સર્વશ્રેષ્ઠ કહેવાયું છે. ભગવાન મહાવીર પોતે રાજાના પુત્ર હતા. તેમણે મહેલ, હીરા, સેના બધું જ ત્યાગીને 'કેવળજ્ઞાન' પસંદ કર્યું હતું...

આજે જ્યારે આપણે રૂા. ૧૦ લાખની બોલી લગાવીને ક્ષણિક અહંકાર સંતોષીએ છીએ, ત્યારે આપણે મહાવીરના 'અપરિગ્રહ' વ્રતથી વિપરીત ચાલીએ છીએ. મંદિર બનાવવું ખોટું નથી- પણ મંદિરની બહાર ઊભેલો ભૂખ્યો, બેરોજગાર કે અશિક્ષિત જૈન યુવાન, એ આરસપહાણ કરતાં વધુ મહત્ત્વનો છે!

શ્વેતાંબર પરંપરા 'સંઘ' ને મહત્ત્વ આપે છે. સંઘ એટલે સાથે ચાલવું. જો સંઘનો એક પણ સભ્ય પાછળ છૂટી જાય, તો આખી યાત્રા અધૂરી છે. 'બોલી નહીં, બદલાવ' નો મંત્ર આ જ છે – પૈસા ત્યાં જ વપરાય જ્યાંથી આગામી મહાવીર, આગામી આર્ય સુધર્મા, આગામી વૈજ્ઞાનિક કે આગામી ઉદ્યોગ સાહસિક બહાર આવે.

ધર્મ એ નથી જે દીવાલોને સોનાથી મઢી દે. ધર્મ એ છે જે માણસના ભવિષ્યને રોશન કરી દે. કારણ કે અંતમાં તીર્થંકર પણ એ જ પૂછશે : "મારા નામે કેટલા દીવા પ્રગટાવ્યા? ના! મારા બતાવેલા રસ્તા પર કેટલા જીવનોને સુધાર્યા?"

તો નિર્ણય આપણે કરવાનો છે : પથ્થર પૂજવા છે કે ભવિષ્ય ઘડવું છે? આરતીની બોલી લગાવવી છે કે આત્મનિર્ભરતાનો પાયો નાખવો છે? જવાબ મંદિરના ઘંટના અવાજમાં નહીં, પણ કોઈ બાળકના ખિલખિલાટમાં મળશે.

આજે આપણા જ સમાજના ઘણા એવા પરિવારો છે જેઓ હોસ્પિટલના મોટા બિલ પણ ચૂકવી શકતા નથી. સારવાર માટે તેઓ પોતાના દાગીના વેચી દે છે. એટલું જ નહીં, પોતાનું હર્યું-ભર્યું ઘર પણ વેચી નાખવા મજબૂર બને છે. ત્યારે ખરેખર ખૂબ જ દુ:ખ થાય છે.

મંદિરમાં પોતાના નામની એક 'તક્તી' લગાવવા માટે લોકો લાખો-કરોડો રૂપિયા ખુશી-ખુશી આપી દે છે, પણ જ્યારે સમાજના કોઈ મજબૂર વ્યક્તિની જિંદગી બચાવવાની કે તેને આર્થિક રીતે બેઠી કરવાની વાત આવે છે, ત્યારે બધા પાછળ હટી જાય છે! સાચો ધર્મ તકતીઓમાં નામ કોતરવામાં નથી, પણ કોઈના આંસુ લૂછીને તેના ચહેરા પર સ્મિત લાવવામાં છે! ■

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૬૨ (બાંસઠ)મો વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના અને સાંસ્કૃતિક કાર્યક્રમ **શનિવાર, તા. ૨૬-૦૯-૨૦૨૬** ***અથવા*** **રવિવાર, તા. ૨૭-૦૯-૨૦૨૬**ના રોજ **ટાગોર હોલ - પાલડી** ખાતે યોજવામાં આવનાર છે. કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા ફાઈનલ થયે વૉટ્સએપ ગ્રુપ દ્વારા તેની જાણ કરવામાં આવશે.

આ પ્રસંગે ટાગોર હોલ - પાલડી ખાતે સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી **સ્વામિવાત્સલ્ય જમણવાર** રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ નીચે દર્શાવેલ કોઈ પણ અનુકૂળ સ્થળેથી પાસ મેળવી લેવા વિનંતી.

૧.	*શ્રી કચ્છી જૈન ભવન*	*– પાલડી*
૨.	*શ્રી કચ્છી વિશ્રામ ગૃહ*	*– શાહીબાગ*
૩.	*શ્રી નવનીત મેડિકલ સેન્ટર*	*– બોપલ*
૪.	*સમ્રાટ સિલેક્શન*	*– મણિનગર*
૫.	*શ્રી કે.ડી.ઓ. ભવન*	*– પાલડી*

પર્વાધિરાજ પર્યુષણ : આત્મશુદ્ધિનો અવસર!

ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રી દશવૈકાલિક સૂત્ર નામના આગમમાં સાંપડતી અત્યંત માર્મિક અને હૃદયસ્પર્શી જિનવાણી (૮-૩૮) કહે છે, 'ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા મનને જીતો, સરળતા દ્વારા કપટ ભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.'

પર્વાધિરાજ પર્યુષણની પ્રયોગશાળાના આજના દિવસે એ સમજીએ કે પર્યુષણ એ આપણા જીવનને 'યુ ટર્ન' આપવા માટેનું મહા પ્રભાવક પર્વ છે. આજ સુધી બીજાના દોષો ખોળતું મન જરા 'યુ ટર્ન' લઈને પોતાના દોષોની ખોજ કરવાનું શરૂ કરે, ત્યારે એને ખ્યાલ આવશે કે અન્ય વ્યક્તિઓ એનાથી વિશેષ ગુણવાન છે અને જો એ સ્વયં એમનાથી ગુણવાન હોય તો શા માટે એમના પ્રત્યે શંકા, દ્વેષ કે અભાવ મનમાં રાખવા? એમની ઉપેક્ષાને બદલે એમનો તો આદર કરવો જોઈએ અને એથી જ પર્યુષણનો સમય એ આપણા માટે ચિત્ત પરિવર્તન અને આત્મશુદ્ધિનો સમય છે.

તમે કલ્પના કરો કે પાંચ તોફાની, ઉદ્ધત, ખૂંખાર અને અત્યંત વેગથી દોડતા અશ્વોવાળો રથ હોય અને એ રથનો મન-મસ્ત સારથી આંખો મીંચીને રથ દોડાવતો હોય, તો શું થાય? બસ, આવી છે આપણી પાંચ ઇંદ્રિયો અને તેના પર સવાર આપણું મન. એ ઇંદ્રિયો માનવીમાં પ્રબળ વિકાર જગાવે છે અને એનું મન એને આંધળોભીંત બનાવીને આમ તેમ દિશાહીન દોડાવ્યે જાય છે.

જેઓ ઇંદ્રિયો દોડાવે તેમ દોડતા હોય છે અને સદા એની શરણાગતિ સેવતા હોય છે, એવા લોકો સતત દુઃખી, વ્યથિત અને સંતપ્ત રહે છે. વાસના પર જેનો વિજય ન હોય એના મનને જરા બહાર કાઢીને જોશો, તો ખ્યાલ આવશે કે એ મનમાં વાસનાની પ્રાપ્તિ અને તૃપ્તિ માટે કેવી અને કેટલી બધી વિકૃત દોડધામ મચી છે! સ્વાદલોલુપ માનવીની નજર સદૈવ વાનગીઓ પર ચકળવકળ ઘૂમતી હોય છે અને મીઠાઈની દુકાન જોતાં એનું મન કેટલું બધું વિક્ષુબ્ધ બની જાય છે.

જૈનદર્શન કહે છે કે ઇંદ્રિયોનું શરણ એ દુઃખનો રસ્તો અને વિનાશનો માર્ગ છે. એને શરણે જઈને વ્યક્તિ પોતે પોતાના વિનાશને સામે ચાલીને નિમંત્રણ આપતો હોય છે. ઇંદ્રિયોના તાલે એ કૂદી કૂદીને નાચતો હોય છે ત્યારે એને ખ્યાલ પણ હોતો નથી કે એ શું કરી રહ્યો છે. કારણ કે ઇંદ્રિયોથી સાંપડતા સુખની કલ્પનામાં એ રમમાણ હોય છે. એ વિચારે છે કે આ ઇંદ્રિય સુખ મળશે એટલે કેટલો બધો અપાર આનંદ પ્રાપ્ત થશે! પરંતુ એ સુખ કાં તો ક્ષણિક હોય છે કે સ્વપ્નસમાન હોય છે. એ પછી તો માત્ર દુઃખને દુઃખ જ ભોગવવાનું રહે છે.

પાંચ ઇંદ્રિયોના ભોગમાં ડૂબેલા માણસની કેવી દુર્દશા થતી હશે! જ્યાં બે ઇન્દ્રિયોને સાચવવી મુશ્કેલ છે, ત્યાં પાંચ-પાંચ ઇન્દ્રિયો ભેગી થાય, તો કેવો ઉલ્કાપાત સર્જાય! આથી ભગવાન મહાવીરે 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' (૨૩/૫૮)માં કહ્યું, 'મન એક સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડા જેવું છે જે ચારે તરફ દોડતું રહે છે.'


આ મનનું જરા પરિવર્તન કરીએ અને જુઓ આજ સુધી મન બીજાની પ્રવૃત્તિઓ પર સીસીટીવીની જેમ નજર રાખતું હતું, તે મન હવે આપણા પોતાના ભીતરની પ્રવૃત્તિઓ જોતું થશે. બીજાની પ્રકૃતિ, દોષો કે નિર્બળતાઓને જોનારી દૃષ્ટિ હવે સ્વ-ભાવમાં કેન્દ્રિત થશે અને શંકા કરનારી એ નજરમાં શ્રદ્ધા આવશે. પ્રયોગ એ કરવાની જરૂર છે કે બહારથી ભીતરમાં દૃષ્ટિપાત કરો અને ત્યાં તમને એક જુદું જ સંગીત સંભળાશે. પહેલાં કોઈની નિંદા-કુથલી આપણા કાન કેવા કૂદી કૂદીને સાંભળતા હતા. હવે એ પોતાની જાતને જોઈને પોતાના દુર્ગુણોની નિંદા કરવા લાગશે. અને પોતાના સ્વ-રૂપને જોવા માટે થનગનશે. આ રીતે પર્યુષણના જપ, તપ, વ્યાખ્યાન, ધ્યાન એ સઘળાં ઇન્દ્રિયોના વિષયને અતિક્રમીને આત્મા સુધી પહોંચીને એના આનંદમાં રમમાણ રહેવાની પ્રયોગભૂમિ છે.

પગમાં કાંટો વાગતાં અજાણતાં જ પ્રભુ મહાવીરનાં વચનો સાંભળતાં પ્રભુની વાણી રોહિણેયના જીવનમાં આંતર પરિવર્તન આણે છે. આથી જૈનદર્શન કહે છે કે જેમ જેમ ભીતરમાં જશો, તેમ તેમ તમારી આત્મસમૃદ્ધિની ઓળખ સાંપડશે. જેમ જેમ દોષદર્શન કરીને પોતાનાં દૂષણોને દૂર કરવા પ્રયત્ન કરશો, તેમ તેમ આત્મશુદ્ધિની પ્રસન્નતાનો અણસાર આવશે.

આજ સુધી જીવ બહાનાંઓ રચીને અને વિકારોને વિસ્તારીને પોતાની જાતને પોતે જ છેતરતો હતો. હવે એ પોતાની જાતને છેતરવાને બદલે પોતાની જાતને જોતો થશે અને ઈશ્વરને 'પરમ તેજે તું લઈ જા' એમ કહેતો કહેતો એ સ્વયં

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટીશ્રીને ભાવપૂર્વકની શ્રદ્ધાંજલી



• જન્મ •
તા. ૨૭-૭-૧૯૩૬

• અવસાન •
તા. ૫-૮-૨૦૨૬

શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા
(મોટા લાયજા – મુંબઈ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી **શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા**નું તા. ૫-૮-૨૦૨૬ના રોજ ૯૦ વર્ષની ઉંમરે મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રી વર્ષ ૧૯૯૪-૯૫થી આ સમાજના કાયમી ટ્રસ્ટી પદે બિરાજમાન હતા. તેમના વડીલબંધુ શ્રી પ્રેમજીભાઈ અને તેઓશ્રી આ સમાજના પ્રથમથી જ શુભેચ્છક અને હિતેચ્છુ રહેલ હતા અને તેઓ હંમેશના આ સમાજના દાતાશ્રી રહ્યા છે. તેઓ બંને ભાઈની અમિદૃષ્ટિથી સમાજના પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પરના પ્રથમ માળના સાંસ્કૃતિક કેન્દ્રનું નામ "શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ છેડા સાંસ્કૃતિક કેન્દ્ર" રાખવામાં આવેલ છે.

શ્રી જગશીભાઈએ પોતાના પેટ્રોલ, સોલ્ટ તથા અન્ય અનેક વ્યવસાયોમાં અભૂતપૂર્વ એવી પ્રગતિ તો સાધેલ હતી પરંતુ તેની સાથે સાથે તેઓશ્રી અનેક સેવાભાવી સંસ્થાઓના પ્રણેતા, કર્તાહર્તા અને દાતાશ્રી રહેલ હતા. આજે પણ તેઓના કાર્યોને અનેક સંસ્થાઓએ બિરદાવેલ છે અને તેઓશ્રીને શ્રદ્ધાંજલી અર્પણ કરેલ છે.

મુંબઈથી પ્રકાશિત થતી કચ્છી ખબર પત્રિકામાં ૩૦થી પણ વધુ સેવાભાવી સંસ્થા અને તેમના અગ્રણીશ્રીઓએ, શ્રી જગશીભાઈના પરિવારના નજીકના સગા-સંબંધીઓ તથા હિતેચ્છુઓએ અને તેમની સાથેના વ્યવસાયકારોએ તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરેલ છે. આ શ્રદ્ધાંજલી અર્પણ કરનાર કેટલીક સંસ્થાઓના વ્યવસાયકારોના તથા અન્યોના નામ અને તેની સાથે સંકળાયેલ શ્રી જગશીભાઈની વિગત અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે કે જેથી કોઈને પણ શ્રી જગશીભાઈની ઉમદા અને પ્રેરણાત્મક કાર્યવાહીનો ખ્યાલ આવી શકે.

આ સંસ્થાઓ વગેરેની વિગતો નીચે મુજબ છે :

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
(કાયમી ટ્રસ્ટીશ્રી તથા ઉદારદિલ દાતાશ્રી) (૧૯૯૪-૯૫થી આજ દિન લગી)

૨. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન - મુંબઈ
(ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટીશ્રી તથા ચેરમેનશ્રી)

૩. શ્રી માટુંગા મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ
(ભૂતપૂર્વ પ્રમુખ - ટ્રસ્ટી) (તેઓશ્રીએ અહીં અઢી દાયકાથી પણ વધુ સમય સુધી સેવાઓ આપેલ હતી)

૪. શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)
(ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અને ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી)

૫. શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ - મુલુંડ
(ચેરમેનશ્રી ૧૯૯૬થી ૨૦૨૬ – અવિરત સેવાના ત્રણ દાયકા)

૬. શ્રી લાયજા ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન
(અઢી દાયકા સુધી પ્રમુખપદને શોભાવનાર)

૭. શ્રી ઘોડપદેવ અચલગચ્છ જૈન સંઘ
(સ્થાપક દાતા ટ્રસ્ટીશ્રી)

૮. શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ
(ઉદાર દિલ દાતાશ્રી)

૯. શ્રી જય અંબે છેડા ભાવિક મંડળ
(મંડળના પ્રણેતા અને ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી)

૧૦. શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરા
(ઉદાર દિલ દાતાશ્રી)

૧૧. મેરૂ હાઈટ્સ કો.ઓ.હા. સોસાયટી - માટુંગાના સભ્યશ્રીઓ
(વડીલ મુરબ્બીશ્રી)

૧૨. વ્યવસાયીક ભાગીદારો, મેનેજમેન્ટ ટીમ તથા અન્યો
(ભારત સોલ્ટ / સુપર સોલ્ટ / વ્હાઈટ રોઝ સોલ્ટ / સિદ્ધાર્થ સોલ્ટ વગેરે)

૧૩. વિસત ઓટોમોબાઈલ્સ - અમદાવાદ / દીપ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ
(ભૂતપૂર્વ વ્યવસાયીક ભાગીદાર)

૧૪. શાહ એન્ડ છેડા રીયાલ્ટી / ગૌરવ ગેસ સ્ટેશન (નેરૂલ - નવી મુંબઈ)
(વ્યવસાયીક અને લાગણીસભર વડીલશ્રી)

૧૫. મનોર ગ્રૂપ, શિવમ ડેવલપર્સ, યુનિવર્સલ ગ્રૂપ, છેડા એસ્ટેટ્સ
(વ્યવસાયીક તેમજ રાહબર અને લાગણીસભર માર્ગદર્શક)

૧૬. કલ્યાણ ગ્રૂપ (ડોંબીવલી / મુલુંડ)
(ભૂતપૂર્વ વ્યવસાયીક સાથીદાર)

૧૭. તેજુકાયા ગ્રૂપ ઓફ કંપની / તેજુકાયા પરિવાર
(લાગણીસભર રાહબર અને વડીલશ્રી)

હજુ પણ આ લીસ્ટમાં તેમના સગા-સંબંધીઓ તથા હિતેચ્છુઓના નામોનો સારો એવો ઉમેરો થઈ શકે છે. જે બતાવે છે કે તેઓ જે જિંદગી જીવી ગયા, એ એવી ઝીંદાદિલ જિંદગી હતી કે તેઓને આજે પણ અનેક લોકો અંતરના ઉંડાણથી યાદ કરી તેઓશ્રીને સ્મરણાંજલી સ્વરૂપે શ્રદ્ધાંજલી અર્પણ કરી રહ્યા છે. તેઓના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિને ખ્યાલ આવી જતો કે તેઓ સેવાભાવી, પરોપકારી, ઝીંદાદિલ લીડર અને સાત્ત્વિક વ્યક્તિત્વ ધરાવતા મુઠ્ઠી ઊંચેરા માનવી હતા. તદુપરાંત તેઓશ્રી પરિવાર, ગામ, સંસ્થા, સમાજ તથા અન્યોને સાથે લઈને નિઃસ્વાર્થભાવે જન જનની સેવા કરવાનું વ્યક્તિત્વ ધરાવતા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સમગ્ર ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા અન્ય સભ્યશ્રીઓ તેઓશ્રીને સ્મરણાંજલી સાથેની શ્રદ્ધાંજલી અર્પણ કરે છે અને ઇચ્છે છે કે પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તથા તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખદ આઘાતની ઘટનાને સહન કરવાની શક્તિ અર્પે.

રજનીકાંત પારેખ
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

હિરેન કે. શાહ
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સ્વાતંત્ર્ય દિન સમારોહ ● શનિવાર, તા. ૧૫-૦૮-૨૦૨૬


કાર્યક્રમની તસવીરી ઝલક



ધ્વજવંદન માટે પધારતા માનનિય મહેમાન શ્રી કે. કે. સંઘવી



ધ્વજવંદન કરતા માનનિય મહેમાનશ્રી



કાર્યક્રમમાં પધારેલ સર્વેને આવકારતા શ્રી રજનીકાંત પારેખ



ધ્વજવંદન કરતા માનનિય મહેમાન શ્રી કે. કે. સંઘવી



ધ્વજવંદન વખતે સલામી....



ધ્વજવંદન વખતે સલામી....



ધ્વજવંદન સમયે સલામી આપતું નારીવૃંદ



ધ્વજવંદન વખતે સલામી....



ધ્વજવંદન વખતે સલામી....





માનનિય મહેમાનશ્રીનું સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રાસંગિક ઉદ્‌બોધન



પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા ઉપપ્રમુખ ડૉ. હિતેન્દ્ર શાહ



માનનિય મહેમાન શ્રી કે. કે. સંઘવી વિશે માહિતી આપતા શ્રી હસમુખભાઈ ગઢેચા



દુબઈથી પધારેલ શ્રી યોગેશભાઈ તથા અન્ય માનનિય મહેમાનશ્રીઓ



માનનિય મહેમાનો સાથે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોની ગુફ્તેગો

વયસ્ક સમિતિના કાર્યક્રમની તસવીરી ઝલક



શ્રીમતી ભદ્રાબા વાઘેલાનું સન્માન કરતા સમાજના વડીલો



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રી રજનીકાંત પારેખ



શ્રીમતી નિર્મળા કોઠારી અને શ્રી નરેન્દ્ર કોઠારી પરિવાર સહિત



શ્રીમતી લક્ષ્મીબેન ખત્રીને જન્મ દિવસની વધાઈ આપતા શ્રી મહેશભાઈ ખત્રી



શ્રીમતી ચંદ્રિકાબેન શાહને જન્મ દિવસની કેક ખવડાવતા શ્રી કમલેશભાઈ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રી શૈલેષભાઈ સંઘવી



જન્મ દિવસની કેક કાપતા શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

સ્વાતંત્ર્ય પર્વનો સમારોહ

ભારત વર્ષનો ૮૦મો સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવનના પટાંગણમાં ઉજવાઈ ગયો.

પ્રથમ માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ દ્વારા આજના મુખ્ય અતિથિ શ્રી કીર્તિભાઈ કે. સંઘવીનો પરિચય આપવામાં આવ્યો. ત્યારબાદ સવારે બરાબર ૯.૩૦ના ટકોરે શ્રી કીર્તિભાઈ સંઘવીના વરદ્ હસ્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, સમાજના સભ્યો ઉપરાંત સોનગઢ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ અમદાવાદના વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં ધ્વજ વંદન કરવામાં આવ્યું.

આ સમારોહમાં આશરે ૧૫૦ વ્યક્તિઓ હાજર રહેલ હતી.

ધ્વજ વંદનને સલામી આપીને રાષ્ટ્રગીતના ગાન બાદ શ્રી કીર્તિભાઈ સંઘવીએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતું કે આપણે આજે ૮૦મો સ્વાતંત્ર્ય દિનનો પર્વ ઉજવીએ છીએ. આપણા દેશનું નામ વિશ્વમાં રોશન કરવા માટે આપણે શિક્ષણ અને આરોગ્ય ઉપર ખૂબજ ધ્યાન આપવું પડશે. આપણે પર્યાવરણનું જતન કરવું પડશે. જરૂરિયાતવાળી વ્યક્તિને યોગ્ય સહાય કરીને તેઓ ઉચ્ચ મસ્તક રાખી જીવન જીવી શકે તેવો આપણે સૌએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ અને આ પ્રમાણે આપણે સમાજને સક્ષમ બનાવવો જોઈએ. તેઓએ વધુમાં જણાવ્યું કે જો સરકાર સામાજિક સંસ્થાઓ અને નાગરિકો સાથે મળીને દેશ સેવા તેમજ સમાજના ઉત્થાન માટે કાર્ય કરે તો આપણે આગામી દાયકામાં આપણા દેશને અગ્રેસર હરોળમાં જોઈ શકીશું અને દરેક નાગરિક સ્વદેશી વસ્તુ વાપરશે તેવો સંકલ્પ લેવો જોઈએ.

વધુમાં તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવતી સમાજલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મેડિકલ, ડાયાલિસિસ, સાધર્મિક સહાય, સ્કીલ ડેવલપમેન્ટ, શૈક્ષણિક સહાય, દર્દીઓને સારવાર દરમિયાન રાહત દરે રહેઠાણ તેમજ ભોજન જેવી પ્રવૃત્તિઓ દ્વારા નાનામાં નાના માણસને મોટી રાહત આપે છે તેની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. હિતેન્દ્ર શાહે જણાવ્યું હતું કે શ્રી કે. કે. સંઘવીએ તન, મન અને ધનથી પોતાનો ફાળો આપેલ છે. વિવિધ સંસ્થાઓમાં તેમનું યોગદાન ખૂબજ મોટું છે. તેઓશ્રીએ સેવાનો ભેખ લીધેલ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ મેડિકલ ક્ષેત્રે, ડાયાલિસિસ ક્ષેત્રે, ભવન ક્ષેત્રે, દર્દીઓને સહાય માટે, વિદ્યાર્થીઓને એજયુકેશનમાં આગળ વધવા માટે તેમજ સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ખૂબજ ઉમદા કાર્ય કરીને સમાજની માતબર સેવા કરે છે.

શ્રી હસમુખભાઈ ગઢેચાએ જણાવ્યું હતું કે શ્રી કીર્તિભાઈ અને મારે બચપણથી સંબંધો છે. તેમની જિંદગીની ઝરમર માં જોઈ છે. તેઓ પથ્થરમાંથી પણ પાણી કાઢે તેવી શક્તિ ધરાવે છે. માત્ર પૈસા કમાવા જ નહીં પરંતુ ઈશ્વરે આપેલ લક્ષ્મીનો સદુપયોગ કેવી રીતે કરવો તે જાણે છે અને તેથી જ વિવિધ ક્ષેત્રે તેમનું યોગદાન ખૂબજ માતબર છે.

આ ઉપરાંત દુબઈથી આવેલ મહેમાન શ્રી યોગેશભાઈ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે યોગેશભાઈ દુબઈ ખાતે બહોળો વેપાર ધરાવે છે અને વિવિધ સંસ્થાઓમાં ઉદાર હાથે પોતાનું યોગદાન આપે છે. તાજેતરમાં વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતવાળા લોકોને દુબઈ ખાતે રહેવાની નિઃશુલ્ક વ્યવસ્થા તેઓએ કરી આપી હતી.

અંતમાં શ્રી રજનીકાન્ત પારેખ, માનદ્ મંત્રીએ આજના માનવંતા મહેમાન શ્રી કીર્તિભાઈ સંઘવીનો, તેઓની સાથે પધારેલ અન્ય મહાનુભાવોનો, ટ્રસ્ટીઓનો, કારોબારી સભ્યોનો, સમાજના સભ્યોનો તેમજ સોનગઢ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ અમદાવાદના વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો અને સૌ અલ્પાહારની મજા માણીને છૂટા પડ્યા હતા.

રજનીકાંત પારેખ
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

ચાતુર્માસને સાર્થક કરતું ગૌરવવંતુ અધ્યાત્મસાહિત્ય

❊ સ્વામી સચ્ચિદાનંદ

મહાન રામાનુજાચાર્ય	280
સંત 'પુનિત'નો જીવનસંઘર્ષ	400
સમર્થ સ્વામી રામદાસજી	340
માનસ મંગલાચરણ મંથન	125
માનસ મધપૂડો	140
આપણી દુર્બળતાઓ	130
મહાભારત-સાર	450
મહાભારતનું ચિંતન	450
રામાયણનું ચિંતન	300
વાલ્મીકિ-રામાયણ-સાર	400
સંસાર-રામાયણ	750
શ્રીકૃષ્ણલીલારહસ્ય (પુરસ્કૃત)	350
વેદાન્તસમીક્ષા	175
ગીતા અને આપણા પ્રશ્નો	200
ત્યાગ-અહિંસા-આતંકવાદ	170
ચાલો, અભિગમ બદલીએ (પુરસ્કૃત)	180
ભારતીય દર્શનો	180
ધર્મ	150
શિવતત્ત્વનિર્દેશ	160
શું ઈશ્વર અવતાર લે છે?	75
અગવડોમાં આરાધના	60
ભાગવતનું ચિંતન	190
ગીતાજીનું ચિંતન	900
બૌદ્ધ ધર્મ ચિંતન	220
બુદ્ધ-જાતક-ચિંતન 1-2	840
પ્રશ્નોના મૂળમાં	250
વિષ્ણુસહસ્રનામ : ખંડ-1-2	600
હનુમાનચાલીસા	80
શ્રી કબીરજીનું ચિંતન	190
ગંગાસતીની અમરવાણી	390
ખોટા ઉપદેશોનાં ખોટાં પરિણામ	70

❊ ભાણદેવ

શ્રી રામકથાનું સ્વરૂપ	200
ભક્ત નરસિંહનું અધ્યાત્મદર્શન	300
શ્રીમદ્ ભાગવતનાં પાત્રો	350
મહારાજ પરીક્ષિત	75
શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે	500
સર્વ અવતારોની કથા	300
અધ્યાત્મરહસ્ય	135
શ્રી કૃષ્ણની અલૌકિક લીલા	280
હિમાલયમાં ઉદ્ધવજીની કૃષ્ણકથા	500

❊ યશોધર મહેતા

અગમનિગમ	13
શ્રી મન્નુશસહાચાર્ય	14

❊ ભદ્રાયુ વછરાજાની

અર્વાચીન પ્રશ્નોપનિષદ : પૂછે તે પામે	180
મન જંજીર, મન ઝાંઝર	130

❊ નાથાલાલ ગોહિલ

અંતરકા પટ ખોલ	160
સંતો ! અનહદનાદ સુનાયા	250
ભારતીય સંતપંથ અને સામાજિક ઉત્તરદાયિત્વ	370
વરસે ધરતી, ભીંજે આસમાન	200
અંધારાં ભેદતો ઉજાસ	180

❊ સ્વામી અધ્યાત્માનંદ


ગીતા નવનીતમ્ (પુરસ્કૃત)	125


❊ દર્શના ધોળકિયા

મહાભારત ચરિત્રવિમર્શ	120
શ્વાસમાં વાગે શંખ (પુરસ્કૃત)	225

❊ મૃદુલા મારફતિયા

છાંદોગ્ય ઉપનિષદ (પુરસ્કૃત)	350
ગીતા જીવનની આચારસંહિતા	180
તૈત્તિરીયોપનિષદ	130
બૃહદારણ્યક ઉપનિષદ	110





ધર્મ, વિજ્ઞાન અને અધ્યાત્મ	ડૉ. સુધીર વી. શાહ	200
શ્રીકૃષ્ણનું સુ-દર્શન	ગૌતમ પટેલ	225
પ્રવાસ ભીતરનો	સેજલ શાહ	125
ગીતા-અનુસરણ	શિલીન નંદુભઈ શુક્લ	450
ભક્તિયોગ અને ધર્મચિંતન	જ્યોતીન્દ્ર હ. દવે	100
આનંદલહર	સદ્‌ગુરુ	290
ઉપનિષદ-રહસ્ય	જયકિશનદાસ સાદાની	50
જ્ઞાની અને વિજ્ઞાની	પંકજ શાં. જોષી	270
શૈવ ઉપનિષદો	ડૉ. મધુસૂદન એમ. વ્યાસ	360
અધ્યાત્મરહસ્ય અને આત્મદર્શનની દિવ્યસાધના	કનૈયાલાલ પંડ્યા	225
જ્ઞાતથી અજ્ઞાત ભણી	રમેશ સંદેરી	100
જ્યાં પગ મૂકું ત્યાં તીરથ	પ્રતાપભાઈ ત્રિવેદી	130
રામાયણ (તમિલ)	સી. રાજગોપાલાચારી	300
અખેદાસની અખેવાણી	ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય	100
પિછાણ તારા પંડને	જી. કે. મંકોડી	400
નામસ્મરણ અને જપ	સંક. હરેશ ધોળકિયા	100
ભજગોવિંદમ્ (આદિ શંકરાચાર્યરચિત)	સંક. પ્રસાદ બ્રહ્મભટ્ટ	250

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

Website : www.gurjarbooks.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com


શ્રી કીર્તિભાઇ કેશવલાલ સંઘવીની જીવનયાત્રા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના સ્વાતંત્ર્ય દિનના ધ્વજવંદન કાર્યક્રમના મુખ્ય મહેમાન **શ્રી કીર્તિભાઇ કેશવલાલ સંઘવી** હતા કે જેમના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. તેઓશ્રી મૂળ કચ્છના વાગડ વિભાગના ફતેહગઢના વતની છે પરંતુ તેમનો જન્મ ભુજમાં થયેલ હતો. તેઓશ્રીનું નાનપણ ભુજમાં પસાર થયું કે જ્યાં તેઓએ અતિ સંઘર્ષમય જિંદગી વિતાવી સફળતાની કેડી તરફ આગળ વધ્યા હતા. આગળ જતાં તેઓએ સારી એવી આર્થિક તાકાત મેળવી અને લોકોની સારી એવી સામાજિક તથા આર્થિક પ્રશ્ને સેવા કરી જીવનમાં ખૂબ ઉચ્ચ શિખરે બિરાજમાન થયા.

વર્ષ ૨૦૧૨થી તેઓએ અમદાવાદને કર્મભૂમિ બનાવી પ્રગતિપથના શિખરે આગળ વધવાનું ચાલુ રાખ્યું.

તાજેતરમાં અમદાવાદના માનસી સર્કલ પાસે વાગડ બે ચોવીસી સમાજનું જે ભવ્ય મકાન ઊભું કરવામાં આવ્યું તેમાં તેઓનો આર્થિક સહકાર તો અનેરો રહેવા પામેલ જ હતો પરંતુ સાથે સાથે તેઓશ્રીએ આ પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી નિભાવી, તેને સમયસર પરિપૂર્ણ કરાવેલ હતો.

'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે તેમની અત્યાર સુધીની જીવનયાત્રા અત્રે રજૂ કરવામાં આવેલ છે કે જે કોઈના પણ માટે પ્રેરણાદાયી બની રહેશે.



આદરણીય શ્રી કીર્તિભાઇ કે. સંઘવી

સમયના સાગરે તરેલું જીવનમોતી, સંઘર્ષમાંથી સર્જન અને સર્જનમાંથી સેવા સુધીની યાત્રાના પ્રેરણાસ્રોત આદરણીય શ્રી કીર્તિભાઈ.

૧૪મી માર્ચ ૧૯૬૨ના રોજ કચ્છની પાવન ભુજ ભૂમિ પર એક સંસ્કારી પરિવારના જયેષ્ઠ પુત્ર તરીકે તેમનો જન્મ થયો. પૂજ્ય માતુશ્રી અને વંદનીય બાપુજી પાસેથી તેઓ જીવનનો સૌથી મોટો મંત્ર પામ્યા : સંતોષથી જીવો, પણ પુરૂષાર્થના પંથે કદી પાછા ન વળો.

જીવનના પ્રારંભિક દિવસો તપ અને ત્યાગના હતા. ૧૯૭૭થી ૧૯૯૦ સુધી ખારીસિંગ અને વેફરની ફેરીથી માંડીને એક રૂપિયા માટેના પરસેવા સુધીની સફર તેમણે કરી. પરંતુ પ્રતિકૂળતાએ તેમને તોડ્યા નહીં. દૃઢ નિશ્ચય સાથે તેમણે શેરબજારના અગાધ સાગરમાં ઝંપલાવ્યું. તેજી અને મંદીની સર્પસીડી વચ્ચે પણ બજારનો ભરોસો અને લોકોનો વિશ્વાસ, એ જ તેમની સાચી મૂડી બની.

૨૦૦૧નું વર્ષ તેમના જીવનમાં સુવર્ણ સૂર્યોદય લઈને આવ્યું. રેલિટ્રેડ સ્ટોક બ્રોકિંગ પ્રા.લિ.ના સ્થાપક તરીકે તેમણે વ્યાપારમાં નવું શિખર સર કર્યું. ૨૦૧૨થી અમદાવાદને કર્મભૂમિ બનાવી NSE - BSE - MCX ની કાઉન્સેલિંગ મેમ્બરશિપ પ્રાપ્ત કરી.

સમાજ અને ધર્મના ક્ષેત્રે પણ તેમનું યોગદાન અવિસ્મરણીય છે.

૨૦૧૦માં શ્રી ભુજ સમાજના પ્રમુખપદે.

૨૦૧૮માં શ્રી અમદાવાદ સમાજના પ્રમુખપદે તેઓ બિરાજમાન થયા.

શ્રી ભુજ મહાવીર જૈન બોર્ડિંગના ઉપપ્રમુખ.

શ્રી વડાવરી માતાજી પરમધામના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ.

માનસી સર્કલ પાસે બનેલ વિશાળ અને ભવ્ય વી.બી.સી. સંકુલના યશસ્વી કન્વીનરશ્રી અને હાલમાં સમસ્ત વી.બી.સી. મોટા સમાજના યશસ્વી પ્રમુખશ્રી તરીકે સમગ્ર સમાજનું ગૌરવપૂર્ણ નેતૃત્વ કરી રહ્યા છે.

પૂજ્ય ભિક્ષુ સ્વામી અને ગુરૂદેવ આચાર્યશ્રી મહાશ્રમણજીની કૃપાથી સમસ્ત ગુજરાતના પ્રથમ ઐતિહાસિક મર્યાદા મહોત્સવના અધ્યક્ષપદે તેમની વરણી થઈ. તેને તેઓ પોતાના પૂર્વજોના આશિર્વાદનું ફળ માને છે.

કીર્તિભાઈની દ્રઢ માન્યતા છે કે સફળતા કદી એકલાની નથી હોતી. પરિવારની હૂંફ, સમાજનો સાથ અને જૈન ધર્મના સંસ્કારો એ જ તેમના જીવન મંદિરનો પાયો છે.

સંઘર્ષ, સમર્પણ અને સેવાનું બીજું નામ એટલે કીર્તિભાઈ.

સમય, દોસ્ત અને પરિવાર એવી વસ્તુ છે કે જે મફતમાં મળે છે;
પરંતુ તેની કિંમત ત્યારે ખબર પડે છે કે જ્યારે તે ખોવાઈ જાય છે.

ડૉ. ગાર્ગીબેન વસાવડા

બી.એસ.એ.એમ.

ઓનલાઈન આયુર્વેદિક સલાહ

તમારા આરોગ્ય માટે હવે ઘર બેઠા મેળવો નિષ્ણાત સલાહ

- ☞ આયુર્વેદિક સારવાર
- ☞ વાળ અને ત્વચાની કાળજી
- ☞ પંચકર્મ થેરાપી
- ☞ ઓનલાઇન કન્સલ્ટેશન

• અહિંયા પણ મળશે •

આયુર્વેદ વિભાગ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી.

સોમવારથી શનિવાર : સવારે ૧૦ થી ૧

આજે જ એપોઇન્ટમેન્ટ બુક કરો : 98980 10809

વેબસાઈટ : www.ayuraksha.com

ઈ-મેઈલ id : ayurakshaofficial@gmail.com

|| *Jai Jinendra* ||

Ankit Shah

9512791651

SAMBHAV

MEDICAL STORES

GOVERNMENT APPROVED DRUGGIST & CHEMIST

Kidney, Cancer, Diabetes, B.P. &
All Life Saving Medicines
Surgical Items &
Expensive Injections are available at

SPECIAL RATE

FREE HOME DELIVERY on
Medicines of Rs. 1500/- Within 3 Km Area
Upto20% Discount on Medicine
on Purchase of Rs. 1500/- & Above

GF-3, Oasis Complex, Off Ankur School,
Fatehpura, Paldi, Ahmedabad-380 007.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ ★ વયસ્ક સમિતિનો કાર્યક્રમ

વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ ૧૬ ઓગસ્ટ ને રવિવારે બપોરે ૩.૦૦ વાગ્યે પાલડી ભવન ખાતે યોજાઈ ગયો.

શરૂઆતમાં કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સૌને આવકાર્યા.

પ્રથમ આજનો કાર્યક્રમ શરૂ કરતા અગાઉ સમાજના સભ્ય વિમળાબેન શાંતિલાલ રાંભિયા (શાહ) અને શ્રી મેઘજીભાઈ કચરાભાઈ છેડાના દુ:ખદ અવસાન નિમિત્તે બે મિનિટનું મૌન પાળીને તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

શ્રી જયોતેન્દ્ર સંઘવી દ્વારા નિર્મિત સ્વાતંત્ર્ય સંગ્રામ અંગે એક ટૂંકી ફિલ્મની રજૂઆત કરવામાં આવેલ હતી. આ ફિલ્મમાં આપણા સૈનિકો કેટલી તકલીફો ભોગવીને દેશની રક્ષા કરે છે તેનો ચિતાર આપવામાં આવ્યો હતો.

શ્રી ચંદનસિંહ દ્વારા રાજ કપૂરના પિક્ચર "શ્રી ૪૨૦"ની પ્રસ્તુતિ એકશન સાથે કરવામાં આવી હતી તેમજ તેઓ દ્વારા અભિનેતા પ્રાણે "ઉપકાર" ફિલ્મમાં અભિનિત કરેલ ગીત "કસમે વાદે પ્યાર વફા"ની અદાકારી કરેલ હતી. આ અભિનય તેમનો કાબિલે દાદ હતો.

અંગદાન અંગે એક ભાવાત્મક ફિલ્મ "ફિર જિંદગી" પ્રસ્તુત કરવામાં આવેલ હતી. આ ચલચિત્રમાં રત્ના પાઠક, નસીરુદ્દીન શાહ અને અન્ય કલાકારોનો અભિનય કાબિલે દાદ હતો.

અંતમાં શ્રી ચંદનસિંહે "મેરા નામ જોકર" ફિલ્મના "એ ભાઈ... જરા દેખકે ચલો..." ગીત ઉપર અભિનયના અજવાળા પાથર્યા હતા.

ફરીથી "પ્રક્ષાલની કહાની" નામની ટૂંકી ફિલ્મમાં "જૈન ધર્મ"ની મહાનતા અને આજના સમયમાં પણ માતા-પિતા સંતાનો માટે કેટલો ભોગ આપે છે એ જોઈને સૌ દિગ્મુઢ થઈ ગયા.

ત્યારબાદ સૌને પ્રિય એવી હાઉસીની રમત રમાડવામાં આવેલ હતી.

રાષ્ટ્રગીતના ગાન બાદ સૌ વડીલો ભાવતા ભોજન લઈને અલક-મલકની વાતો કરતાં કરતાં છૂટા પડ્યા.

આજના આ કાર્યક્રમમાં નીચે પ્રમાણે અનુદાન પ્રાપ્ત થયેલ હતું.

રૂા. ૧૧,૦૦૦/- ભદ્રાબા વાઘેલા તરફથી તેમના પૌત્ર દેવરાજને હાયર સેકન્ડરીની પરીક્ષામાં ૯૦+ માર્કસ આવ્યા તેની ખુશાલીમાં.

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ તરફથી તેમની આગામી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૫,૦૦૦/- શ્રી રજનીકાંત પારેખ તરફથી તેમના જન્મ દિવસ નિમિતે.

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી નિર્મળાબેન નરેન્દ્ર કોઠારી અને શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી – બંનેના જન્મ દિવસ નિમિત્તે.

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે.

રૂા. ૩,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન કમલેશભાઈ શાહ (સિમેન્ટવાળા) તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે

રૂા. ૨,૫૦૦/- શ્રી શૈલેષ ધારશીભાઈ સંઘવી તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે.

રૂા. ૨,૧૦૦/- શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે.

કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૧૮

રજનીકાંત પારેખ
કન્વીનર, વયસ્ક સમિતિ

પર્વાધિરાજ પર્યુષણ : આત્મશુદ્ધિનો અવસર

(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)

ઈશ્વર બની જશે. જૈન ધર્મ કહે છે કે, 'તું મહાવીરને માર્ગે જા, તો તું પણ મહાવીર બની શકે છે.' એને માટે એટલી જ પ્રાર્થના કરવાની હોય કે બહારની આંખોથી થતું મારું દ્વેષદર્શન, દોષદર્શન અને દૂરિતદર્શન બંધ થઈ જાય અને મારા અંતરની એક એવી આંખ ખોલી આપ કે જેને પરિણામે એ અનુભવ થાય કે દેહ અને આત્મા ભિન્ન છે. દેહ સાધન છે, આત્મા સાધ્ય છે. અને એ સાધ્યનો પથ તપ, ત્યાગ, અહિંસા અને સંયમથી ભરેલો છે. દેહને વળગી રહી આત્માનું અસ્તિત્વ ભૂલી જવું એ જીવનદ્રોહ છે. જ્યારે દેહની અતિ આળપંપાળ કરવી એ ધર્મદ્રોહ છે. આત્માને ઓળખવા માટે પર્યુષણના દિવસોમાં શુદ્ધ ભાવો તરફ પ્રયાણ કરવાનું છે, કારણ કે જૈન ધર્મ એ આત્મધર્મ છે. સંયમ એની લિપિ છે, અહિંસા તેની પરિપાટી છે, અસ્તેય એનો વ્યવહાર છે, અપરિગ્રહ એનો સંદેશ છે, અનેકાંત એની પરિભાષા છે, આત્મઓળખ એ એનો મૂળ સિદ્ધાંત છે. આ સહુને પામીને આજે આત્માની સમીપ જઈને ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિના માર્ગ આગળ ડગ માંડીએ, એ જ પર્યુષણની સાચી આરાધના. ■

કચ્છી બોલી
ધ્વનિશાસ્ત્રના આધારે કચ્છીનું અર્વાચીન વ્યાકરણનું વિવરણ

લેખક : દોશી મહેન્દ્ર સાકરચંદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આદરણીય સભ્ય અને જેઓએ સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નું પ્રકાશન ભૂતકાળમાં સંભાળેલ, એવા **શ્રી મહેન્દ્રભાઈ દોશી** કચ્છી બોલીના વ્યાકરણના તજજ્ઞ છે. તાજેતરમાં જ તેમના દ્વારા કચ્છી બોલીના અર્વાચીન વ્યાકરણનું વિવરણ તૈયાર કરવામાં આવેલ છે કે જેને કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતના અનુસંધાને કચ્છી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા અને મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવના અભિપ્રાય અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ દોશીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

રજનીકાંત પારેખ
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

હિરેન કે. શાહ
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

★

કચ્છ એની આગવી ભૌગોલિક સ્થિતિ અને સાંસ્કૃતિક તથા પ્રાકૃતિક પહેરવેશ ધરાવતો વિશિષ્ટ પ્રદેશ છે. કશ્યપ ઋષિ સાથેનો સંદર્ભ ધરાવતા આ અતિ પ્રાચીન સંસ્કૃતિ, ભૂકંપ નિયતિ એની પ્રજાને દેશની અન્ય પ્રજાઓની સરખામણીમાં વધુ પરાક્રમી અને સહનશીલ બનાવે છે. આપણી આ ભાષાને ધીંગી ધરાએ સંતો, સતીઓ અને શૂરાઓની લગોલગ શ્રેષ્ઠ સર્જકો પણ આપ્યા છે. કચ્છી સાહિત્યકાર ગુજરાતીમાં લખે છે અને કચ્છીમાં સર્જન કરે છે. કચ્છીભાષાના ધ્વનિ-ઘટકોના ધ્વનિશાસ્ત્રના આધારે અર્વાચીન વ્યાકરણના સંશોધક તરીકે મહેન્દ્રભાઈ દોશીએ આશાસ્પદ કાર્ય કર્યું છે. ૨૦૨૨માં શ્રી દોશીએ ભારતીય ભાષા સંસ્થાનનાં સહયોગથી કચ્છીનાં વૈવિધ્યનું સંશોધન કાર્ય કરેલ. જેને ગુજરાતી સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરેલ છે. ગુજરાત સાહિત્ય અકાદમી એમના આ વિશિષ્ટ સંશોધનકાર્યને ગ્રંથસ્થ સ્વરૂપે પ્રસ્તુત કરતાં સ્વાભાવિક રીતે જ સહર્ષ ગૌરવ અનુભવે છે. આ સંશોધનકાર્ય કચ્છી બોલીના સાચા પ્રાદુર્ભાવ અને ઉત્ક્રાંતિનો પરિચય મેળવવા અભ્યાસીઓ તથા વિદ્યાર્થીઓને ઉપયોગી સંદર્ભગ્રંથ તરીકે ગરજ સારશે એવી અપેક્ષા અસ્થાને નથી. હું સંશોધકશ્રીએ ભારે પરિશ્રમપૂર્વક કરેલાં આ સંશોધનકાર્ય બદલ એમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ભાગ્યેશ જહા
અધ્યક્ષ – કચ્છી સાહિત્ય અકાદમી

કચ્છી બોલી પર એકીસાથે બે પાડોશી ભાષાઓનો પ્રભાવ છે. એનો વિકાસ તળભૂમિના લોકસમુદાયની વાચા સ્વરૂપે થયો છે. એટલે એને લિપિબદ્ધ કરવાની જરૂર નહીં જણાઈ હોય. કચ્છના મૂઠી ઊંચેરા સર્જકો ગુજરાતી સાહિત્યના તેમજ કચ્છી સાહિત્યનાં નોંધપાત્ર સીમાસ્તંભો છે. ડૉ. જયંત ખત્રીએ ગુજરાતી વાર્તાને નવો આયામ આપ્યો છે. વિનેશ અંતાણી અને વનુ પાંધીનું નવલકથા ક્ષેત્રે મોટું પ્રદાન છે. કચ્છી બોલીને 'ભાષા'નું ગૌરવ આપવા માટે એના વ્યાકરણની જરૂર ઊભી થાય. સંશોધકો અને અભ્યાસીઓને આ ગ્રંથ ઘણો જ ઉપયોગી નીવડશે તેમજ સંશોધકો માટે પ્રેરક બનશે એવી શ્રદ્ધા સાથે ગુજરાત સાહિત્ય અકાદમી અને વિશાળ વાચક સમુદાય અને વિદ્વદ્ વર્ગ સમક્ષ આ ગ્રંથ રમતો મૂકી કૃતાર્થતા અનુભવે તો એ યોગ્ય જ લેખાશે. હું અકાદમી વતી શ્રી મહેન્દ્રભાઈ દોશીનો હાર્દિક આભાર માનું છું.

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ
મહામાત્ર – કચ્છી સાહિત્ય અકાદમી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

અગત્યની સૂચના : 'મંગલ મંદિર'ના અંક અંગે

દરેક સભ્યને નમ્ર વિનંતી કે આ ફોર્મ ભરી તાત્કાલિક શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ઉપર મોકલી આપવા વિનંતી ***અથવા***

ફોર્મ ભરી ***99986 99626*** *નંબર ઉપર* ***WhatsApp*** *કરવો.*

સભ્યનું નામ	
મોબાઈલ નંબર	
સરનામું (પીન કોડ નંબર સાથે)	
આપને 'મંગલ મંદિર'ના અંકની ફિઝીકલ કોપી (હાર્ડ કોપી) જોઈએ છે કે સોફ્ટ કોપી (PDF) જોઈએ છે?	

રાષ્ટ્રગીત વંદે માતરમ

૧૮૭૫માં જ્યારે ભારત અંગ્રેજોના શાસન હેઠળ હતું ત્યારે બંગાળી લેખક બંકીમચંદ્રએ 'વંદે માતરમ્' ગીત લખ્યું હતું. તે જ વર્ષમાં ૭ નવેમ્બરે તે 'બંગ દર્શન' નામના સામયિકમાં છપાયું હતું. બાદમાં તે ૧૮૮૨માં પ્રસિદ્ધ થયેલા તેમના પુસ્તક 'આનંદમઠ'માં પણ સમાવાયું હતું.

ત્યારબાદના સાત દાયકા સુધી તે રાષ્ટ્રગાનના નંબર-ટુ તરીકે ઓળખાતું હતું.

'જન ગણ મન' સર્વત્ર ફેલાઈ ગયા પછી, ફરી પાછું વંદે માતરમને પ્રાધાન્ય આપીને મોદી સરકારે ભારત માતાની માતૃવંદના કરતા ગીતને આવકાર્યું છે. 'વંદે માતરમમ્નો અર્થ જ એ છે કે 'હે માતા! તમને હું વંદન કરું છું.'

'વંદે માતરમ્' સાથે એક મહત્ત્વની વાત એ પણ છે કે 'વંદે માતરમ્' સૌ પ્રથમવાર ૧૮૯૬માં કોંગ્રેસના સત્રમાં રવિન્દ્રનાથ ટાગોરે ગાયું હતું. જ્યારે ભારતમાં સ્વદેશી મુવમેન્ટ શરૂ થઈ ત્યારે વિદેશી બનાવટની ચીજોનો બહિષ્કાર કરાયો, ત્યારે લોકો 'વંદે માતરમ્' બોલીને પોતાની સફળતાને ઉજવતા હતા. ત્યારથી 'વંદે માતરમ્' સાહિત્ય જગતમાંથી બહાર નીકળીને આઝાદીની ચળવળનો ભાગ બની ગયું હતું.

ભારત વિશ્વનું બીજું સૌથી મોટું સોશિયલ મીડિયા માર્કેટ

વર્ષ ૨૦૨૬ના અહેવાલો મુજબ, ભારત વિશ્વનું બીજું સૌથી મોટું સોશિયલ મીડિયા માર્કેટ છે, જ્યાં યુઝર્સની સંખ્યા ૮૦ કરોડને વટાવી ગઈ છે.

વોટ્સએપ ૬૦ કરોડથી વધુ, યુ-ટ્યુબ ૫૦ કરોડથી વધુ, ઈન્સ્ટા પર ૪૮ કરોડથી વધુ કે જેમાં સમગ્ર જેન-ઝી આવી જાય, ફેસબુક ૪૦ કરોડથી વધુ અને સ્નેપ ચેટનો ઉપયોગ ૨૧ કરોડથી વધુ લોકો કરે છે.

|| JAI GANESHAY NAMAH ||
|| JAY SWAMINARAYAN ||

POOJA AGENCY

AHMEDABAD

204, Manav Complex, Near TRP Mall,
Main Road, Bopal, Ahmedabad - 380 058.
Mobile : 89803 44197, 77780 77764 (Vivek)

DEALERS IN ALL TYPES OF DIALYSIS CONSUMABLES

- DIALYZERS : F6, F8, FX8, DORA, LEPU, NIPRO, POLYMED.
- AVF NEEDLES : DORA, POLYMED, NIPRO
- BLOOD TUBINGS : DORA, ACE CATH, POLYMED
- DIASAFE PLUS, ENDOTOXIN CF NIPRO
- HOT STERILANT, SOD. HYPOCHLORITE SOL.
- EPO INJ: ZYDUS, SERUM INSTITUTE, INTAS
- IRON SUCROSE INJ, FCM INJ
- ON-OFF KIT, SINGLE USE BED SHEETS.
- HUMAN ALBUMIN INJ.
- GENEVAC-B INJ
- HEPARIN 25K, 5K INJ.
- DLC, TLC CATHETER (ABLE-CATH, CARDIOMAC)
- NITRILE AND LATEX GLOVES - VINAYAK HEALTHCARE.

We supply in all areas of Gujarat with Next Day Delivery.

શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"

સેવાઓ :

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)
★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.
★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઈન્ટેલિજન્સ (Multiple Intelligence)
★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)
★ ઈમોશનલ ઈન્ટેલિજન્સ (Emotional Intelligence)
★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)
★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.
★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)
★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)
★ બ્લોકેજીસ સર્વે (Blockages Survey)

વયજૂથ

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :

ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)

સંપર્ક :

સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫
બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩

'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર

Right after the lockdown when everything was coming back to routine, I had difficulty in adjusting to the school atmosphere and going to school. My studies were suffering and so was I as a person.

I had spent two important years of school online and was struggling to adapt to the offline routine.

A new class, new teachers and offline learning brought challenges that felt overwhelming after a prolonged period of virtual learning.

My main contention with my parents and the schooling system was, "When I can learn everything on YouTube, why should I go to school?" My parents tried to explain the importance of attending school, but I was not satisfied.

At that point in time, when I was full of confusion, Dr. Shailendra Gupta's consistent counselling, unwavering support and strong guidance helped me cope with those emotions and confusion, enabling me to move forward.

His techniques helped me adjust to the post-COVID period in a much better way. Thereafter, Dr. Gupta's support in improving my Mathematics was also very useful.

1 would also like to appreciate and thank Shri Kutchi Jain Seva Samaj – Ahmedabad for organizing such counselling sessions as part of their social service.

KJSS has been very effective and efficient in guiding the student community, ensuring that students like me receive the right guidance and are connected with the appropriate counsellors to address their educational and emotional concerns.

Once again, I sincerely thank Shri Kutchi Jain Seva Samaj and Dr. Shailendra Gupta for their constant support.

– Hrida Shital & Deven Meghjibhai Chheda

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

કૌશલ્યથી આત્મનિર્ભરતા તરફ સૌમ્યા ચૌરસિયાની સફર

– હિરેન શાહ



નામ : સૌમ્યા ચૌરસિયા

ઉંમર : ૧૮ વર્ષ

માત્ર ૧૮ વર્ષની ઉંમરે સૌમ્યા ચૌરસિયા પોતાના અભ્યાસની સાથે આત્મનિર્ભર બનવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરી રહી છે. સૌમ્યા હાલમાં કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. તેમના પરિવારમાં માતા-પિતા, બહેન અને સૌમ્યા સહિત કુલ ચાર સભ્યો છે.

અભ્યાસની સાથે કંઈક નવું શીખવાની અને પોતાની આવક ઊભી કરવાની ઇચ્છાથી સૌમ્યાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ (KJSS) સ્કીલ સેન્ટર - ગીતા મંદિર ખાતે બ્યુટી થેરાપિસ્ટ તાલીમમાં જોડાઈ હતી. તાલીમ દરમિયાન તેમણે બ્યુટી પાર્લર ક્ષેત્રને લગતી વિવિધ કુશળતાઓ શીખવાની સાથે વ્યવહારુ જ્ઞાન અને આત્મવિશ્વાસ પણ મેળવ્યો.

તાલીમ પૂર્ણ કર્યા બાદ સૌમ્યાએ પોતાની શીખેલી કુશળતાની ઉપયોગ કરીને ઘરેથી બ્યુટી સેવાઓ આપવાનું શરૂ કર્યું. આજે તેઓ ઘરેથી જ દર મહિને આશરે રૂા. ૨૦૦૦/-ની આવક મેળવી રહી છે. સૌમ્યા માટે આ આવક માત્ર એક રકમ નથી. પરંતુ આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા તરફની તેમની સફરની શરૂઆત છે. કોલેજનો અભ્યાસ ચાલુ રાખીને પોતાની આવક ઊભી કરવાની તક મળવાથી સૌમ્યાને પોતાના ભવિષ્ય માટે વધુ આત્મવિશ્વાસ મળ્યો છે.

સૌમ્યા કહે છે : "બ્યુટી પાર્લરનો કોર્સ કર્યા બાદ હું ઘરેથી જ દર મહિને રૂા. ૨૦૦૦/- જેટલી કમાણી કરી રહી છું. મને આ તાલીમની તક આપવા બદલ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ખૂબ ખૂબ આભાર."

સૌમ્યાની કહાની દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન અને કૌશલ્ય તાલીમ યુવાનોને પોતાની ક્ષમતાને ઓળખવામાં આવે તેને વધુ આવકના સ્રોતમાં પરિવર્તિત કરવામાં મદદરૂપ બની શકે છે. એક નાનકડા કૌશલ્યથી શરૂ થયેલી આ સફર ભવિષ્યમાં વધુ મોટી સફળતા તરફ લઈ જાય તેવી આશા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ સ્કીલ સેન્ટર - ગીતા મંદિર જેવી પહેલો યુવા મહિલાઓને કૌશલ્ય, આત્મવિશ્વાસ અને આજીવિકાની નવી તકો સાથે જોડીને તેમને આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ■

"વહેંચણી" (માઇક્રોફિક્શન)

વૃદ્ધ પિતાના અવસાન પછી ત્રણેય ભાઈઓ ઘરનો સામાન વહેંચવા બેઠા હતા. એક ભાઈએ કબાટ અને ઘરના દસ્તાવેજો સંભાળી લીધા. બીજા ભાઈએ ટીવી, ફ્રીજ અને ગાડી પોતાની પાસે રાખવાનું નક્કી કર્યું. ત્રીજો ભાઈ મૌન રહીને આ બધું જોઈ રહ્યો હતો. વહેંચણી પૂરી થયા પછી અન્ય બંને ભાઈએ પૂછ્યું, 'કેમ ભાઈ, તારે કંઈ નથી જોઈતું?" જેણે કાંઈ ના લીધું એ ભાઈ ઘરના ખૂણામાં પડેલી એક જૂની લાકડી અને તૂટેલા ચશ્મા ઉપાડીને ઊભો થયો. તેની આંખમાં આંસુ હતા. તેણે હળવેકથી કહ્યું, "મારે તો બસ આ જ જોઈએ છે... આ લાકડીના ટેકે બાપુએ મને ચાલતા શીખવ્યું હતું, અને આ ચશ્મા પહેરીને તેમણે મને આખી દુનિયા બતાવી હતી." બંને ભાઈઓ સજ્જડ થઈ ગયા. બધી જ સંપત્તિ હોવા છતાં આજે તેઓ પોતાની જાતને સૌથી ગરીબ અનુભવી રહ્યા હતા. અને ઓરડાના ભારે સન્નાટા વચ્ચે આજે બંનેને સમજાઈ ગયું કે, ભૌતિક સંપત્તિ કરતાં પિતાની સ્મૃતિઓ અને તેમના આશીર્વાદ જ જીવનની સાચી મૂડી છે!

પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ • મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨

સરનામા ફેરફાર

- **પ્રફુલ અરવિંદ શાહ**
  ૫૦૧, હેપી આદેશ ફ્લેટ,
  નાયરા પેટ્રોલ પંપની પાછળ,
  ગોરા-ઘુમા રેલવે સ્ટેશનની સામે,
  ઘુમા, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૪૨૯૫ ૧૨૪૪૫, ૯૪૦૮૪ ૮૧૯૦૯

- **વર્ષા મેહુલ ગાલા**
  ૧૨૩-સી, શક્તિ ટેનામેન્ટ, મોનિ સ્કૂલ પાસે,
  ઈસનપુર ગામ, અમદાવાદ-૩૮૨ ૪૪૩.
  મો. ૮૧૫૫૮ ૪૧૨૭૬

અવસાન નોંધ

- **બુધવાર, તા. ૫-૮-૨૦૨૬**
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી અને દાતા **શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા** (ઉં.વ. ૯૦) (માટુંગા/મુંબઈ – મોટા લાયજા) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

- **બુધવાર, તા. ૧૨-૮-૨૦૨૬**
  શ્રી મેઘજીભાઈ કચરા છેડા (ઉં.વ. ૮૧) (અમદાવાદ – મોટા લાયજા) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

ખાતાનું નામ :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

બેંક :

કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

એકાઉન્ટ નંબર :

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**

IFSC કોડ :

CNRB0017007

સાભાર સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.

સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર

રૂા. ૫૦,૦૦૦/- શ્રી દીપકભાઈ બાવીસ્કર - અમદાવાદ

વયસ્ક સમિતિ

રૂા. ૫,૦૦૦/- શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી શૈલેષકુમાર ડી. સંઘવી - અમદાવાદ
રૂા. ૨,૧૦૦/- શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ - અમદાવાદ

જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૦/- શ્રી મનસુખભાઈ લક્ષ્મણભાઈ પટેલ - અમદાવાદ
રૂા. ૧,૫૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન આર. શેઠ, નીમાબેન એન. શેઠ અને નિધિબેન એન. શેઠ – અમદાવાદ
રૂા. ૬૫૦/- શ્રી સોહેલ દિલ્હીવાલા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી જીજ્ઞેશ રમેશચંદ્ર શાહ - અમદાવાદ

ડાયાલિસિસ સેન્ટર

રૂા. ૩,૦૦૦/- શ્રી કલ્પેશભાઈ શાહ – અમદાવાદ

સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

તા. ૧૭-૦૭-૨૦૨૬થી તા. ૧૮-૦૮-૨૦૨૬ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

૧.	હરખચંદ હીરજી ગડા	મુંબઈ	૧૩-૦૮-૨૬

★ *ના દોસ્તી મોટી, ના પ્રેમ મોટો; એને જે નિભાવે એ જ મોટો.*

★ *જિંદગીમાં આપણી આગળ કે પાછળ કોણ છે એ મહત્ત્વનું નથી, આપણી સાથે કોણ છે એ મહત્ત્વનું છે.*

★ *કુદરતનો નિયમ છે. સારી કે ખરાબ જે રમત બીજા સાથે રમો છો એ જ રમત એક દિવસ તમારી સાથે પણ ચોક્કસ રમાશે.*

★ *પૈસો ભેગો કરવાથી 'સિકંદર' નથી બનાતું, તેને ભોગવવા માટે 'મુકદ્દર' પણ જોઈએ.*

★ *કોઈ પણ સંબંધ વિશ્વાસ કરતાં વધુ એકબીજાની સમજણ પર ટકેલો હોય છે.*

પ્રભુલાલ એમ. સંઘવી • મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

ઉડતી નજરે....

માસ જુલાઈ-૨૦૨૬ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

ક્રમ	સેવાઓ	લાભ લેનાર વ્યક્તિઓ
૧.	**શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા** **શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૧૦,૨૬૫**
	જેમાંથી – • શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ **૬૦૭**	
	• સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો **૬૨**	
	• બોડી ચેક-અપ **૨૭૩**	
	• સોનોગ્રાફી **૧,૧૮૦**	
	• ટી.એમ.ટી. **૩૬**	
	• ફિઝીયોથેરાપી **૧,૪૭૮**	
	• ઈકો **૨૬૦**	
	• હોમિયોપેથી **૩૫**	
	• આયુર્વેદ **૨૮૫**	
	• ઑપરેશન **૩**	
	• અન્ય **૬,૦૪૬**	
૨.	**માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૪,૯૮૦**
	જેમાંથી – • પુરુષો **૩૫૬**	
	• સ્ત્રીઓ **૧૮૬**	
	• બાળકો **૧૮**	
	• કેન્ટીન **૪,૪૨૦**	
૩.	**માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૧૧૪**
	જેમાંથી – • પુરુષો **૮૭**	
	• સ્ત્રીઓ **૨૭**	
	• બાળકો ..... **—**	
૪.	**ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૧૨૪**
૫.	**જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૮,૧૧૮**
	જેમાંથી – • શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર **૨,૧૮૯**	
	• મ્યુઝિયમ **૧,૨૩૦**	
	• કેન્ટીન **૪,૩૫૦**	
	• જલારામ અન્નક્ષેત્ર **૨૭૦**	
	• ડિસ્પેન્સરી **૭૯**	
૬.	**શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૫૪૨**

૭.	**નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૮,૧૬૨**
	જેમાંથી – • બોડી ચેક- અપ	**૨૬૩**
	• સોનોગ્રાફી	**૩૨૦**
	• ઑપરેશન	**૯**
	• માઈનોર ઓ.ટી.	**૬**
	• ફિઝિયોથેરાપી	**૧,૮૪૩**
	• અન્ય	**૫,૭૨૧**
૮.	**નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૩૫૨**
૯.	**પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૧,૩૭૪**
	જેમાંથી – • એક્સ-રે	**૧૬૦**
	• સોનોગ્રાફી	**૩૬**
	• બોડી ચેક-અપ	**૧૯૬**
	• ઈકો	**—**
	• અન્ય	**૯૮૨**
૧૦.	**નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**	
	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૪,૮૪૩**
	જેમાંથી – • એક્સ-રે	**૫૩૫**
	• સોનોગ્રાફી	**૨૪૩**
	• ફિઝિયોથેરાપી	**૯૨૪**
	• બોડી ચેક-અપ	**૯૮**
	• ઈકો	**૨૯**
	• માઈનોર ઓ.ટી.	**૧**
	• અન્ય	**૩,૦૧૩**
માસ જુલાઈ – ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ		**૩૮,૮૭૪**

કેટલીક આંકડાકીય માહિતી

★ પૃથ્વી પર ભારત સહિત ૧૯૫ દેશોનું અસ્તિત્વ છે.

★ જગતની વસ્તી ૧૯૦૦માં ૧૬૦ કરોડ હતી જે હવે ૨૦૨૬માં ૮૩૦ કરોડ પર પહોંચી ગઈ છે.

★ ૧૯૬૦ના દાયકામાં જગતની વસ્તી વધારાનો દર વાર્ષિક ૨% હતો તે હવે વાર્ષિક ૦.૮૩% પર પહોંચી ગયો છે.

★ સમગ્ર વિશ્વનો વસ્તી વધારાનો દર ઘટ્યો પણ આર્થિક અસમાનતા વધી છે.

★ અમેરિકાની સરેરાશ વાર્ષિક માથાદીઠ આવક ૯૦,૦૦૦ ડોલર્સથી વધારે છે કે જ્યારે ભારતની સરેરાશ વાર્ષિક માથાદીઠ આવક ૩૦૦૦ ડોલર્સથી પણ ઓછી છે.

★ ભારતમાં બહુ આયામી ગરીબી હેઠળ જીવતા લોકોની સંખ્યા ૨૦૦૫-૨૦૦૬માં ૫૫.૩ ટકા હતી તે ૨૦૨૨-૨૩ના ફાઇનાન્સિયલ વર્ષમાં ઘટીને ૧૧.૨૮ ટકા થઈ ગઈ છે.

★ ભારતમાં ૨૦૨૫ના ફાઇનાન્સિયલ વર્ષમાં પ્રાથમિક, સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશની ટકાવારી અનુક્રમે ૯૦.૯ ટકા, ૯૦.૩ ટકા અને ૭૮.૭ ટકા પર પહોંચી ગઈ છે. જે દર્શાવે છે કે શાળાઓમાંથી વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટની સંખ્યા ઘટી રહી છે.

અતીતના ઓવારેથી.... : મણકો-૩૬

'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૨૬ના અંકની 'અતીતના ઓવારેથી' કોલમના મણકા નં.-૩૫માં આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉદ્‌ગમકાળથી અત્યાર સુધીના ઈતિહાસની અને સમાજના વિસ્તૃતિપણાની માહિતી મેળવી.

'મંગલ મંદિર'ના જૂન-૨૦૨૬ના અંકની 'અતીતના ઓવારેથી' કોલમના મણકા નં.-૩૪માં આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૧૯૭૦થી વર્ષ ૧૯૮૫ સુધીના હોદ્દેદારો તથા કારોબારી સમિતિના સભ્યોના લીસ્ટની માહિતી મેળવી.

વર્ષ ૧૯૮૫માં શ્રી કચ્છી જૈન સેવા સમાજે ગીતા મંદિર પરના સેવા ભવનની ખરીદી કરવાની હોવાથી સંસ્થાનું નવું બંધારણ બનાવ્યું અને તેને ચેરીટી કમિશનરની ઓફિસમાં રજિસ્ટ્રેશન પણ કરાવવામાં આવ્યું. આ સમયથી સંસ્થાનું નામ "શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ"ના બદલે "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" રાખવામાં આવ્યું.

વર્ષ ૧૯૮૯માં પાલડી ખાતે રવિશંકર રાવલનો અંદાજિત ૧૭૦૦ ચો.વારના પ્લોટનો બંગલો ખરીદાતા અને વર્ષ ૧૯૯૪-૯૫માં આ પ્રોજેક્ટને આગળ ધપાવવા મોટી રકમની જરૂરિયાત પડવાથી સંસ્થાના ટ્રસ્ટ મંડળમાં કાયમી ટ્રસ્ટીઓનો ઉમેરો કરવામાં આવ્યો. વર્ષ ૧૯૯૪-૯૫માં શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા કાયમી ટ્રસ્ટી બન્યા.

ઉપરોક્ત વિગતોના અનુસંધાને 'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૨૬ના અંકની 'અતીતના ઓવારેથી' કોલમના મણકા નંબર-૩૬માં આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૧૯૮૫-૮૬થી વર્ષ ૧૯૯૬-૯૭ સુધીના ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા હોદ્દેદારોના નામોનું અવલોકન કરીશું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૧૯૮૫-૮૬થી વર્ષ ૧૯૯૬-૯૭ સુધીના ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા હોદ્દેદારોનું લીસ્ટ

તા. ૨૫-૧૦-૧૯૮૫થી તા. ૩૧-૦૩-૧૯૮૮ સુધી

ટ્રસ્ટ મંડળ (પ્રમોટર ટ્રસ્ટીઓ)

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૪.	શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ	ટ્રસ્ટી
૫.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૬.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	ટ્રસ્ટી
૭.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૮.	શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી	ટ્રસ્ટી
૯.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૦.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૧.	શ્રી વીરેન્દ્ર આસારીયા શાહ	ટ્રસ્ટી

વર્ષ : ૧૯૮૮-૮૯

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ	ટ્રસ્ટી
૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૬.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૭.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૮.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી

૯.	શ્રી હરખચંદ કુંવરજી સાવલા	ટ્રસ્ટી
૧૦.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	માનદ્ મંત્રી
૪.	શ્રી હસમુખ બાબુભાઈ શાહ	સહમંત્રી
૫.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	ખજાનચી
૬.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	સભ્ય
૭.	શ્રી કાંતિલાલ વેલજી સાવલા	સભ્ય
૮.	શ્રી ઝુમખલાલ ચુનીલાલ શાહ	સભ્ય
૯.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	સભ્ય
૧૦.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૧.	શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી	સભ્ય
૧૨.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	સભ્ય
૧૩.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	સભ્ય
૧૪.	શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ	સભ્ય
૧૫.	શ્રી વીરેન્દ્ર આસારીયા શાહ	સભ્ય
૧૬.	શ્રી હરખચંદ કુંવરજી સાવલા	સભ્ય
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	સભ્ય

વર્ષ : ૧૯૮૯-૯૦

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ	ટ્રસ્ટી
૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી દેવજી ધારશી ગાલા	ટ્રસ્ટી
૬.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૭.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૮.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૯.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૦.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	માનદ્ મંત્રી
૪.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સહમંત્રી
૫.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	ખજાનચી
૬.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	સભ્ય
૭.	શ્રી કાંતિલાલ રામજી શાહ	સભ્ય
૮.	શ્રી કાંતિલાલ વેલજી સાવલા	સભ્ય
૯.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	સભ્ય
૧૦.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૧.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	સભ્ય
૧૨.	શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા	સભ્ય
૧૩.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	સભ્ય
૧૪.	શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ	સભ્ય
૧૫.	શ્રી મહેશ કલ્યાણજી શાહ	સભ્ય
૧૬.	શ્રી હસમુખ બાબુભાઈ શાહ	સભ્ય
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	સભ્ય

વર્ષ : ૧૯૯૦-૯૧

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ રામજી શાહ	ટ્રસ્ટી
૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી

Ashish Shah : M. 93761 37765
Parag Shah : M. 72081 22394

Mahavir Trading – Ahmedabad
Brilliant Dyes – Mumbai

DEALS IN DISPOSABLE ITEM & DYES AND CHEMICALS

૬.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૭.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૮.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૯.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૦.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી કાંતિલાલ રામજી શાહ	સહમંત્રી
૫.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	ખજાનચી
૬.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૭.	શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા	સભ્ય
૮.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૯.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	સભ્ય
૧૦.	શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી	સભ્ય
૧૧.	શ્રી ભવાનજી ધનજી દેઢિયા	સભ્ય
૧૨.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય
૧૩.	મગનલાલ મોતીચંદ સંઘવી	સભ્ય
૧૪.	શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ	સભ્ય
૧૫.	શ્રી મહેશ કલ્યાણજી શાહ	સભ્ય
૧૬.	શ્રી શાંતિલાલ મુળજી સાવલા	સભ્ય
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	સભ્ય

વર્ષ : ૧૯૯૧-૯૨

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ રામજી શાહ	ટ્રસ્ટી
૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૬.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૭.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૮.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૯.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૦.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી મહેશ કલ્યાણજી શાહ	સહમંત્રી
૫.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	ખજાનચી
૬.	શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ	સભ્ય
૭.	શ્રી કાંતિલાલ રામજી શાહ	સભ્ય
૮.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૯.	શ્રી જયંતીલાલ વેલજી મોતા	સભ્ય
૧૦.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૧.	શ્રી ભવાનજી ધનજી દેઢિયા	સભ્ય
૧૨.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય
૧૩.	શ્રી મુરજી નરશી શાહ	સભ્ય
૧૪.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	સભ્ય
૧૫.	શ્રી શાંતિલાલ છગનલાલ શાહ	સભ્ય
૧૬.	શ્રી શાંતિલાલ મુળજી સાવલા	સભ્ય
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	સભ્ય

વર્ષ : ૧૯૯૨-૯૩

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ રામજી શાહ	ટ્રસ્ટી

॥ શુભેચ્છા સહ... ॥

ગણેશ ચિક્કી પરિવાર – અમદાવાદ

જયંતીભાઈ નીસર (વડાલા - કચ્છ)

૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૬.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૭.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ટ્રસ્ટી
૮.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૯.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૦.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૧.	શ્રી વિજયસેન રવજી શાહ	ટ્રસ્ટી
૧૨.	શ્રી શાંતિલાલ છગનલાલ શાહ	ટ્રસ્ટી
૧૩.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	ઉપપ્રમુખ
૩.	શ્રી કાંતિલાલ રામજી શાહ	માનદ્ મંત્રી
૪.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સહમંત્રી
૫.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૬.	શ્રી આણંદજી વેલજી વીરા	સભ્ય
૭.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૮.	શ્રી જયંતીલાલ વેલજી મોતા	સભ્ય
૯.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	સભ્ય
૧૦.	શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ	સભ્ય
૧૧.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૨.	શ્રી ભવાનજી ધનજી દેઢિયા	સભ્ય
૧૩.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	સભ્ય
૧૪.	શ્રી મુરજી નરશી શાહ	સભ્ય
૧૫.	શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા	સભ્ય
૧૬.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	સભ્ય
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	સભ્ય

માણસનો સ્વભાવ કંઈક આ પ્રકારનો બની રહે છે :
જે સાથે લઈ જવાનું છે તેને અહીં છોડી રહ્યો છે
અને જે અહીં રહી જવાનું છે,
તેને સાથે લઈ જવાની મથામણ કરી રહ્યો છે.

વર્ષ : ૧૯૯૩-૯૪

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૩.	શ્રી કાંતિલાલ રામજી શાહ	ટ્રસ્ટી
૪.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	ટ્રસ્ટી
૫.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૬.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૭.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ટ્રસ્ટી
૮.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૯.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૦.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૧.	શ્રી શાંતિલાલ છગનલાલ શાહ	ટ્રસ્ટી
૧૨.	શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા	ટ્રસ્ટી
૧૩.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	સહમંત્રી
૫.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૬.	શ્રી આણંદજી વેલજી વીરા	સભ્ય
૭.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	સભ્ય
૮.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૯.	શ્રી જયંતીલાલ વેલજી મોતા	સભ્ય
૧૦.	શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ	સભ્ય
૧૧.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	સભ્ય
૧૨.	શ્રી નીતિન વેલજી પાલાણી	સભ્ય
૧૩.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૪.	શ્રી બાબુભાઈ કેશવજી શાહ	સભ્ય
૧૫.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય

શુભેચ્છા સહ...
મનીષ આર. સાવલા
અરિહંત ઇન્ડસ્ટ્રીઝ, વટવા, અમદાવાદ.

૧૬.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	સભ્ય
૧૭.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	સભ્ય

વર્ષ : ૧૯૯૪-૯૫

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી કાંતિલાલ વેલજી સાવલા	કાયમી ટ્રસ્ટી
૩.	શ્રી જગશી જેઠાભાઈ છેડા	કાયમી ટ્રસ્ટી
૪.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૫.	શ્રી કાંતિલાલ રામજી શાહ	ટ્રસ્ટી
૬.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	ટ્રસ્ટી
૭.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૮.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૯.	શ્રી બાબુભાઈ કેશવજી શાહ	ટ્રસ્ટી
૧૦.	શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા	ટ્રસ્ટી
૧૧.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ટ્રસ્ટી
૧૨.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૧૩.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૪.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૫.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	ટ્રસ્ટી
૧૬.	શ્રી હરખચંદ કુંવરજી સાવલા	ટ્રસ્ટી
૧૭.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	સહમંત્રી
૫.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૬.	શ્રી આણંદજી વેલજી વીરા	સભ્ય
૭.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	સભ્ય
૮.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૯.	શ્રી ખીમજી આણંદજી લોડાયા	સભ્ય
૧૦.	શ્રી ખુશેન્દ્ર ધનજી ધરમશી	સભ્ય
૧૧.	શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ	સભ્ય
૧૨.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૩.	શ્રી ભોગીલાલ કાનજી ત્રેવાડિયા	સભ્ય
૧૪.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય
૧૫.	શ્રી મણિલાલ નાનજી ગાલા	સભ્ય
૧૬.	શ્રી વિજયસેન રવજી શાહ	સભ્ય
૧૭.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	સભ્ય

વર્ષ : ૧૯૯૫-૯૬

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી કાંતિલાલ વેલજી સાવલા	કાયમી ટ્રસ્ટી
૩.	શ્રી જગશી જેઠાભાઈ છેડા	કાયમી ટ્રસ્ટી
૪.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૫.	શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા	ટ્રસ્ટી
૬.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	ટ્રસ્ટી
૭.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	ટ્રસ્ટી
૮.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૯.	શ્રી બંસીલાલ મગનલાલ ગડા	ટ્રસ્ટી
૧૦.	શ્રી બાબુભાઈ કેશવજી શાહ	ટ્રસ્ટી
૧૧.	શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા	ટ્રસ્ટી
૧૨.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ટ્રસ્ટી
૧૩.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૧૪.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૫.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૬.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	ટ્રસ્ટી
૧૭.	શ્રી હરખચંદ કુંવરજી સાવલા	ટ્રસ્ટી
૧૮.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

• શુભેચ્છા સહ •
વિશનજી ઉમરશી ગડા – કોડાય

કારોબારી સભ્યો

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	સહમંત્રી
૫.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૬.	શ્રી આણંદજી વેલજી વીરા	સભ્ય
૭.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	સભ્ય
૮.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૯.	શ્રી ખુશેન્દ્ર ધનજી ધરમશી	સભ્ય
૧૦.	શ્રી દામજી હીરજી સંગોઈ	સભ્ય
૧૧.	શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ	સભ્ય
૧૨.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૩.	શ્રી ભોગીલાલ કાનજી ત્રેવાડિયા	સભ્ય
૧૪.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય
૧૫.	શ્રી મણિલાલ નાનજી ગાલા	સભ્ય
૧૬.	શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા	સભ્ય
૧૭.	શ્રી હીરાલાલ સાકરચંદ દોશી	સભ્ય

વર્ષ : ૧૯૯૬-૯૭

ટ્રસ્ટ મંડળ

ક્રમ	ટ્રસ્ટીઓના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી કાંતિલાલ વેલજી સાવલા	કાયમી ટ્રસ્ટી
૩.	શ્રી જગશી જેઠાભાઈ છેડા	કાયમી ટ્રસ્ટી
૪.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	ટ્રસ્ટી
૫.	શ્રી આણંદજી વેલજી વીરા	ટ્રસ્ટી
૬.	શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા	ટ્રસ્ટી
૭.	શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા	ટ્રસ્ટી
૮.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	ટ્રસ્ટી
૯.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	ટ્રસ્ટી
૧૦.	શ્રી બાબુભાઈ કેશવજી શાહ	ટ્રસ્ટી
૧૧.	શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા	ટ્રસ્ટી
૧૨.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ટ્રસ્ટી
૧૩.	શ્રી મણિલાલ કુંવરજી ગોસર	ટ્રસ્ટી
૧૪.	શ્રી માવજી ધારશી ફુરિયા	ટ્રસ્ટી
૧૫.	શ્રી મુરજી નરશી શાહ	ટ્રસ્ટી
૧૬.	શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા	ટ્રસ્ટી
૧૭.	શ્રી શાંતિલાલ છગનલાલ શાહ	ટ્રસ્ટી
૧૮.	શ્રી હરખચંદ કુંવરજી સાવલા	ટ્રસ્ટી
૧૯.	શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા	ટ્રસ્ટી
૨૦.	શ્રી હીરજી પાસુભાઈ શાહ	ટ્રસ્ટી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યોના નામ	હોદ્દો
૧.	ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા	મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
૨.	શ્રી મુરજી નરશી શાહ	ઉપપ્રમુખ
૩.	શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા	માનદ્ મંત્રી
૪.	શ્રી પ્રતાપ નારાણજી દંડ	સહમંત્રી
૫.	શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી	ખજાનચી
૬.	શ્રી અશ્વિન હીરજી સાવલા	સભ્ય
૭.	શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા	સભ્ય
૮.	શ્રી કિશોર મુળજી લાલકા	સભ્ય
૯.	શ્રી દામજી હીરજી સંગોઈ	સભ્ય
૧૦.	શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ	સભ્ય
૧૧.	શ્રી પદમશી ચત્રભોજ ડાઘા	સભ્ય
૧૨.	શ્રી પોપટલાલ નેણશી ધરોડ	સભ્ય
૧૩.	શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ	સભ્ય
૧૪.	શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ	સભ્ય
૧૫.	શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર	સભ્ય
૧૬.	શ્રી રસિકલાલ રાયચંદ મહેતા	સભ્ય
૧૭.	શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ	સભ્ય

જેમને બધું ચાલે, એ બધે જ ચાલે.

સૌ કચ્છી જૈનોને હાર્દિક શુભકામનાઓ....

માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વાળા) અમદાવાદ – ભુજ

અલકા - રસિકભાઈ મહેતા ★ નીલમ - રજનીકાંત મહેતા ★ મીના - હસમુખ મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

સુધારો

- 'મંગલ મંદિર'ના ગત અંકમાં તા. ૬-૭-૨૦૨૬થી તા. ૧૧-૭-૨૦૨૬ સુધીના જનરલ સર્જરીના કેમ્પમાં ભૂલથી ડૉ. અપૂર્વ પટેલના કેસ ૩૭ લખાયેલ, તે ખરેખર કુલ પેશન્ટ હતા. જ્યારે ડૉ. અપૂર્વ પટેલના ૧૬ પેશન્ટ અને ડૉ. તપન શાહના ૨૧ પેશન્ટ અને ૩ O.T. પ્રોસીજર થયેલ હતી.

  સ્ત્રી રોગ કેમ્પમાં કુલ ૨૬ દર્દીઓએ ફ્રી કન્સલ્ટેશનનો લાભ લીધેલ હતો. જેમાં ડૉ. હીનાબેનના ૯, ડૉ. કિરણબેનના ૧૧ દર્દીઓ અને રેખાબેનના ૯ દર્દીઓ આવેલ હતા.

તા. ૨૩-૭-૨૦૨૬

- આજે ખૂબ વરસાદ પડવાને કારણે કચ્છી જૈન ભવનના ભોંયરામાં ૬ થી ૭ ફૂટ પાણી ભરાઈ જવાને કારણે ફિઝીયોથેરાપી વિભાગ ઉપર શિફ્ટ કરી શકાય એમ નહોતા એવા Lumbar Traction, Cervical Traction, Treadmill વગેરે સાધનો ખરાબ થઈ ગયા છે અને વાપરી શકાય એવા નથી રહ્યા. ઉપરાંત આ વિભાગના ગાદલા, પલંગો વગેરે પણ ખરાબ થઈ ગયા છે. આયુર્વેદિક વિભાગની અને હોમિયોપેથીક વિભાગની દવાઓ, કબાટો, બધા ડૉક્ટરોની ખુરશીઓ ખરાબ થઈ ગયેલ છે. ઉપરાંત ફાઈલો (પેશન્ટ), રસીઓ, લેબોરેટરીના મશીનની Kits વગેરે સ્ટોરમાં મૂકવામાં આવતું બધું નુકસાન પામેલ છે.

તા. ૨૪-૭-૨૦૨૬

- આજ રોજ વરસાદી પાણી ભરાવાને લીધે અને વધારે વરસાદની આગાહીને લીધે તમામ મેડિકલ સેન્ટરો બંધ રાખવા માટે સંસ્થાના હોદ્દેદારોએ સૂચના આપેલ હતી.

તા. ૨૫-૭-૨૦૨૬

- રવિવારની રજાના દિવસે ભોંયરુ સાફ કરવા માટે આખો દિવસ ચારે સ્વિપરોને બોલાવવામાં આવ્યા હતા. H.O.D. શ્રી પીન્ટુભાઈ પટેલે પણ હાજર રહીને તેમને માર્ગદર્શન આપેલ.

તા. 3-૮-૨૦૨૬

- આજથી તા. ૮-૮-૨૦૨૬ સુધી દાંતનો ફ્રી ચેક-અપ કેમ્પ રાખવામાં આવ્યો. ટ્રીટમેન્ટમાં ૧૦% રાહત આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. જેને સારો પ્રતિસાદ સાંપડેલ હતો. કુલ ૮૪ દર્દીઓએ કેમ્પનો લાભ લીધેલ અને ૫૨ દર્દીઓએ Procedures માં રાહત લીધેલ છે.

તા. ૪-૮-૨૦૨૬

- આજથી ન્યુરોસર્જન ડૉ. હાર્દિક સંઘવી દર મંગળવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦માં આવે છે.

તા. ૧૦-૮-૨૦૨૬

- લેબોરેટરીમાં EM 360 Auto Analyser બગડી ગયું હોવાથી ડૉ. હિતેન્દ્ર શાહની Permission થી H-200 ચાંગોદરથી પાલડી લાવવામાં આવ્યું અને બીજા દિવસે તેનું ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું.

તા. ૧૬-૮-૨૦૨૬

- ડૉ. દેવલ શાહ દ્વારા રૂા. ૧૮,૦૦૦/-વાળું મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

તા. ૨૮-૭-૨૦૨૬

- આજ રોજ ડાયાલિસિસ ડિપાર્ટમેન્ટમાં ડાયાલિસિસ ટેકનિશિયનની નિમણૂંક કરવામાં આવેલ હતી.

તા. ૧-૮-૨૦૨૬

- આજ રોજ જુલાઈ-૨૦૨૬નો ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપવામાં આવેલ હતો. જેમાં ટોટલ ૮૫૧૪ દર્દીઓએ મેડિકલ સેન્ટર તથા ૩૫૨ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લીધેલ હતી.
- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

તા. ૬-૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. હાર્દિક સંઘવી (ન્યુરોસર્જન) દ્વારા બોપલ ખાતે ઓ.પી.ડી. શરૂ કરવામાં આવેલ હતી. તેઓ દર શનિવારે સાંજે ૪ થી ૫ દરમિયાન વિઝીટ કરશે.

તા. ૮-૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. હેમ દેસાઈ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

તા. ૨૦-૭-૨૦૨૬

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયું.

તા. ૨૧-૭-૨૦૨૬

- આજ રોજ જનરલ સર્જન ડૉ. સંદીપ પટેલ દ્વારા Nail Exicision ની પ્રોસીજર થઈ.

તા. ૨૨-૭-૨૦૨૬

- આજ રોજ ઓર્થોપેડિક સર્જન ડૉ. હર્ષિલ પોરિયા દ્વારા Trigger Finger Release ની પ્રોસીજર સફળતાપૂર્વક કરવામાં આવી.

તા. ૨૩-૭-૨૦૨૬

- આજ રોજ જનરલ સર્જન ડૉ. સંદીપ પટેલ દ્વારા કપાસી રીમુવલની પ્રોસીજર કરવામાં આવી.

તા. ૨૫-૭-૨૦૨૬

- ડૉ. આસ્થા શાહ દ્વારા કેમિકલ પીલીંગની પ્રોસીજર થઈ.

તા. ૨૬-૭-૨૦૨૬

- આજે ઓર્થોપેડિક સર્જન ડૉ. હર્ષિલ પોરિયા દ્વારા DQ ની પ્રોસીજર કરવામાં આવી.

તા. ૨૮-૭-૨૦૨૬

- આજે જનરલ સર્જન ડૉ. સંદીપ પટેલ દ્વારા Sebaceous Cyst રીમુવલ અને Nail Excision ની પ્રોસીજર કરવામાં આવી.

તા. ૩૦-૭-૨૦૨૬

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા જશોદાનગરના સ્ટાફ માટે CPR ની ટ્રેનિંગ યોજવામાં (કન્ડક્ટ કરવામાં) આવેલ. આ ટ્રેનિંગ ડૉ. હર્ષા મકવાણા તથા ડૉ. પ્રતીક્ષાએ પ્રેક્ટીકલ ડેમો આપીને તમામ સ્ટાફને પ્રેક્ટિસ કરાવી હતી.

તા. ૩૧-૭-૨૦૨૬

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને તેમણે સેન્ટરની કામગીરી વિશે માહિતી મેળવી તથા રેડિયોલોજિસ્ટ ડૉ. વત્સલ અખાની સાથે મળીને વાતચીત કરી.

તા. ૧-૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. કોમલ દવેએ જુલાઈ મહિનાનો મંથલી ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપ્યો. જેમાં કુલ ૪૮૪૩ દર્દીઓએ સેન્ટરની મુલાકાત લીધી અને સેવાનો લાભ લીધો.
- આજ રોજ ગાયનેક ઓ.પી.ડી.માં ડૉ. કલ્પના શાહની નિમણુંક થઈ. જે દરરોજ સવારે ૯.૦૦થી ૧૦.૩૦ દરમિયાન ઓ.પી.ડી.માં મળશે.

તા. ૫-૮-૨૦૨૬

- આજ રોજ ઓર્થોપેડિક ડૉ. હર્ષ શાહની નિમણુંક થઈ. ડૉ. હર્ષ શાહ મંગળ, બુધ અને શુક્રવારે બપોરે ૩.૦૦થી ૪.૩૦ દરમિયાન ઓ.પી.ડી.માં મળશે.

તા. ૬-૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.
- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. તેમણે સેન્ટરના માર્કેટિંગ પ્લાન વિશે ચર્ચા કરી.

તા. ૧૧-૦૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ (ઓપ્થેલ્મોલોજિસ્ટ) દ્વારા Chalazion ની પ્રોસીજર સફળતાપૂર્વક થઈ.

તા. ૧૨-૦૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. આસ્થા શાહ (ડર્મેટોલોજિસ્ટ) દ્વારા સ્કીન પરના મસા દૂર કરવાની પ્રોસીજર થઈ.

તા. ૧૪-૦૮-૨૦૨૬

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. તેમણે સેન્ટરનું માર્કેટિંગ વધારવાની અને જરૂર પડે તો અલગ અલગ સ્પેશિયાલિટીના ફ્રી કેમ્પ કરવાની સૂચના આપી.

ભારતમાં વૃદ્ધોની સૌથી વધુ સંખ્યા કેરળમાં છે

સૌથી વધુ ઉંમરલાયક લોકો જ્યાં રહેતા હોય તે ભારતનું રાજ્ય કેરળ છે. એક અંદાજ અનુસાર ૨૦૩૬ સુધીમાં ભારત દેશમાં વૃદ્ધોની સંખ્યા ૨૩૦ મિલિયનને વટાવી જશે.

સામાન્ય રીતે હાલે ભારતના રાજ્યોમાં વૃદ્ધોની સંખ્યા ૧૨.૯ ટકા જેટલી જોવા મળે છે. જ્યારે કેરળમાં આ સંખ્યા ૨૦.૭ ટકા છે. કેરળમાં દર પાંચ વ્યક્તિએ એક વ્યક્તિ ૬૦ વર્ષ વટાવી ગયેલી વૃદ્ધ છે.

કહેવામાં આવે છે કે કેરળમાં ૨૦૩૬ સુધીમાં દર દસ વ્યક્તિએ ચાર વ્યક્તિ વૃદ્ધો હશે.

કેરળની સરકારે નર્સિંગ કોલેજો અને હોસ્પિટલોમાં કેર ગીવર્સ – વૃદ્ધોની સંભાળ કેવી રીતે રાખવી તે શીખવાડતા કોર્સિસ પણ શરૂ કર્યા છે. ■

જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

એક ઉપયોગી શોધ : સાબુ

સ્વચ્છતા માટે સાબુ આપણી રોજિંદી જરૂરિયાત છે. હજારો વર્ષથી સાબુનો ઉપયોગ થાય છે. હજારો વર્ષ પૂર્વે પ્રાચીન બેબીલોનમાં સાબુ વપરાતો, તેના અવશેષો મળ્યા છે. તે જમાનામાં સાબુ કિંમતી ચીજમાં ગણાતો. રાજા-મહારાજા અને શ્રીમંતો જ તેનો ઉપયોગ કરતા. સાબુની શોધ કોઈ વૈજ્ઞાનિકે કરી તેવું ક્યાંય નોંધાયું નથી. પુરાણકાળમાં રોમન સંસ્કૃતિમાં માઉન્ટ સેમ્પો નામના પર્વત પરના મંદિરમાં લોકો પશુઓની બલિ ચઢાવતા. પર્વત પરના પ્રાણીઓમાંના મૃતદેહોની ચરબી નદીના પ્રવાહમાં ભળતી. તેનાથી કપડાં સારાં ધોવાતા. રોમનોએ આ વાત જાણ્યા પછી પેલા પર્વતના નામ પરથી તેને 'સોપ' કહેતા. પ્રાચીન મિસરમાં સુગંધીદાર તેલ અને અત્તર ભેળવીને સુગંધી સાબુ બનતા. આજે ઉપયોગમાં લેવાય છે તેવા સાબુ ઈ.સ. ૧૭૬૧માં ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી નિકોલસ બેબ્લાકે શોધ્યો છે. તેણે મીઠામાંથી સોડા એશ બનાવી, તેમાં ચરબી અને તેલનો ઉપયોગ કરી તેલિયા સાબુ બનાવવાનો ઉદ્યોગ શરૂ કરેલો.

આજે અલગ અલગ સાઈઝ અને આકારના અલગ અલગ ઉપયોગમાં લેવાય તેવા ૫૭ પ્રકારના સાબુઓ બજારમાં મળી રહ્યા છે. હાથ ધોવાના, વસ્ત્રો ધોવાના, રેશમી અને મુલાયમ વસ્ત્રો માટેના, ચામડીને સુંવાળી બનાવવાના, કોઈ વિશેષ ચામડીની બીમારી માટેના તથા સ્નાન માટે અનેક જાતની સુગંધો ધરાવતા સાબુઓ મળી રહ્યા છે.

ઇલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર શું છે? તે શું કામ કરે છે?

ઈલેક્ટ્રિક વડે ચાલતા વિવિધ સાધનોમાં જુદી જુદી માત્રાનો વીજપ્રવાહ વપરાય છે. આપણે ઘરે કે ઓફિસમાં આવતો વીજપ્રવાહ અત્યંત શક્તિશાળી હોય છે. ટી.વી., ફ્રીઝ, ઈસ્ત્રી કે માઈક્રોવેવ ઓવનને વિવિધ માત્રાનો વીજપ્રવાહ જોઈએ. વળી પાવર હાઉસમાં ઉત્પન્ન થતી વીજળીને જુદા જુદા વિસ્તારોમાં અનુકૂળ યાત્રા કરીને મોકલવી પડે. તે માટે ટ્રાન્સફોર્મર ઉપયોગી થાય છે. ટ્રાન્સફોર્મર એટલે રૂપાંતરીત કરતું સાધન.

ટ્રાન્સફોર્મર વિના આપણે વીજળીનો ઉપયોગ કરી શકીએ નહીં. કેટલાક સાધનોમાં ટ્રાન્સફોર્મર હોય છે. તે જરૂર પૂરતો વીજપ્રવાહ મેળવે છે. ટ્રાન્સફોર્મરની શોધ માઈકલ ફેરાડેએ કરી હતી. તારના ગૂંચળામાંથી વીજપ્રવાહ પસાર થાય ત્યારે તેને અવરોધ ઊભો થાય છે. આ અવરોધ કોઈલ કે ગૂંચળામાં રહેલા તારની સંખ્યા અને જાડાઈ ઉપર આધારિત છે. વીજ પુરવઠા માટેની વીજ લાઈનમાં ઘણા સ્થળોએ ટ્રાન્સફોર્મર મૂકેલા જોવા મળે છે. ટ્રાન્સફોર્મર ફેરાડેસ લૉ ઑફ ઈલેક્ટ્રો મેગ્નેટીક ઈન્ડક્શનના નિયમના આધારે કામ કરે છે. ગૂંચળામાં વીજપ્રવાહ વહે ત્યારે તેની આસપાસ બીજું ઈલેક્ટ્રિક ફિલ્ડ રચાય છે. આ ફિલ્ડ બીજા ગૂંચળાના સંપર્કમાં આવી તે ગૂંચળામાં ઓછી માત્રાનો વીજપ્રવાહ પેદા કરે છે. ટ્રાન્સફોર્મરમાં નજીક નજીક રહે તેવી બે કોઈલ હોય છે. ટ્રાન્સફોર્મરમાં સિંગલ ફેઝ, ટુ ફેઝ, થ્રી ફેઝ ઉપરાંત વિવિધ સાધનોમાં ઉપયોગ માટે અનેક પ્રકારના ટ્રાન્સફોર્મર હોય છે. મોબાઈલના ચાર્જરમાં પણ ટ્રાન્સફોર્મર હોય છે. તે પાવરને એ.સી.માંથી ડી.સી.માં પણ ફેરવે છે. ટ્રાન્સફોર્મરનો સૌથી મોટો ઉપયોગ લાઉડ સ્પીકરમાં થાય છે.

આઠ ગ્રહોની ટૂંકી ઓળખ

ભારતીય લોકોને વૈજ્ઞાનિક કે વાસ્તવિક સત્ય કરતાં તંત્ર-મંત્ર, ચમત્કાર, પરચા કે જ્યોતિષ વિદ્યામાં બહુ જ રસ છે. આ ભાવનાનો દુરૂપયોગ કરી દેશમાં ધર્મના નામે ઘણા પાખંડ ફેલાયા છે. દોરા-ધાગા, તાવિજ અને મૂઠનો કારોબાર ફેલાયો છે. તેમાં ગ્રહો, ગ્રહોનું રાશિ પરિવર્તન મુખ્ય વાત છે. હકીકતમાં આપણને જીવનમાં દુરાગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ જેવા ગ્રહો પીડતા હોય છે. તેની જગ્યાએ આપણે આકાશી ગ્રહોને દોષી ઠેરવીએ છીએ.

અહીં ભૌગોલિક રીતે દરેક ગ્રહની સંક્ષિપ્ત જાણકારી રજૂ કરી છે.

૧. બુધ : બુધ ગ્રહ સૂર્યથી સૌથી નજીકનો ગ્રહ છે. બુધ પર હિલિયમ અને હાઈડ્રોજનનું વાતાવરણ છે. તેનો વ્યાસ ૪૮૭૬ કિ.મી. છે. તે સૂર્યની ફરતે આપણા ૮૭.૯૬ દિવસ જેટલા સમયમાં પ્રદક્ષિણા કરે છે. બુધનો એક દિવસ આપણા ૫૮ દિવસ જેટલો લાંબો છે. બુધને એક પણ ચંદ્ર નથી.

૨. શુક્ર : સૂર્યની સૌથી નજીકના બીજા નંબરનો ગ્રહ શુક્ર પર હાઈડ્રોજન અને કાર્બન ડાયોક્સાઈડનું વાતાવરણ છે. તેનો

વ્યાસ ૧૨,૧૦૭ કિ.મી. છે. તે પૃથ્વીના ૨૨૪.૭ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા કરે છે. શુક્રનો એક દિવસ આપણા ૨૪૩ દિવસ જેટલો લાંબો હોય છે. શુક્રને ચંદ્ર નથી.

૩. પૃથ્વી : આપણે રહીએ છીએ તે પૃથ્વી સૂર્યથી ત્રીજા નંબરનો ગ્રહ છે. તે સૂર્યની ફરતે ૩૬૫.૩ દિવસમાં એક પ્રદક્ષિણા કરે છે. તે પોતાની ધરી પર ૨૩ કલાક અને ૫૬ મિનિટમાં એક ચક્ર પૂરું કરે છે. પૃથ્વીને એક ચંદ્ર છે. જેનો વ્યાસ ૧૨૭૫૫ કિ.મી. છે.

૪. મંગળ : મંગળ લાલ રંગનો ગ્રહ છે. તેના પર નાઈટ્રોજન, ઓક્સિજન અને ઓર્ગોનનું વાતાવરણ છે. મંગળનો વ્યાસ ૬૭૯૪ કિ.મી. છે. તે આપણા ૬૮૬.૯૮ દિવસમાં સૂર્ય ફરતે એક પ્રદક્ષિણા કરે છે. મંગળનો દિવસ આપણા ૨૪ કલાક ૩૭ મિનિટ જેટલો છે. મંગળને ત્રણ ચંદ્ર છે.

૫. ગુરૂ : સૂર્યમાળાનો સૌથી મોટો ગ્રહ ગુરૂ છે. ત્યાં હાઈડ્રોજન અને હિલિયમનું વાતાવરણ છે. ગુરૂનો વ્યાસ ૧૪૨૯૮૩ કિ.મી. છે. ગુરૂ આપણા ૪૩૩૨ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા કરે છે. તેનો ૧ દિવસ ૯ કલાક ૫૫ મિનિટનો છે. ગુરૂને ૬૨ ચંદ્ર છે.

૬. શનિ : શનિની આસપાસ રંગીન રીંગ હોવાથી તે સૌથી સુંદર ગ્રહ કહેવાય છે. તેનો વ્યાસ ૧૨૦૫૩૬ કિ.મી. છે. તે આપણા ૧૦,૭૩૯ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા કરે છે. તેનો એક દિવસ આપણા ૧૦ કલાક ૧૩ મિનિટ જેટલો હોય છે. શનિને ૬૨ ચંદ્ર છે અને હજી નવા મળી આવે છે.

૭. યુરેનસ : સૂર્યથી સાત નંબરના યુરેનસ પર હાઈડ્રોજન અને હિલિયમનું વાતાવરણ છે. તેનો વ્યાસ ૫૧,૧૧૭ કિ.મી. છે. તે ૩૦,૮૬૪ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા કરે છે. તેનો દિવસ આપણા ૧૭.૨ કલાક જેટલો છે. યુરેનસને ૨૭ ચંદ્ર છે.

૮. નેપ્ચ્યુન : સૂર્યથી સૌથી વધુ અંતરે આવેલો યુરેનસ હાઈડ્રોજન અને હિલિયમનું વાતાવરણ ધરાવે છે. તેનો વ્યાસ ૪૯,૫૧૭ કિ.મી. છે. તે આપણા ૬૦,૧૯૦ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા કરે છે. તેનો એક દિવસ આપણા ૧૬ કલાક જેટલો થાય છે. નેપ્ચ્યુનને ૧૩ ચંદ્ર છે.

લેમિનેશન કેવી રીતે થાય છે?

ફોટા અને અગત્યના દસ્તાવેજો લાંબો સમય સાચવી રાખવા માટે લેમિનેશન કરવામાં આવે છે. આપણે લેમિનેશન કરેલા ફોટા તથા જરૂરી કાગળો જોઈએ છીએ. લેમિનેશન એટલે ફોટા કે કાગળ પર પ્લાસ્ટીકનું પાતળું પડ ચડાવવાની ક્રિયા. લેમિનેશન કરવા માટે ઘણી બધી યાંત્રિક પદ્ધતિઓ છે. તેની સાદી રીતમાં લાકડાની ફ્રેમમાં પ્રવાહી પ્લાસ્ટીકની પાતળી ફિલ્મ બનાવવામાં આવે છે. પીગળેલું પ્લાસ્ટીક ચીકણું અને પારદર્શક હોય છે. આ પ્લાસ્ટીકની ફિલ્મ ફોટા ઉપર ચઢી ગયા બાદ ફોટો વધુ ચમકતો અને સુંવાળો લાગે છે. પાણીમાં તે ભીંજાતો નથી અને તેની ઉપર ડાઘ પણ પડતા નથી.

પ્રાણાયામ, યોગ અને એક્યુપ્રેશર

અત્યારે પ્રદૂષિત વાતાવરણને કારણે લોકોમાં બીમારીનું પ્રમાણ વધી ગયું છે. જો કે અત્યારે માંદા પડવું એ ગુનો છે. કેમકે ડૉક્ટરની સારવાર, હોસ્પિટલના બીલ, દવાનો ખર્ચ સાજા માણસની પણ કેડ ભાંગી નાખે તેટલો આવે છે.

આ માટે દરેકે યોગાસન કરવા જરૂરી છે. યોગના આસનોમાં શરીરના દરેક અવયવને કસરત મળે છે. પ્રાણાયામથી ફેફસા, હૃદય અને પેટના સ્નાયુઓને બળ મળે છે. શરીરના દરેક અંગોની શરૂઆત પગના તળિયા અને હથેળીથી થાય છે. તે માટે એક્યુપ્રેસરની સારવારથી આશ્ચર્યજનક ફાયદો થાય છે.

જેમને ઉઠવા-બેસવાની તકલીફ હોય, કમરની ફરીયાદ હોય, ચાલવાની તાકાત ન હોય, માથાનો દુખાવો રહેતો હોય તેમને એક્યુપ્રેશરના પોઈન્ટ આપવાથી સારો એવો ફાયદો થાય છે.

અમારા યોગ સેન્ટરમા એક ભાઈને કેન્સરની બીમારી હતી. ડૉક્ટરે છ માસની મુદત આપી દીધી હતી. તેમણે યોગાસન, પ્રાણાયામ, એક્યુપ્રેસર વગેરે ચાલુ કરી દીધા. મુદત પછી દસ વર્ષ જીવ્યા. એક બેન ખુરશી સિવાય બેસી શકતા નહોતા. યોગ સેન્ટરમાં પણ ખુરશી ઘેરથી લાવતા. ફક્ત અઢી માસ પછી યોગના આસનો અને એક્યુપ્રેસરની સારવારથી તેમની ખુરશી જતી રહી. હવે નીચે પલાંઠી વાળી બેસે છે. યોગ, પ્રાણાયામ કે એક્યુપ્રેસરની કોઈ પણ આડ અસર નથી. દરેક રીતે ફાયદો જ કરે છે. જેમની ફાંદ ફૂલેલી હોય, વજન વધુ હોય, કોઈપણ જાતની તકલીફ કે રોગ હોય તો અત્યારથી જ યોગાસન, પ્રાણાયામ અને એક્યુપ્રેસર ચાલુ કરી દેવા જોઈએ. લેખક આ ત્રણે વસ્તુ કરાવે છે. જેમ દર્દ જૂનું તેમ લાંબો ટાઈમ પોઈન્ટ લેવા પડે.

પ્રવીણચંદ્ર હરજીવનદાસ શાહ
એ/૩૩, દત્તાણી ટાવર, ત્રીજા માળે, કોરા કેન્દ્ર હોલ પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
મો. ૯૮૭૦૦ ૭૯૬૦૮

સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૪૧

સંકલન - સંયોજક : રજનીકાંત પારેખ

અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.

તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...

★ આપે આટલું કરવાનું છે :

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...

• આ અંકના સવાલો •

૧. સરકારી શાળાના _____ લાખ વિદ્યાર્થીઓ સુધી એ.આઈ.નો લાભ પહોંચશે. (૧૪, ૨૪, ૪૦)

૨. ૧૯૭૫માં શ્રી કચ્છી જૈન સેવા સમાજનું મુખપત્ર _____ ના નામથી શરૂ કરવામાં આવ્યું હતું. (મંગલ મંદિર, કચ્છશ્રુતિ, પ્રેરણા)

૩. શાહીબાગ ખાતે તા. _____ ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શરૂ કરવામાં આવ્યું હતું. (૨૬-૧-૧૯૯૭, ૨૬-૧-૨૦૧૦, ૨૬-૧-૨૦૦૨)

૪. અંતઃકર્ણમાં _____ હાડકાં હોય છે. (૧૩, ૨૩, ૩)

૫. શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્થાપના કાળથી જેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે તેવા શ્રી _____ તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરનું કચ્છી શાલ તેમજ સન્માનપત્રથી સન્માન કરાયું હતું. (દિનેશભાઈ મહેતા, પ્રદીપભાઈ મહેતા, અશોકભાઈ મહેતા)

૬. જીવનમાં મજબૂત બનવું હોય તો _____ નિયમો યાદ રાખવા પડે. (૫, ૨, ૧૫)

૭. દિલ્હી ગુજરાતી સમાજના રાષ્ટ્રીય પર્વ સમિતિના અધ્યક્ષ તરીકે _____ ની વરણી કરાઈ. (શૈલેષભાઈ કંસારા, પરેશભાઈ કંસારા, માવજીભાઈ કંસારા)

૮. હેમરાજ શાહે ગુજરાતી ભાષામાં ૩૩ અને મરાઠી ભાષામાં _____ નિબંધ સ્પર્ધા યોજી છે. (૩૭, ૧૭, ૪)

૯. શ્રી કચ્છી જૈન સેવા સમાજનું _____ ખાતે તૃતીય મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું. (બોપલ, જશોદાનગર, ચાંગોદર)

૧૦. _____ પૃથ્વીની બહેન તરીકે ઓળખાતો ગ્રહ છે. (મંગળ, શનિ, શુક્ર)

• ઓગસ્ટ – ૨૦૨૬ના અંકના મણકા–૪૦ ના સવાલોના સાચા જવાબો •

૧. સ્વતંત્રતા દિન નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન ખાતે **શ્રી કીર્તિકુમાર સંઘવી**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે.

૨. ''સવાલ તમારા – જવાબ અમારા'' થીમ પર આધારિત કેમ્પમાં **૬૦** વ્યક્તિઓએ કેમ્પનો લાભ લીધો હતો.

૩. 'સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર'માં સમજવા માટે **શ્રી હિરેન શાહ**નો સંપર્ક કરવાનો રહે છે.

૪. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણેય ડાયાલિસિસ સેન્ટરમાં મે-૨૦૨૬ના માસ દરમિયાન કુલ્લે **૯૯૧** વ્યક્તિઓએ સેવાનો લાભ લીધો.

૫. નાલંદાનો અર્થ **જ્ઞાન આપનાર** થાય છે.

૬. **મુંબઈ**માં આવેલ ''ધારાવી'' વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે.

૭. સ્વસ્થ જીવનના બે આધાર સ્તંભોને મજબૂત બનાવતા શીખવતો કાર્યક્રમ તા. **૧૩-૬-૨૦૨૬**ના રોજ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો.

૮. કચ્છ બ્રાંચ કેનાલના નર્મદાના પાણી પ્રશ્ને ડૉ. હરિ દેસાઈએ શ્રી અશોક મહેતાનો ઓનલાઈન ઈન્ટરવ્યુ તા. **૨૨-૫-૨૦૨૬** ના રોજ લીધો હતો.

૯. શ્રી **વિનોદ ગાલા** નર્મદાનું જળ કચ્છ માટે 'હજી મૃગજળ?' તેવું જણાવે છે.

૧૦. હલો હલો રે આવઈ **અષાઢી બીજ**, કચ્છી નયે વરેંજી લખ લખ વધાઈયું.

મણકા-૪૦ (મંગલ મંદિર ઓગસ્ટ-૨૦૨૬ના અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.

૧. અશોક વી. શાહ – ગાંધીનગર
૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૩. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૪. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૫. વિપુલ રમણિકલાલ ગોસર – પાલડી, અમદાવાદ
૬. અમરેશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૭. માનસી મંથન – રાણીપ, અમદાવાદ
૮. અલ્પા અમરેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૯. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૦. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૧૧. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૧૨. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૧૩. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૧૪. અમિષ નવીનચંદ્ર શાહ – પાલડી, અમદાવાદ
૧૫. અલ્પા એસ. શાહ – પાલડી, અમદાવાદ
૧૬. કુશલકુમાર બી. શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૭. નિકિતા સૌરભ શાહ – નારાણપુરા, અમદાવાદ
૧૮. હેતા કેતન દલાલ – સિંધુભવન રોડ, અમદાવાદ
૧૯. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૨૦. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૨૧. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૨૨. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૩. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨૪. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૫. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૬. અલ્કા દિનેશ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૨૭. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૮. ગિરીશ દામજી પોલડિયા – સેટેલાઈટ, અમદાવાદ
૨૯. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૩૦. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૧. હરેશ એસ. છેડા – નારણપુરા, અમદાવાદ
૩૨. નરેન્દ્ર રસીકલાલ મહેતા – ઘાટલોડિયા, અમદાવાદ
૩૩. રક્ષા નરેન્દ્ર મહેતા – ઘાટલોડિયા, અમદાવાદ

ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.

૧.	અશોક વી. શાહ	– ગાંધીનગર	મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯
૨.	સ્મિતા વિશાલ શાહ	– પ્રહલાદનગર, અમદાવાદ	મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬
૩.	અરવિંદ જયંતીલાલ ભટ્ટ	– બોપલ, અમદાવાદ	મો. ૯૦૯૯૯ ૫૩૨૯૯
૪.	ગિરીશ દામજી પોલડિયા	– સેટેલાઈટ, અમદાવાદ	મો. ૯૪૨૭૦ ૨૮૩૮૦
૫.	દમયંતી દિલીપ દંડ	– નારાણપુરા, અમદાવાદ	મો. ૯૩૭૭૮ ૩૯૬૨૩

આપના જવાબો 'મંગલ મંદિર'ના છાપેલા કાગળ અથવા તેની ઝેરોક્સમાં જ મોકલશો. હાથે લખેલા ઉત્તરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

નોંધ : *(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*


With Best Compliments From

APAXON
HEALTHCARE

B-3, Sunrise Shopping Center, B/s. Sales India,
Nr. Asia School, Drive-in Road,
Ahmedabad-380 052.
Mobile : 84698 35054

NanoNine® શબ્દ રમત-૨૩૪

સંકલન : રજનીકાંત પારેખ



શબ્દ રમત ભરનારનું નામ : _____

સરનામું : _____

_____ ફોન/મો. _____

આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.

આડી ચાવીઓ

૧. નકામી લાંબી વાત (૫)
૪. શ્રીકૃષ્ણની પરમ અનુરાગિણી (૨)
૬. બ્રાહ્મણ (૨)
૮. આઘે, વેગળું, લાંબે (૨)
૯. જય જય ગરવી _____ (૪)
૧૦. ચા, ટી (૨)
૧૧. હડક, અધિકાર (૪)
૧૪. અકબરના દરબારમાં _____ હતા (૪)
૧૬. આંખમાં આંજવાનું કાજળ (૨)
૧૭. સારું, ઉત્તમ, ફાઈન (૩)
૧૯. રજાનો લેખિત હુકમ, લાઈસન્સ (૪)
૨૧. બીમાર, રોગી, નાદુરસ્ત (૨)
૨૩. ઝાડનો મૂળ, જાડો ભાગ (૨)
૨૪. તરફદારી, વેરોવાંતરો (૪)
૨૬. પછવાડે, પૂંઠે, પાછલી બાજુએ (૩)
૨૮. નાની છોકરી, ઢબુડી (૩)
૩૦. સોના કે ચાંદીની પાતળી પતરી (૩)
૩૨. એક અંગ્રેજી શરાબ (૨)
૩૩. પુષ્કળ, સમૃદ્ધ, તાલેવાન (૪)
૩૫. મારફાડ, તોફાન, ધિંગાણું (૪)
૩૬. કજીયો, તકરાર, ઝઘડો (૪)
૩૮. ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગ્યા (૨)
૪૧. સાવ અખંડિત, સંપૂર્ણ દોષરહિત (૨)
૪૩. રાવણ _____ નો રાજા હતો (૨)
૪૪. નિશા, રાત્રી (૨)
૪૫. લાડ, નખરા (૨)
૪૬. વડીલ, સિનિયર, પુખ્ત, ઉંમરલાયક (૩)
૪૭. લાલ બહાદુર શાસ્ત્રીએ આપેલ નારો (૧૦)

ઊભી ચાવીઓ

૧. વેલ, લાંબીને પથરાતી વનસ્પતિ (૨)
૨. સેંથીમાં પૂરવાનું લાલ કંકુ (૩)
૩. પૈસો, ટકો અને ઘરેણું (૫)
૪. રાજાનો પુરોહિત, એક અટક (૪)
૫. પ્રવાહીની શેડ (૨)
૬. કલ્પના, ચિંતા, આશય, મનસૂબો (૩)
૭. પ્રયાસ, કોશિશ, યત્ન (૩)
૧૧. શ્રી રામના પિતાજી (૪)
૧૨. ઘરેણાં, આભૂષણ (૩)
૧૩. પુરોહિત, પંડો (૨)
૧૫. જંગલ, અરણ્ય (૨)
૧૬. નકશો, આલેખ (અં) (૨)
૧૭. રૂબરૂ, નજર સામે (૩)
૧૮. સમાન અંતરે આવેલું (૪)
૨૦. છાલી, કટોરી, થાળી _____ (૩)
૨૨. પિછાન, પરિચય (૪)
૨૪. ભૂતપ્રેત, ભૂત _____ (૩)
૨૫. બેટરીમાં પૂરવાનો સેલ (૩)
૨૭. શિવનું એક સ્વરૂપ (૩)
૨૯. બારણું, દરવાજો, દ્વાર (૩)
૩૦. પતિ, હસબન્ડ (૨)
૩૧. કાચું લખાણ, મુસદ્દો, યાદી (૩)
૩૪. દુરાચરણ, અનીતિ, કુટેવ (૨)
૩૭. નારી, સુંદર સ્ત્રી (૨)
૩૮. વેપાર (૪)
૪૦. ચામડીનો એક રોગ (૩)
૪૧. ધાન્ય, અન્નના દાણા (૩)
૪૨. આંખ, ચક્ષુ (૩)
૪૪. રાજ્ય (૨)
૪૬. મેદ, ચરબી (૨)

નોંધ *: "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

NanoNine® શબ્દ રમત-૨૩૩નો ઉકેલ

ક	ચ	રિ	યું	■	વ	સ	વા	ટ	■	નિ	ત
પ	ર	વા	■	ભ	ર	તી	■	પા	ઠ	શા	લા
■	બી	જ	વ	ર	■	■	પા	લ	ક	■	શ
મ	■	■	ખ	ત	ર	ના	ક	■	રા	ત	■
ક	રા	મ	ત	■	વિ	ક	ટ	■	ણાં	■	સ
ર	જ	■	સ	ધ	વા	■	■	ચ	■	ર	મા
■	કું	જ	ર	■	ર	ઘ	વા	ટ	■	■	ચા
સા	વ	જ	■	અં	■	ર	મ	ણી	ચ	■	ર
ક્ષી	ર	■	■	ગ	■	■	ન	■	■	■	પ
■	■	■	ક	ડા	કૂ	ટ		બી	લી	પ	ત્ર
■	ગ	રી	બા	ઈ	■	■	■	મા	ખ	ણ	■
અ	જ	■	ટ	■	સ	મા	ચા	ર	■	■	■

જુલાઈ-૨૦૨૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૩૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. જીગીષા સંદીપ મહેતા – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૬. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૭. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૮. ચેતના પ્રફુલચંદ્ર વોરા – અમદાવાદ
૯. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૦. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૧૧. પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
૧૨. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૧૩. હસમુખ દામજી સાવલા – અડાલજ, અમદાવાદ
૧૪. નીના અશોકભાઈ ગોરજી – અમદાવાદ
૧૫. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૬. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૭. નયના ઉદય કારાણી – અમદાવાદ
૧૮. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૯. સિમ્પલ અલ્કેશ શાહ – અમદાવાદ
૨૦. હસ્તી સંજયભાઈ ઠાકર – ભુજ (કચ્છ)
૨૧. જયંતિલાલ એ. શાહ – અમદાવાદ
૨૨. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૨૩. હેતલ તુષાર ગાલા (શાહ) – નાગપુર
૨૪. મીના ડી. મોરબીયા – ભુજ (કચ્છ)
૨૫. કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ (કચ્છ)
૨૬. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૭. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૨૮. અભયકુમાર હીરજી મોમાયા – હુબલી (કર્ણાટક)
૨૯. સરોજ જયેશ શાહ – અમદાવાદ

ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ૩ (ત્રણ) વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.

વિજેતા : (૧) પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
(૨) હસમુખ દામજી શાહ – અડાલજ, અમદાવાદ
(૩) જયશ્રી મોહન સાવલા – અમદાવાદ

જુલાઈ-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૯૦ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ

૧. જીગીષા સંદીપ મહેતા – અમદાવાદ
૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૩. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૪. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૫. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૬. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૭. કાવ્યા વસંત સાવલા – અમદાવાદ
૮. હેમલતા હસમુખ શાહ – અડાલજ, અમદાવાદ
૯. નીના અશોકભાઈ ગોરજી – અમદાવાદ
૧૦. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ
૧૧. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૨. નયના ઉદય કારાણી – અમદાવાદ
૧૩. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૪. સિમ્પલ અલ્કેશ શાહ – અમદાવાદ
૧૫. દ્રવ્ય પીયૂષ મોરબીયા – અમદાવાદ
૧૬. અરીહા કોઠારી – અમદાવાદ
૧૭. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૮. માનસી પ્રીત શાહ – અમદાવાદ
૧૯. હેતલ તુષાર ગાલ (શાહ) – નાગપુર
૨૦. નયના જય ગોગરી – અમદાવાદ
૨૧. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૨. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૨૩. સરોજ જયેશ શાહ – અમદાવાદ

ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં ૨ (બે) વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.

વિજેતા :

(૧) કાવ્યા વસંત સાવલા – અમદાવાદ
(૨) દ્રવ્ય પીયુષ મોરબીયા – અમદાવાદ

NanoNine™ Sudoku

જુલાઈ-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૯૦ના ઉકેલ મોકલનારનાં નામ માટે જુઓ પાના નં. – ૩૮

ભારતની સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક

ભારતની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ૨૮૧૩ ડોલર્સ છે. તેની સામે ચીનની ૧૪૮૭૪ ડોલર્સ, રશિયાની ૧૮૫૨૫ ડોલર્સ અને અમેરિકાની ૯૪૪૩૦ ડોલર્સ છે.

જગતના દેશોની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવકમાં ભારત પાંચમા ક્રમે આવે છે.

ભારતની સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક ઓછી હોવાનું કારણ એ છે કે તે ખેતીપ્રધાન દેશ છે અને તેમાં પણ ખેતીમાં ખૂબ જ અનિયમિતતા છે.

ભારતના કુલ વર્કફોર્સમાં ૪૨ ટકા વર્કફોર્સ ખેતીવાડી અને પશુપાલનમાં રોકાયેલો છે કે જેનો જીડીપીમાં ફાળો માત્ર ૧૮ ટકા છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે ભારતની લગભગ ૬૬ ટકા વસ્તી ગામડામાં રહે છે અને માત્ર ૩૪ ટકા વસ્તી શહેરોમાં રહે છે.

NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૯૯૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૯૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : _____

સરનામું : _____

_____ ફોન/મોબાઈલ : _____

ક્રમાંક - ૧૧૯૨

A

		8			3			
7	3			4		5		
			2		5	3	1	
	5		8			1	6	4
	7		5		6		9	
6	8	9			1		2	
	4	7	1		8			
		3		7			5	1
			3			9		

B

		8		4	5	7		3
	7			2				5
	1	3						4
			8				3	7
	8		6	1	7		5	
7	4				2			
1						3	8	
9				6			7	
8		5	3	7		2		

C

9		6			3	7		
		1		2	7	6	8	
5			4	6				1
4		9	2					
	7			3			4	
					1	9		2
1				7	4			5
	5	4	6	9		8		
		3	1			4		6

D

		2		5		8	3	
7	5		9					
8		4	7					
6		8	5				2	4
		5	6		4	7		
4	2				8	5		6
					5	1		2
					6		9	8
	8	6		4		3		

ઉકેલ : ક્રમાંક - ૧૧૯૧

A

1	4	3	9	5	2	6	7	8
2	6	8	4	1	7	9	3	5
9	7	5	6	8	3	4	1	2
3	5	1	2	6	4	7	8	9
4	8	6	7	9	5	3	2	1
7	2	9	1	3	8	5	6	4
6	9	7	8	4	1	2	5	3
8	3	4	5	2	6	1	9	7
5	1	2	3	7	9	8	4	6

B

5	1	2	7	9	3	8	4	6
7	6	4	1	5	8	3	9	2
8	3	9	4	6	2	7	5	1
1	4	3	9	8	5	2	6	7
2	7	8	6	1	4	5	3	9
6	9	5	2	3	7	1	8	4
3	2	6	8	7	9	4	1	5
9	5	7	3	4	1	6	2	8
4	8	1	5	2	6	9	7	3

C

7	9	1	6	8	4	5	2	3
6	4	5	2	3	9	1	8	7
3	8	2	1	7	5	9	6	4
2	6	7	3	1	8	4	9	5
8	3	9	5	4	6	7	1	2
1	5	4	9	2	7	6	3	8
9	2	6	7	5	3	8	4	1
5	1	8	4	6	2	3	7	9
4	7	3	8	9	1	2	5	6

D

3	6	9	4	7	8	2	5	1
2	4	5	3	9	1	7	6	8
7	8	1	6	5	2	9	4	3
6	7	4	8	3	5	1	2	9
9	3	2	1	6	7	5	8	4
1	5	8	2	4	9	6	3	7
8	1	7	5	2	4	3	9	6
5	9	3	7	8	6	4	1	2
4	2	6	9	1	3	8	7	5

Nano 9 kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

પ્રતિભાવ

ઓગસ્ટ-૨૦૨૬ના 'મંગલ મંદિર'ના અંકમાં આઝાદીની હવામાં લહેરાતા તિરંગાની તસવીર નવી ઉર્જા પેદા કરે છે. સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારનાં શુભેચ્છા સંદેશમાં આવતા સુવાક્યો સુંદર અને માર્મિક હોય છે. તંત્રીશ્રી દ્વારા ભારતની આઝાદીમાં ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનના સમયે દેશમાં બનેલી ઘણી હકારાત્મક ઘટનાઓને સ્થાન આપી દેશના વિકાસની હરણફાળ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. સંરક્ષણ કરારો, વેપારી કરારો, ન્યુક્લિયર મથકો માટે યુરેનિયમ પ્રાપ્તિ, એ.આઈ. ટેકનોલોજી, ગ્રીન એનર્જી તેમજ સેમિ કન્ડક્ટર જેવા ક્ષેત્રો માટે થયેલી સમજુતીઓ / કરારોના પરિણામ આવનારા દિવસોમાં જોવા મળશે. આ ઉપરાંત દેશને ગર્વ થાય તેવા સમાચારોને પણ પ્રાધાન્ય આપેલ છે, જે ઉચિત છે. મેરેજ બ્યુરો સમિતિ તેમજ શૈક્ષણિક લોન સહાય, સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર તેમજ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેવી સામાજિક તથા આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન સમાજ દ્વારા સુંદર રીતે કરવામાં આવી રહ્યું છે. સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા બીનલ મકવાણાની કહાની સંસ્થાની સફળ યશોગાથા છે. અવારનવાર આ પ્રકારની વાતો વાંચીએ ત્યારે સંસ્થાનો ઉદ્દેશ તથા હેતુ સિધ્ધ થતા હોય તેમ લાગે છે. ડૉ. મિત પટેલનો પરિચય તથા તેમનાં કાર્યકાળનો ઈતિહાસ જોતાં તેમને ૪૦૦૦થી વધારે મોતિયાના ઑપરેશનનો અનુભવ છે. આવા અનુભવી અને નિષ્ણાત ડૉક્ટરનો સમાજને લાભ મળી રહ્યો છે, તે યશકલગી સમાન છે. ચિંતન ઠક્કરનું કાવ્ય 'હું પણ સ્ત્રી છું' માં સ્ત્રીની વેદના સુંદર રીતે અભિવ્યક્ત કરાયેલ છે. જૂન ૨૦૨૬ દરમિયાન વિવિધ મેડિકલ સેન્ટરો ખાતે કુલ ૩૮,૦૧૪ વ્યક્તિઓએ લાભ લીધો, જે તેની વિશ્વસનીયતા તથા સફળતાનો ઊંચો ગ્રાફ દર્શાવે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક પ્રગતિકારક ઈતિહાસની તવારીખ દર્શાવી એક શિલાલેખ જેવું ચિત્રણ કહી શકાય. શ્રી કે.ડી. શાહ દ્વારા મોકલાયેલ જીવનને મજબૂત બનાવવા માટેના ૫ સોનેરી નિયમો ઘણા વેધક છે. સમાજની દૈનિક ડાયરીમાં વિવિધ મેડિકલ સેન્ટરોમાં થતી રોજબરોજની કામગીરી, ત્યાં યોજાતી બેઠકો, લેવાતા નિર્ણયો જેવી બાબતોની જાણકારી મળે છે. 'અતીતના ઓવારેથી' મણકા-૩૫ લેખમાં 'મંગલ મંદિર'થી લઈ શ્રી કચ્છી જૈન સમાજની સંસ્થાની શરૂઆત તથા સંસ્થાના વિકાસની હરણફાળ ભરતા વિવિધ પ્રવૃત્તિઓની ઐતિહાસિક તવારીખ રજૂ કરેલ છે. 'પ્રેરણા' નામથી ૧૯૭૫માં શરૂ કરવામાં આવેલ સમાજનું માસિક, જે જાન્યુઆરી-૧૯૭૭થી 'મંગલ મંદિર' કરવામાં આવ્યું. સને ૧૯૮૬માં સંસ્થાના પ્રથમ અતિથિ ભવન, ૧૯૯૭માં શ્રી કચ્છી જૈન ભવન, સને ૨૦૦૨માં શાહીબાગ ખાતેનું શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, નવનીત આવાસ યોજના અંતર્ગત ૪૦ પરિવારોને ફ્લેટ અર્પણ, ડાયાલિસિસ સેન્ટરોની શરૂઆત, જલારામ અન્નક્ષેત્ર, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, વિવિધ મેડિકલ સેન્ટરોની શરૂઆત તથા વિસ્તરણ, કૌશલ્ય વિકાસ કેન્દ્રની શરૂઆત – જેવી વિગતો જાણવા મળી. સને ૧૯૬૩માં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળની શરૂઆત તથા તા. ૧૧-૧૦-૧૯૭૦થી તે સંસ્થા શ્રી કચ્છી જૈન સમાજમાં રૂપાંતર થઈ અને જોતજોતામાં સંસ્થાએ પાંચ દાયકામાં વિસ્મયજનક પ્રગતિ કરી. ભૌતિક સગવડતા, સુવિધામાં વધારો થયો છે. શૈક્ષણિક, તબીબી, સાંસ્કૃતિક જેવી પ્રવૃત્તિઓનો વ્યાપ સમાજના હોદ્દેદારોની દિવસ-રાતની મહેનત, કાર્યકરો તથા કર્મચારીઓનો સહયોગ તેમજ દરેક તબક્કે દાતાશ્રીઓ દ્વારા મળેલ ઉદાર આર્થિક સહયોગથી સમાજનું વટવૃક્ષ સુંદર રીતે વિકસ્યું છે. સુંદર, સંક્ષિપ્ત પરંતુ પાયાની મહત્ત્વની વિગતો તથા સમાજની પ્રવૃત્તિઓનો ચિતાર દર્શાવતી યશોગાથા કહી શકાય.

'જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતી' લેખમાળામાં કાનના અવાજ સાંભળવાની પ્રક્રિયા, પ્રત્યાઘાતનો નિયમ, શુક્રનો ગ્રહ, ઝીરોની શોધ તેમજ સેસિયલ ક્લોકની રસપ્રદ જાણકારી પ્રાપ્ત થઈ. 'સવાલ અમારો – જવાબ તમારો' વિભાગ લોકપ્રિયતા વટાવતા ૪૦ મણકા સુધી પહોંચી ગયેલ છે. વાંચકોને વાંચવાની ટેવ પડે તેમજ સંશોધન અને અભ્યાસની ટેવ પડે જેવો ઉમદા ઉદ્દેશ છે. આ જ પ્રમાણે સુડોકુ અને શબ્દરમત જેવી સ્પર્ધાઓ પણ કસોટી કરે છે. અન્ય સંસ્થાના સમાચારોને સ્થાન આપી તેનો વ્યાપ વધારેલ છે. હેમરાજ શાહ દ્વારા ગુજરાતી અને મરાઠીમાં ૩૭ વાર નિબંધ સ્પર્ધાઓ યોજવાની કામગીરી ઘણી પ્રશંસનીય અને નોંધનીય કહી શકાય. પ્રભુલાલ એમ. સંઘવીના કાવ્ય 'માણસોના હજારો રંગ બદલાતા પણ જોયા છે' સામાજિક કરૂણતા તરફ નિર્દેશન કરે છે. સ્વાધીનતા સંગ્રામના શૂરવીરો શ્રેણીમાં પૃથ્વીસિંહ આઝાદ અંગ્રેજો સામે લડતા કેવા જીવ સટોસટના ખેલ કર્યા તે રોમાંચક છે. ગુજરાત સાથે તેમનો નાતો રહ્યો તે ગૌરવમય કહેવાય. ડૉ. મિહિર એમ. વોરાનો 'કચ્છી ખારેકનો ઈતિહાસ' સુંદર અભ્યાસલેખ છે. કચ્છી ખારેકને જી.આઈ. ટેગ મળ્યાનાં સમાચાર ઘણા ગૌરવશાળી છે. જગદીશચંદ્ર છાયાનો 'સાંઘી દાદા-દાદી પાર્ક' જૂની સ્મૃતિઓને માનસપટ પર વહેતા કરે છે. ઈન્ડોનેશિયાના

પ્રમ્બાન મંદિરનો લેખ ઐતિહાસિક છે. 'ઘરની સ્ત્રી' સુંદર હાસ્યલેખ છે. ગુજરાતના રીંછના અભયારણ્યો માહિતી તથા હાસ્યનું સંયોજન છે. દાહોદનું રતનમહાલ રીંછ અભયારણ્ય તથા બનાસકાંઠાનું જેસોર અભયારણ્ય બંને ગાઢ પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે આવેલ દર્શનીય સ્થળો છે. તીર્થદર્શન શ્રેણીમાં ગોડીજી તીર્થ તેમજ મોમ્બાસા ખાતે આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનો ઈતિહાસ તેમજ મહિમા વાંચવાલાયક છે. 'મંગલ મંદિર'ના બે ભાગના થઈ કુલ ૭૭ પૃષ્ઠનો દળદાર અંક લેખકોની મહેનત, તંત્રી મંડળની જહેમત તથા વાંચકોના ઉત્સાહથી મંગલ મંદિર ઓગસ્ટ ૨૦૨૬ના અંકને વિવિધ વિષયોના રંગોથી મેઘધનુષની જેમ ખીલી ઉઠે છે.

અશોક વી. શાહ - ગાંધીનગર
મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯

શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ અંગેના પ્રતિભાવો

I am Bhavik Pathak. Staff of Shri Kutchhi Vishram Gruh is supportive and good. And the Staff member named Bhavin is also a friendly person.

Bhavik Pathak – Bhuj, Kutch
M. 89805 08229

★

હું રૂમ નં.-૧૧૨ પ્રથમ માળે રોકાયેલ હતો. રૂમની સગવડ સારી હતી. જમવાનું જૈન સારું હતું. મારા મધરની ટ્રીટમેન્ટ માટે આજે આવેલ. સ્ટાફનો વ્યવહાર સારો હતો.

સમગ્ર ટ્રસ્ટીગણનો આભારી છું.

પરમાર નારાણ શાંતિલાલ
મો. ૯૭૨૬૬ ૮૭૬૫૦

★

મારી બેબી નામે રેખાબેન શંકરલાલ ગોહેલ. છેલ્લા પાંચ વર્ષથી ડાયાલિસિસ સેન્ટરમાં ડાયાલિસિસની સારવાર કરાવીએ છીએ. તમામ સ્ટાફની સેવા સારી છે ને કોઈપણ જાતની તકલીફ વગર બધો જ સ્ટાફ ખડે પગે રહે છે. ડાયાલિસિસની સારવાર દરમિયાન જે કોઈ મેડિસીનની જરૂર પડે, તે સંપૂર્ણપણે ભૂલ્યા વગર મારી બેબીને સમયસર આપવામાં આવે છે. મારા તરફથી સેવા માટે કોઈપણ જાતનો અસંતોષ નથી.

એસ. એમ. ગોહેલ

★

I was referred to the Kutchi Jain Seva Samaj Dialysis Center when I diagnosed with the CKD in January 2025. Since then, I have been getting my Haemodialysis done through this center. It is a new patient. I was impressed by the staff's compassionate attitude. All of time Mr. Javed, Sister, Manager and all the staff members show high level of expertise in all the operation of the Dialysis machine. They go beyond the call of duty and give patient specific guidance in diet or any supplements if required. They follow the specific protocols that has to be followed. I appreciate their efforts and as a patient trust them with my health.

Graceben Gauri Rajwadi – Pune
M. 96623 07587

★

Room No. 313. I stayed here for one day. I came here first time. Bhavan is super and service is best. With manager Krushnakant Modi, Bhavin, my experience was best. Bhojan shala food is hygiene and pure. All members and Trustee hats off to their all efforts they took for Medical and Hospitals. It is helping all the needful people.

Thank you.

Hiren Gada
M. 99202 29177

★

Myself Sunilkumar Jain. I have arrived from Mundra yesterday and stayed here for one day. The trust is doing a nice job for the Community for stay and nice food. I congratulate the trust members for nice social work. Keep it up.

Thanks.

Sunilkumar Jain
Asstt. Commissioner - Gujarat

★

My self Mahi Patel. I am from Kutch. Kutchi Jain Seva Samaj is service nice facilities for staying and food.

I come here various times when I needed. This place is safe and hygiene.

Thank you for serving good facilities.

Mahi Patel
M. 96387 74900

રક્ષા બંધન

(રાગ : ચલી ચલી રે પતંગ મોરી...)

આવે આવે રે રક્ષાબંધન આવે રે
આવે રક્ષા બાંધવા કાજ
લેવા બહેનીના આશીર્વાદ આજ
લાવે રંગબેરંગી રાખડીઓ રે.....૧

બહેની ઉઠી વહેલી સવારે
સાડી નવી લેવાને કરારે
આવી રૂમક ઝુમક
કરતી ઠુમક ઠુમક
આવી સ્નેહ તણી એ સવારી રે.....૨

ભાવ નિતરતી બહેનની આંખો
સદાય એવુંજ હેત રાખો
ભાઈ બહેનનાં પ્યારે
રક્ષા બાંધવી એ ક્યારે
વાટ નિરખતી બેઠી ઉંબરે રે.....૩

ભાઈ ક્યારે મારો આવે
રાખડી ક્યારે એ બંધાવે
નિરખી નયન થાક્યા
આંખે આંસુઓ પાક્યા
વીરલો આવી પહોંચ્યો એ ટાણે રે.....૪

મળી 'શાંતિ' બહેનને એ વારે
હાથે બાંધી રાખડી ભાઈને ત્યારે
ભાઈ-બહેનનું મિલન
અમર રહ્યું એ જીવન
રક્ષા બંધનના એ તહેવારે રે.....૫

લીધો ભાઈનો હાથ હાથે
સ્નેહ તણા એ પ્રેમ સંગાથે
બાંધી સ્નેહભરી રાખડી
મોઢે મીઠાઈ ચખાડી
આશીર્વાદનો ધોધ વહાવી એ ચાલી રે.....૬
આવે આવે રે રક્ષા બંધન આવે રે....

શાંતિલાલ રામજી લાલકા – હુબલી (વારાપધર)
મો. : ૯૨૪૨૨ ૨૦૮૦૩

કામ કરવાવાળાની કદર કરો, કાન ભરવાવાળાની નહીં.

મમ્મી-પપ્પા મારે જીવવું છે

ભલે હું નાપાસ થયો,
પણ મારે કંઈક મોટું કરવું છે,
તમે ભલે મને ના સમજો,
પણ મારે તમારું નામ રોશન કરવું છે,
આ કાગળીયાવાળું પરિણામ ભૂલો,
મારે તો ઈતિહાસનું એક પાનું બનવું છે,
લોકોને જે કહેવું હોય એ કહેવા દો,
મારે તો હારમાંથી જીતનું ઉદાહરણ બનવું છે,
તમે બંને જો સાથ આપતા હોવ તો,
મારે નિષ્ફળતાને પણ સફળતાનું નામ આપવું છે,
જો વાંચી લો આ પત્ર થોડો વહેલો તો
મમ્મી-પપ્પા મારે જીવવું છે,
જો કદાચ મોડું થઈ ગયું હોય તો,
આ પત્ર બીજાના ઘરે કુરિયર કરવું છે,
કદાચ બીજાને પણ.....

– ચિંતન ઠક્કર
સૌજન્ય : "કલમ, કાગળ ને કવિતા"

મારા દિલના દ્વાર ખખડાવી

મારા દિલના દ્વાર ખખડાવી
કોણ આ છટકી ગયું?

કે કોનું આ કુંડલ
મારા ગાજમાં લટકી ગયું?

નથી આવતી નીંદર, નથી જાગી શકાતું
કોના વિચારમાં મન મારું ભટકી ગયું?

કોના આગમનના અણસારે
દિલ મારું ઘડી ઘડી ધડકી ગયું?
મારા દિલના...

રહું છું તારા ખયાલોમાં મગ્ન
કહે છે લોકો એનું છટકી ગયું

આગમન લાગે છે તારું મધુર
પરંતુ ગમન દિલને ખટકી ગયું
મારા દિલના....

– અશ્વિન શાહ
સૌજન્ય : "કદાચ આ કવિતા હોય તો હોય"

Sanghavi Finserv

Your Trusted Partner for Complete Financial Solutions

We offer a wide range of Investment and Financial Services to help you grow and secure your wealth

Investment & Financial Services

- Mutual Funds
- AIF (Alternate Investment Funds)
- Corporate Fixed Deposits (FD)
- NCD (Non-Convertible Debentures)
- Equity Broking Services
- SIF (Specialised Investment Funds)
- NPS (National Pension Scheme)

- LIC Agent
- Life Insurance from Leading Private Companies
  (All types of Life Insurance solutions available)

AMFI Registered Mutual Fund Distributor

IRDAI Certified

PLAN YOUR INVESTMENTS SMARTLY, SECURE YOUR FUTURE CONFIDENTLY.

Bharat Prabhulal Sanghavi (Rapar)

+91 96199 12184

Office: 90827 07478

Expert Guidance | Trusted Service | Long-term wealth creation

Disclaimer - Sanghavi Finserv is distributor of financial products and a Mutual Fund Distributor. ARN: 337985 | EUIN: E642525. Mutual Fund investments are subject to market risks. Insurance products are subject to policy terms & conditions. Other market-linked investments carry risk. No guaranteed returns.

સર્વેને શુભ અને કુશળ સ્વાસ્થ્ય માટે શુભ કામના





Vardhman Pharmacy


Saibaba Mandir, Opp. Kalasagar Mall,

Sattadhar Cross, Ahmedabad.

M. : 92270 90208

15% Discount on All Medicines

FREE HOME DELIVERY



Dr. ROHAN K PATEL
MBBS, MS ENT (Gold Medalist)
Ear, Nose, Throat & Head-Neck Surgeon

Aarvi Hospital
ENT AND DENTAL CARE

+91 98250 18678
healthcare@aarvihospital.com
www.aarvihospital.com

504-506, Copper Leaf,
Opp. Sarvopari Mall,
Bhuyangdev Cross Road,
Sola Road, Ahmedabad-380063.

Dev Morabia
96249 47491

Viren Morabia
98252 27499

MORBIA GROUP

Morbia Estate
APEX IT RENTAL
WORLD LINK
Kiddos Club

સ્મરણાર્થે...

ગાંધી જયાબેન રમણલાલ
ગાંધી રમણલાલ પાસુભાઈ
(ગામ : માનકુવા, હાલે : અમદાવાદ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર "મંગલ મંદિર"
ને ખૂબ ખૂબ શુભેચ્છા...



(એક વાચક સભ્ય તરફથી)

Vipul M Shah

M. : 9321277711
9321277712

Elite Enterprises

SUPPLIERS OF ELECTRONICS
SPARE PARTS AND COMPONENTS.

3, Madan Mansion, 1st Floor, Shamrao Vithal Lane,
Lamington Road, Grant Road (East), Mumbai - 400 007.
Ph. : (0) (022) 4881 6231 ● Email : vipulelite@rediffmail.com

Best wishes from

Mukesh Mulji Champshi Savla



Sagar Mukesh Savla 98791 13094
Neel Mukesh Savla 96870 05406

Scarlet Hospital

Dr. Sharad Purohit
M. +91 98790 07908
M.S.(Ortho.) DNB(Ortho.) FARS(Germany)
Joint Replacement & Reconstructive Surgeon

NABH Accredited Hospital
ISO 9001:2015 Certified Hospital

Hospital : +91 9879807908
079-2667 0908
dr_sharadpurohit@hotmail.com
www.scarlethospital.com

2nd Floor, Scarlet Business Hub,
Opp. Ankur School,
Nr. Mahalakshmi Five Roads,
Paldi Bhattha Road, Paldi,
Ahmedabad, Gujarat 380007.

Reporting Time : Mor. 10.15 am to 1.45 pm and Eve. 5.15 pm to 8.00 pm

છેલ્લા આઠ વર્ષથી
જોઇએ તે જથ્થામાં નેપિયર
ઘાસ સેવા સ્વરૂપે આપવામાં આવી રહેલ છે.
કોઇને પણ નેપિયર ઘાસ ઉગાડવું હોય
તો તેની કલમો મેળવવા માટે
સંપર્ક કરો.
મો. ૯૬૫૩૨ ૦૫૦૬૦

Sheth info
Reliable • Reasonable • Refurbished
Refurbished IT Products - Sales & Rental
Laptops • Desktops • Workstation • Servers • Apple Products
Jodhpur Char Rasta, Satellite, Ahmedabad.
Mob :- 7405732001 ● E-mail : info@shethinfo.com

Opti Matrix
Turns idea into Reality
■ Premium Website Design
■ Web Based Customize Software
■ Mobile App Development
■ Digital Marketing & Promotion
Opti Matrix Solutions
Ahmedabad : +91 81283 61116
706, Indraprastha Corporate, Opp. Shell Petrol Pump,
Prahlad Nagar, Ahmedabad, Gujarat - 380015
Bhuj : +91 75750 58824
207, Merry Rajaram Complex,
Hospital Road, Bhuj-Kutch, Gujarat - 370001
SCAN FOR DIGITAL CARD

॥ શુભેચ્છા સહ ॥

રતનબેન પાસુભાઈ પૂંજા શાહનંદ
અમદાવાદ

કોઇ પણ પ્રસંગે ભેટ આપવા લાયક...
ચિત્રસેન શાહ - ગાંધીનગરના
હાસ્ય કટાક્ષના પુસ્તકો
(૧) ઘણીને ઘાકમાં રાખો!
(૨) સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય
(૩) ચાલો, ખવડાવો આઇસ્ક્રીમ!
(૪) સ્મશાનમાં સ્વયંવર
સંપર્ક : ૬૩૫૩૧ ૪૦૫૭૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર
"મંગલ મંદિર"
ને હાર્દિક શુભેચ્છા...

॥ એક શુભેચ્છક ॥

ઘર ઘરની મીઠાઈ...
હાથી છાપ ગોળ

શાહ હાથીભાઈ અજરામલદાસ
૧૧૦૩, જૂના માધુપુરા, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. મો. ૯૭૧૨૩ ૬૫૪૦૦

"Knowledge and brotherhood
is key to success for the
members of Jain Samaj."
Justice S. H. Vora
Former Judge
High Court of Gujarat

ગુજરાતી સાહિત્યના અદ્‌ભુત શેર

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પૂરાઈ ગઈ.

– ઓજસ પાલનપુરી

અધીરો છે ઈશ્વર તને બધુંયે આપવા માટે,
તું ચમચી લઈને ઊભો છે દરિયો માંગવા માટે?

– અનિલ ચાવડા

દુનિયામાં મને મોકલી પસ્તાયો હતો તું,
મૃત્યુનું બહાનું કરી આ પાછો ફર્યો લે.

– મરીઝ

જીવ હજી તો ઝભ્ભામાં છે,
ફાટી ગઈ છે જાત કબીરા.

– ચંદ્રેશ મકવાણા

તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું બધું જ હોય તો છોડી બતાવ તું.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી,
અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આ અહીં પહોંચ્યા પછીથી એટલું સમજાય છે,
એમ કંઈ કરતું નથી બસ, આ બધું તો થાય છે.

– રાજેન્દ્ર શુક્લ

હું ક્ષણોના મહેલમાં જાઉં અને
કોક દરવાજો બંધ કરી દે તો!

– ચીનુ મોદી

જીવી શકું હું કઈ રીતે તમને સ્મર્યા વગર,
પાંપણ કદીયે રહી શકે મટકું માર્યા વગર?

– મનહર મોદી

પાનખર વીતી છતાં ખરતાં રહે છે,
પાંદડાને લાગી આવ્યું પાંદડાનું.

– ઉદયન ઠક્કર

શ્વાસને ઈસ્ત્રી કરી મેં સાચવી રાખ્યા હતા,
ક્યાંક અણધાર્યા પ્રસંગે જો જવાનું થાય તો!

– અનિલ ચાવડા

કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.

– જલન માતરી

ઘર સુધી તું આવવાની જીદ ન કર,
ઘર નથી નહિંતર ના પાડું તને?

– ખલીલ ધનતેજવી

મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોના વરસ લાગે.

– મનોજ ખંડેરીયા

ક્રોધ મારો જોઈને ડરશો નહીં,
પુષ્પના ડાઘા કદી પડતા નથી.

– ચીનુ મોદી

ભૂલ જો થાય મિત્રોની તો માફ કર,
જીભ કચડાય તો દાંત તોડાય નૈં.

– અનિલ ચાવડા

ચિંતા કરવાની મેં છોડી,
જેવું પાણી એવી હોડી.

– ભાવેશ ભટ્ટ

સિગારેટને રસ્તા ઉપર આ રીતથી ન ફેંક ભાઈ,
આ દેશમાં ચંપલ ઘણાં તળીયેથી કાણા હોય છે.

– ભાવિન ગોપાણી

અફસોસ કેટલાય મને આગવા મળ્યા,
ગાલીબને મારા શેર નથી વાંચવા મળ્યા.

– ભરત વિંઝુડા

સંપ માટીએ કર્યો તો ઈંટ થઈ,
ઈંટનું ટોળું મળ્યું તો ભીંત થઈ.

– અનિલ ચાવડા

શ્રદ્ધાનો હો વિષય ત્યાં પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.

– જલન માતરી

બધો આધાર છે એના જતી વેળાના જોવા પર,
મિલનમાંથી નથી મળતા મહોબ્બતના પુરાવાઓ.

– 'મરીઝ'

જિંદગીને જીવવાની ફિલસુફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.

– 'મરીઝ'

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે?
કુંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે?

– ઉદયન ઠક્કર

હું મંદિરમાં આવ્યો અને દ્વાર બોલ્યું
પગરખાં નહીં બસ અભરખા ઉતારો.

– ગૌરાંગ ઠાકર

જત જણાવવાનું તને કે છે અજબ વાતાવરણ,
એક ક્ષણ તું હોય છે ને એક ક્ષણ તારું સ્મરણ.

– રાજેન્દ્ર શુક્લ

તમને સમય નથી અને મારો સમય નથી,
કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી.

– બાપુભાઈ ગઢવી

રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી,
હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી.

– બરકત વિરાણી 'બેફામ'

તફાવત એ જ છે તારા અને મારા વિશે, જાહિદ!
વિચારીને તું જીવે છે, હું જીવીને વિચારું છું.

– અમૃત ઘાયલ

જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી'તી,
બહુ ઓછા પાના જોઈ શક્યો બહુ અંગત અંગત નામ હતા.

– સૈફ પાલનપુરી

તું કહે છે અશ્રુ ચાલ્યા જાય છે,
હું કહું છું જિંદગી ધોવાય છે.

– શયદા

વતનની ધૂળથી માથુ ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

– આદિલ મનસુરી

બસ, દુર્દશાનો એટલો આભાર હોય છે,
જેને મળું છું, મુજથી સમજદાર હોય છે.

– મરીઝ

જિંદગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ'
એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.

– મરીઝ

સમયની શોધ થઈ તેની આગલી સાંજે,
મેં ઈંતજારને શોધ્યો હતો ખબર છે તને?

– મુકુલ ચોકસી

હસ્તરેખા જોઈ સૂરજની કૂકડાએ કહ્યું,
આપના પ્રારબ્ધમાં બહુ ચડ-ઉતર દેખાય છે.

– ઉદયન ઠક્કર

મોત વેળાની આ એયાશી નથી ગમતી 'મરીઝ'
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે.

– મરીઝ

અમદાવાદની કવિતા

ચાંદ ઉપર પણ લોકો જઈને આયા તને **"ચાંદખેડા"**માં ક્યાં શોધું...?
અવઢવમાં હું રહું તને **"ઓઢવ"**માં ક્યાં શોધું...?
વાડ જ નથી રહી કોઈ **"વાડજ"**માં ક્યાં શોધું...?
સેટેલાઇટ બનીને તું ફરતો રહે નભમાં, મિથ્યા હું ફરતો તુજને **"સેટેલાઇટ"**માં ક્યાં શોધું...?
બે પલની શાંતિ નથી **"બોપલ"**માં ક્યાં શોધું...?
એટીએમમાં તું મળતો નથી **"સીટીએમ"**માં ક્યાં શોધું...?
ગોતું તોય મળતો નથી **"ગોતા"**માં ક્યાં શોધું...?
થઈ તેજ પણ પહોંચું નહીં **"થલતેજ"**માં ક્યાં શોધું...?
વટવાળો છે તું માન્યું પણ કહે **"વટવા"**માં ક્યાં શોધું...?
તારા સરખો જ તારો પડછાયો કોઈ **"સરખેજ"**માં ક્યાં શોધું...?
શાહી તારા હર બાગ, તને **"શાહીબાગ"**માં ક્યાં શોધું...?
ના રોડા કોઈ રોકે પણ **"નરોડા"**માં ક્યાં શોધું...?
પૂર **"સરસ"** હોય કે **"દરિયા"** તને **"સરસપુર"** માં કે **"દરિયાપુર"**માં ક્યાં શોધું...?
દરવાજા **"લાલ"** હોય કે **"ત્રણ"**, પણ તને **"લાલ દરવાજા" "ત્રણ દરવાજા"**માં ક્યાં શોધું...?
Soulને પામવાની આ સફર, તને **"સોલા"**માં ક્યાં શોધું...?
ના કોલ તું મારા ઉપાડે તને **"ઘિકોલ"**માં ક્યાં શોધું...?
હર ઘાટના પાણી પીધા અને ચાંદ પર પણ જઈ આવ્યો,
કહે તને **"ઘાટલોડિયા"** ને **"ચાંદલોડિયા"**માં ક્યાં શોધું...?
કાંકરા રહ્યા તારી રાહમાં તને **"કાંકરિયા"**માં ક્યાં શોધું...?
ના Roll એમાં કોઈ મારો તને **"નારોલ"**માં ક્યાં શોધું...?
રાય ખડતલ આપ તું તને **"રાયખડ"**માં ક્યાં શોધું...?
રખે આલેખન હું કરું તને **"રખિયાલ"**માં ક્યાં શોધું...?
પલળીને વરસાદે તુજને હું **"પાલડી"**માં ક્યાં શોધું...?
આશા ના રેવા દીધી જરા તને **"અસારવા"**માં ક્યાં શોધું...?
ખબર છે બાકીના એરિયામાં પણ નથી મળવાનો તું **"ઇશ્વર"**
છતાં અમથો આ વાદ કરી **"અમદાવાદ"**માં ક્યાં શોધું...?

અમદાવાદ અને અમદાવાદીઓને સાદર અર્પણ....

આંખો બંધ થાય એ પહેલા 'ઉઘડી' જાય
તો આખો જન્મારો સુધરી જાય.

અન્ય સંસ્થાઓના સમાચાર

શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ – અમદાવાદ

શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ - અમદાવાદ અને Navneet Presents ખરીદી, આનંદ અને સામાજિક એકતાનો અનોખો સંગમ : 'સિટી હાટ એક્ઝિબિશન'ની ભવ્ય સફળતા

શ્રી કચ્છી વિસા ઓસવાલ (કે.વી.ઓ.) જૈન સમાજ – અમદાવાદના ઉપક્રમે અને નવનીત પરિવારની શાનદાર પ્રસ્તુતિ હેઠળ તારીખ ૮ અને ૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પાલડી સ્થિત 'નવનીત વિવિધલક્ષી ભવન' ખાતે દ્વિ-દિવસીય ભવ્ય 'સિટી હાટ એક્ઝિબિશન' નું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજની એકતા અને ઉત્સાહના પ્રતીક સમાન આ એક્ઝિબિશનને મુલાકાતીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ

શનિવાર, ૮ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે એક અત્યંત સુંદર અને ઉત્સાહપ્રેરક વાતાવરણમાં આ પ્રદર્શનનો શુભારંભ થયો હતો. કાર્યક્રમના મુખ્ય દાતા નવનીત પરિવારના આદરણીય શ્રી રાજુભાઈ ગાલા અને શ્રીમતી સંગીતાબેન ગાલાના વરદ હસ્તે આ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ અને બહોળી સંખ્યામાં આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

મુલાકાતીઓ માટે અનેરા આકર્ષણો

સવારે ૧૦.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી ચાલેલા આ એક્ઝિબિશનમાં અબાલવૃદ્ધ સૌ કોઈ માટે કંઈક ને કંઈક વિશેષ હતું.

ફેશન અને ક્રાફ્ટ : અવનવી ફેશન, આધુનિક તેમજ પારંપરિક જ્વેલરી અને અદભુત આર્ટ એન્ડ ક્રાફ્ટના સ્ટોલ્સે મહિલાઓ અને યુવા વર્ગમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ઓર્ગેનિક પ્રોડક્ટ્સ : આજના સમયની માંગને અનુરૂપ શુદ્ધ અને આરોગ્યપ્રદ ઓર્ગેનિક પ્રોડક્ટ્સના સ્ટોલ્સ પણ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

જૈન ફૂડ કોર્ટ : સ્વાદના શોખીનો માટે વિશેષ જૈન ફૂડ કોર્ટ ઊભી કરવામાં આવી હતી. જેમાં વિવિધ જૈન ફૂડ સ્ટોલ ધારકો દ્વારા પીરસવામાં આવેલી સ્વાદિષ્ટ અને ચટાકેદાર વાનગીઓની સૌએ મન ભરીને મજા માણી હતી.

મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહનઃ

આ એક્ઝિબિશન માત્ર વ્યાપાર પૂરતું સીમિત ન રહેતા, 'વુમન એમ્પાવરમેન્ટ' (Women Empowerment) ને પ્રોત્સાહન આપવાનું પણ એક ઉત્તમ માધ્યમ બન્યું હતું. સમાજના સભ્યોને અને તેમાં પણ ખાસ કરીને મહિલાઓને, ખૂબ જ રાહત દરે સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. આ ઉમદા પહેલ પાછળનો મુખ્ય હેતુ મહિલાઓનો આત્મવિશ્વાસ વધારવાનો અને ભવિષ્યમાં તેઓ આર્થિક રીતે આત્મનિર્ભર (સ્વાવલંબી) બનવા તરફ મક્કમ ડગલાં માંડે તે માટે તેમને એક યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો.

સ્વાસ્થ્ય અને સામાજિક જવાબદારીનો સમન્વય

સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા, આયોજકો દ્વારા મુલાકાતીઓના સ્વાસ્થ્યની સંભાળ માટે જીવરાજ મહેતા હોસ્પિટલના સૌજન્યથી 'મફત પ્રાઈમરી મેડિકલ ચેક-અપ કેમ્પ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો અનેક લોકોએ લાભ લીધો હતો.

સામાજિક જવાબદારીના ભાગરૂપે અંધજન માનવ મંડળ અમદાવાદ – આ સંસ્થાને અંધ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવતા પ્રોડક્ટ્સ વેચાણ કરી શકે તે માટે વિના મૂલ્યે સ્ટોલ ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતો.

મનોરંજનનો સમન્વય

આ ઉપરાંત આકર્ષક ઈનામો જીતવા માટે દર બે કલાકે યોજાયેલા 'લકી ડ્રો' એ લોકોના ઉત્સાહમાં ઔર વધારો કર્યો હતો.

આભાર દર્શન

આયોજક સમિતિ (K.V.O. જૈન સમાજ) દ્વારા આ કાર્યક્રમને ઐતિહાસિક સફળતા અપાવવા બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ એક્ઝિબિશનના મુખ્ય દાતા તરીકે નવનીત પરિવારનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. તમામ પ્રદર્શકો, સ્ટોલ ધારકો, જૈન ફૂડ સ્ટોલ ધારકો અને મેડિકલ ટીમની ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવામાં આવી હતી.

આયોજનને સુવ્યવસ્થિત અને સફળ બનાવવા માટે

દિવસ-રાત જોયા વગર અથાક પરિશ્રમ કરનાર દરેક કાર્યકરો અને સ્વયંસેવકોની મહેનતને સલામ કરવામાં આવી હતી.

નિષ્કર્ષ

'સિટી હાટ એક્ઝિબિશન' માત્ર એક વ્યાપારી મેળો ન બની રહેતાં, તે સમાજના લોકો માટે એકબીજાને મળવાનું, સાથ માણવાનું અને ખાસ કરીને મહિલાઓને આત્મનિર્ભરતા તરફ દોરી જવાનું એક સુંદર માધ્યમ બની રહ્યું. મુલાકાતીઓની વિશાળ હાજરી જ આ કાર્યક્રમની સૌથી મોટી સફળતા છે. સમાજની આ એકતા અને આવો જ ઉત્સાહ ભવિષ્યમાં પણ આવા જ નવા અને સર્જનાત્મક આયોજનો માટે પ્રેરણા પૂરી પાડતો રહેશે.

ભાવનગર કચ્છ સમાજ

ભાવનગર કચ્છ સમાજ દ્વારા સ્થાપનાના ૪૦મા વર્ષે અષાઢી બીજ નિમિત્તે નીલમ મહોત્સવની ભવ્ય ઉજવણી

તા. ૧૯-૭-૨૦૨૬ને રવિવારે ભાવનગર કચ્છ સમાજ દ્વારા સમાજના સ્થાપનાના ૪૦મા વર્ષ (નીલમ વર્ષ) નિમિત્તે કચ્છી નવા વર્ષના પાવન પર્વ અષાઢી બીજના અવસરે ભવ્ય નીલમ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૩૫૦થી વધુ સભ્યો અને મહેમાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ઐતિહાસિક અને યાદગાર બનાવ્યો હતો.

કાર્યક્રમમાં કચ્છ-માંડવીના ધારાસભ્યશ્રી અને ગુજરાત ભાજપના મહામંત્રી શ્રી અનિરુદ્ધ દવે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે 'પાટીદાર સંદેશ'ના તંત્રી શ્રી શામજીભાઈ પટેલ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. મહાનુભાવોએ સમાજની ચાર દાયકાની ગૌરવશાળી યાત્રાને બિરદાવી, સમાજમાં એકતા, શિક્ષણ, સંસ્કાર અને સેવાકીય પ્રવૃત્તિઓને વધુ ગતિ આપવા આહવાન કર્યું હતું અને કચ્છી ભાષા અને સંસ્કૃતિના જતન માટે યુવા પેઢીને જાગૃત કરી હતી. વધુમાં, શ્રી અનિરુદ્ધભાઈએ જણાવ્યું કે કચ્છીઓનો વતન પ્રેમ અને કચ્છી સંસ્કૃતિ વિશિષ્ટ છે. એટલુંજ નહીં, કચ્છીઓનો પહેરવેશ, કચ્છી બોલી, કચ્છીઓનું ભાતીગળ ભોજન વગેરે અનેક ખાસિયતોથી ભરપુર છે. માટે કછીઓની આ વિશિષ્ટ ઓળખ આવતી પેઢીએ જાળવવાની છે અને કચ્છ સાથેનો નાતો જીવંત રાખવાનો છે. શ્રી અનિરુદ્ધભાઈ પોતાના અનેક કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે પણ સમય કાઢીને આવ્યા એ એમની કચ્છીઓ પ્રત્યેની લાગણી દર્શાવે છે એમ પ્રમુખશ્રીએ તેમનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું.

ભાવનગર કચ્છ સમાજની વાર્ષિક સામાન્ય સભા અને કચ્છી નવા વર્ષની ઉજવણી તથા નીલમ મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. તા. ૪-૧૦-૧૯૮૬ના રોજ સ્થપાયેલો ભાવનગર કચ્છ સમાજ તેની સ્થાપનાનું ચાલીસમું વર્ષ ઉજવી રહ્યો છે કારણ કે ૪૦નું અનેરું મહત્ત્વ છે જેમકે આશાપુરા ચાલીસા, હનુમાન ચાલીસા, ગાયત્રી ચાલીસા વગેરે ચાલીસનું ધાર્મિક મહત્ત્વ પણ અનેરું છે એમ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ સ્વામી કૃષ્ણપ્રિયાનંદ સરસ્વતીએ જણાવ્યું હતું.

ચાલીસમાં સ્થાપના વર્ષ નિમિત્તે આમંત્રિત મહાનુભાવો અને સમાજના સ્થાપક સભ્યો દ્વારા ૪૦ દીવા પ્રગટાવી અને મુખ્ય અતિથિઓની વિશેષ ઉપસ્થિતિમાં પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ અને ઉપપ્રમુખ શ્રી ડો. રવિભાઈએ કેક કાપી મહેમાનોનું મોઢું મીઠું કરાવી આ કાર્યક્રમને દીપાવ્યો હતો. સાથે ચાલીસ વર્ષના સંભારણા સાથે તૈયાર થયેલ સ્મરણિકા અને વાર્ષિક અહેવાલનું મહેમાનોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભાવનગર કચ્છ સમાજની સ્થાપનામાં અમૂલ્ય યોગદાન આપનાર ૧૯ સ્થાપક સભ્યોનું સ્મૃતિચિહ્ન અને સન્માનપત્ર અર્પણ કરીને ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહ, કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યો હતો અને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટ સાથે સ્થાપક સભ્યોને વધાવી લીધા હતા. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ સ્થાપના સમયથી પ્રમુખપદ સુપેરે સાંભળી રહ્યા છે. તેઓનું તમામ હાજર સભ્યોએ ઉષ્માભેર સન્માન કર્યું હતું અને તેમની સમર્પિત સેવાને બિરદાવી હતી.

કાળવીબીડ વોર્ડના ચાર કોર્પોરેટરશ્રીઓ તથા વોર્ડ પ્રમુખશ્રીનું પ્રસંગોચિત સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સુશ્રી વર્ષાબા પરમાર, ભાર્ગવભાઈ ભટ્ટ, જયકિશનભાઈ હાવલીયા અને નીતિનભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

એક શુભેચ્છક તરફથી

અષાઢી બીજના પાવન અવસરે સમાજના અગ્રણીઓએ આગામી વર્ષોમાં સમાજના સર્વાંગી વિકાસ, યુવા સશક્તિકરણ, મહિલા ઉત્કર્ષ, શિક્ષણ પ્રોત્સાહન તથા કચ્છી ભાષા, સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સમાજના આમંત્રણથી કચ્છી કલા પ્રદર્શનોને ઉર્જાવાન બનાવનાર કચ્છી વેપારીઓ શ્રી દાઉદભાઈ ખત્રી, રમજુભાઇ ખત્રી, દીપકભાઈ શેઠિયા તથા વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટી. માંડવીના શ્રી ગોરધન કવિએ અને શ્રી ગોળીબાર હનુમાનજી મંદિર પ્રેરિત રામદરબાર સત્સંગ મંડળના શ્રી તુલસીભાઈ કુવાડિયા અને તેમની ટીમે ખાસ હાજરી આપી હતી. એટલુંજ નહીં, શ્રી દાઉદભાઈ ખત્રી દ્વારા આઠ વિદ્યાર્થીઓ તથા પ્રમુખશ્રી સહિત સમાજના પાંચ આગેવાનોને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું

સમાજના ૭૦ બાળકોને સરસ્વતી સન્માન કાર્યક્રમ હેઠળ ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા જેનું સમગ્ર આયોજન મહિલા પાંખના સુશ્રી ભારતીબેન, જયશ્રીબેન, જયાબેન, રેખાબેન, હેમીનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આમંત્રણથી પીજીવીસીએલના અધિકારીશ્રીઓ, બેંકના મેનેજરશ્રીઓ, ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનશ્રીઓ, ફાયર બ્રિગેડના અધિકારીશ્રીઓ, થર્મલ પાવર સ્ટેશનના અધિકારીશ્રી તથા કચ્છના વતની અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન જરૂ ખાસ હાજર રહ્યા હતા. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા ઉપપ્રમુખ ડૉ. રવિભાઈ પટેલના માર્ગદર્શનથી કાર્યક્રમના સફળ આયોજન માટે આયોજક સમિતિ, ઇન્દ્રભાઇ ગઢવી, કિરીટસિંહ ગોહિલ, ઘનશ્યામસિંહ જાડેજા, હસમુખભાઈ પટેલ, અશોકભાઈ અંજારિયા, રઘુવીરસિંહ જાડેજા, તુલસીભાઈ પટેલ, ચંદ્રવદન વોરા, જગદીપભાઈ વ્યાસ, સ્વયંસેવકો તથા સમાજના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતે સૌએ સ્નેહમિલન અને સહભોજનનો લાભ લઈ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

"૪૦ વર્ષની ગૌરવયાત્રા – સેવા, સંસ્કાર, સંગઠન અને સંસ્કૃતિના સંકલ્પ સાથે ઉજ્જવળ ભવિષ્ય તરફ ભાવનગર કચ્છ સમાજનું એક વધુ સશક્ત પગલું."

બિદડા સર્વોદય ટ્રસ્ટની નિઃસ્વાર્થ સારવારની કચ્છથી મુંબઈ સુધી માનવસેવાની જ્યોત

વર્ષ ૧૯૭૪માં માનવસેવાના પવિત્ર ઉદ્દેશ્ય સાથે સ્થપાયેલ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ આજે છેલ્લા ૫૨ વર્ષથી ગુણવત્તાસભર, વિશ્વસનીય અને સેવાભાવી આરોગ્ય સેવાઓનું પર્યાય બની ગયું છે. અત્યાર સુધીમાં ૬૦ લાખથી વધુ દર્દીઓ ટ્રસ્ટની આરોગ્ય સેવાઓનો લાભ લઈ ચૂક્યા છે. કચ્છ, સમગ્ર ગુજરાત તેમજ દેશના વિવિધ ભાગોમાંથી આવતા દર્દીઓ માટે આ સંસ્થા આશાનું કિરણ સાબિત થઈ છે. બીદડા સર્વોદય ટ્રસ્ટ ખાસ કરીને જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ઓર્થોપેડિક્સ, સ્ત્રીરોગ, દંતચિકિત્સા, આંખની સારવાર, ફિઝિયોથેરાપી, પેથોલોજી, અદ્યતન સીટી સ્કેન, રેડિયોલોજી, નેચર ક્યોર તથા રોબોટિક અને ફિઝિકલ રીહેબિલિટેશન ક્ષેત્રે કાર્યરત છે. આ ઉપરાંત, દર વર્ષે યોજાતા વિશાળ નિઃશુલ્ક મેડિકલ અને સર્જિકલ કેમ્પ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં હેલ્થ અવેરનેસ અને નિદાન કેમ્પ માટે આ ટ્રસ્ટ સમગ્ર ગુજરાતમાં લોકપ્રિય છે. મુંબઈ ખાતે સંચાલિત મારૂ હોસ્પિટલ મારફતે પણ ગુણવત્તાસભર સારવાર પૂરી પાડવામાં આવે છે. અનુભવી તબીબો, આધુનિક ટેકનોલોજી, ટ્રાન્સપરન્સ સિસ્ટમ અને દર્દી-કેન્દ્રિત સંવેદનશીલ અભિગમ એ ટ્રસ્ટની મુખ્ય ઓળખ છે. આર્થિક રીતે નબળા દર્દીઓને પણ સન્માનપૂર્વક સારવાર મળે તે બાબતને પ્રાથમિકતા આપવામાં આવે છે. હાલમાં આ સંસ્થા ૩૦૦થી વધુ ડૉક્ટર્સ, નર્સ અને પેરામેડિકલ સ્ટાફને રોજગારી પણ પૂરી પાડે છે. ટ્રસ્ટ સંચાલિત પ્રભાવ હોલિસ્ટિક હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ મારફતે નેચરોપેથી અને ફિઝિયોથેરાપીના હાયર એજ્યુકેશન થકી યુવાનો માટે કારકિર્દી અને રોજગારીની નવી તકો ઊભી કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૬૦ લાખથી વધુ દર્દીઓ ટ્રસ્ટની આરોગ્ય સેવાઓનો લાભ લઈ ચૂક્યા છે. કચ્છ, સમગ્ર તેમજ દેશના વિવિધ આવતા દર્દીઓ માટે આ સંસ્થા આશાનું કિરણ સાબિત થઈ છે.

'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી

Shailen Vijaysen Shah
M. 98240 01166
SPACE UNLIMITED
REAL ESTATE CONSULTANT
DEALING IN PALDI AREA

કચ્છમાં કોઈ પણ ક્ષેત્રના જરૂરતમંદો માટે એક જ સરનામું : સર્વ સેવા સંઘ (કચ્છ)

કચ્છ કુદરતની પ્રયોગશાળા હોવાથી અહીં કુદરત અને માનવસર્જિત આફતો અટકતી નથી. પણ એ તમામ આફતોનો સામનો કરતું એક અમોઘશસ્ત્ર એટલે સર્વ સેવા સંઘ (કચ્છ) અને જેમની કુળદેવી જીવદયા છે તેવો કચ્છી વીશા ઓસવાળ જૈન મહાજન! આ સેવાના સરનામાંના મૂળ છૂપાયેલા છે, કચ્છના લોકપ્રિય જનનેતા એવા અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ જગશી છેડા, સંસ્થાઓને છોડમાંથી વટવૃક્ષ બનાવવામાં માહેર આ કાંડાગરાવાસીએ જ્યારે પણ કોઈ જરૂરતમંદ માટે દાનની ટહેલ મૂકી ત્યારે ૨૪ જ કલાકમાં એ રકમનું ભરણું છલકાયું. વિશ્વાસ સંપાદનનું બીજું નામ બન્યા આ તારાચંદ છેડા. કચ્છભરમાં સેવાકેન્દ્ર દુકાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, કોરોના જેવી મહામારી, દરીદ્ર નારાયણની પડખે સૌપ્રથમ ઉભે અને સમસ્યાના ઉકેલ સુધી સાથ નિભાવે એ તારાચંદભાઇ છેડા અરિહંતશરણ પામ્યા તો તેમના પુત્ર જીગર છેડાએ પિતાના પગલે-પગલે સેવાની એ મશાલ ઉઠાવી છે.

કચ્છના બેરોજગારો માટે આ યુવાને વિચાર્યું અને રોજગારલક્ષી કીટ અસ્તિત્વમાં આવી. જિલ્લામાંથી શિક્ષકોનું પલાયન અટકાવવાનો પ્રયાસ હોય કે હરિયાળી વધારવા વૃક્ષારોપણની વાત હોય, જીગરનું જીગર પણ હંમેશાં ભરેલું જ ભરેલું. આ છેડા પિતા-પુત્રના શબ્દકોશમાં ક્યાંયે "ના" શબ્દ નથી. લોકોની તંદુરસ્તી સહિતના મુદ્દે ધગશ અને નિષ્ઠાથી આયોજન કરનારા આ જૈન પિતા-પુત્રએ ગરીબ બાપની દીકરી જ નહીં દીકરાના લગ્નની ચિંતા પણ પોતાના માથે લઈ લીધી છે. વિતેલા ૧૫ વર્ષમાં તેમણે ૨૮૦થી વધુ લગ્ન 'મહાજનનું મામેરું' યોજના તળે પાર પાડ્યા છે. વડીલો સાધુ-સાધ્વીજીઓની સેવા વૈયાવચ્ચ, બાળકો માટે માર્શલ આર્ટના વર્ગ ઉપરાંત ભુજમાં આવનારો ભુખ્યો ન રહે તે માટે ૨૭ વર્ષથી રાહતદરે સ્વાદિષ્ટ ભોજન ભરપેટ આપે છે. મેડિકલ સ્ટોર, દવા, તબીબની સેવા એટલી અવિરત રાખી છે કે, 'જ્યાં માંગો ત્યાં મેડિકલ કેમ્પ' સુત્ર પ્રચલિત થઈ ગયું છે.

'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી

શબ્દોની સમજવા જેવી વાત

મુખ અને સુખ

અરીસામાં 'મુખ' અને સંસારમાં 'સુખ' હોતું નથી. બસ, દેખાય છે.

ગાંઠ અને રસ

શેરડીમાં જ્યાં 'ગાંઠ' હોય છે ત્યાં 'રસ' નથી હોતો અને જ્યાં 'રસ' હોય છે ત્યાં 'ગાંઠ' નથી હોતી. જીવનમાં પણ કંઈક આવું જ છે.

પહેલા અને પછી

બોલતા 'પહેલાં' અક્ષર આપણો ગુલામ અને બોલ્યા 'પછી' આપણે અક્ષરના ગુલામ.

જ્ઞાન અને અભિમાન

આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના 'જ્ઞાનનું અભિમાન' છે પણ કોઈને પોતાના 'અભિમાનનું જ્ઞાન' નથી.

ઇર્ષ્યા અને સંસ્કાર

હું બીજાથી સારું કરું એ 'ઈર્ષ્યા' અને હું બીજાનું સારું કરું એ 'સંસ્કાર.'

બાંધવા અને સાચવવા

સંબંધોને 'બાંધવા' ખૂબ જ સહેલા છે, પણ આ સંબંધોને 'સાચવવા' જ અઘરા પડે છે.

પારખવું અને સમજવું

'પારખવા'ની કોશિશ ઘણી બધી કરી બધાએ, અફસોસ, 'સમજવા'ની કોશિશ કોઈએ ના કરી.

અડવું અને નડવું

કોઈને 'અડવું' નહીં એ આપણે શીખી ગયા, પણ કોઈને 'નડવું' નહીં એ ના શીખ્યા.

હસાવે અને રડાવે

જિંદગી 'હસાવે' ત્યારે સમજવું કે સારા કર્મનું ફળ મળ્યું છે. જિંદગી 'રડાવે' ત્યારે સમજવું કે સારા કર્મ કરવાનો સમય આવ્યો છે.

પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ

ચોલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો

■ આનંદ મંગલ	: 100/-	■ સફળતા	: 75/-
■ સત્યમ્ શિવમ્ સુંદરમ્	: 100/-	■ પહેલું સુખ તે જાતે નર્યા	: 70/-
■ આરોગ્યના અમૃત	: 150/-	■ ગીત ગુંજન	: 150/-
■ આરોગ્ય હેલ્થ ટીપ્સ	: 100/-	■ સાપસીડી	: 250/-

WhatsApp 99130 12120

જીવન : શું લઈને જવાનું?

કોઈ વખાણ કરે કે ના કરે, શું લઈને જવાનું?
કોઈ યાદ રાખે કે ના રાખે, શું લઈને જવાનું?

આવ્યાં છીએ થોડા શ્વાસ લઈને, થોડા શ્વાસ જવાના,
કોઈ હાથ પકડે કે ના પકડે, શું લઈને જવાનું?

સાચા રસ્તે ચાલતા રહેજો, દિલ કોઈનું ના દુભાવજો
કોઈ સમજે કે ના સમજે, શું લઈને જવાનું?

ધન-દોલત તો અહીં જ રહી જશે, સાથે આવશે કર્મ,
કોઈ ગણના કરે કે ના કરે, શું લઈને જવાનું ?

હસતા ચહેરા વહેંચતા રહેજો, પ્રેમનો દીપ પ્રગટાવજો,
કોઈ પ્રેમ આપે કે ના આપે, શું લઈને જવાનું?

માફી માંગતા શીખી જાવ, માફ કરવાનું પણ શીખો,
કોઈ બદલાય કે ના બદલાય, શું લઈને જવાનું?

અંતે તો નામ નહીં, કામ જ બોલશે દુનિયામાં,
કોઈ યાદ કરે કે ના કરે, શું લઈને જવાનું?

સાર :

પ્રેમ કમાવો, પુણ્ય કમાવો, સેવા કરો અને સ્મિત વહેંચો;
બાકી તો એક દિવસ બધાએ ખાલી હાથે જ જવાનું.

પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ

આ બધું અધૂરું છે પણ....

★ લોકો શંકા કરતા હોય ત્યારે વિશ્વાસ રાખવો.
★ લોકો સ્વપ્નમય હોય, ત્યારે કાર્યરત રહેવું.
★ લોકો ઉપેક્ષા કરતા હોય, ત્યારે સંભાળ લેવી.
★ લોકો છીનવી લેતા હોય, ત્યારે વહેંચવું.
★ લોકો દોષારોપણ કરતા હોય, ત્યારે માફી બક્ષવી.
★ લોકો ફરિયાદ કરતા હોય, ત્યારે હસતા રહેવું.
★ લોકો ટીકા કરતા હોય, ત્યારે પ્રશંસા કરવી.
★ લોકો વિધ્વંસ કરતા હોય, ત્યારે સર્જન કરવું.
★ લોકો અવઢવમાં હોય, ત્યારે સાહસ ખેડવું.
★ લોકો માગણી કરતા હોય, ત્યારે સેવારત રહેવું.
★ લોકો અધૂરું છોડી દેતા હોય, ત્યારે વળગી રહેવું.

આ બધું અધૂરું છે... પણ ફળદાયી છે.

જિંદગી બદલી નાખે તેવું કડવું સત્ય

★ ચકલી જયારે જીવિત રહે છે ત્યારે તે કીડીઓને ખાય છે, ચકલી જયારે મરે છે ત્યારે કીડીઓ એને ખાઈ જાય છે. એટલા માટે એ વાતનું ધ્યાન રાખો કે સમય અને સ્થિતિ ક્યારેય પણ બદલી શકે છે. એટલા માટે ક્યારેય કોઈનું અપમાન ન કરવું. ક્યારેય કોઈને નીચા ન ગણવા.

★ તમે શક્તિશાળી છો, પણ સમય તમારાથી પણ વધારે શક્તિશાળી છે.

★ એક વૃક્ષથી લાખો માચીસની સળીઓ બનાવી શકાય છે, પણ માચીસની એક સળીથી લાખો વૃક્ષ પણ સળગી જાય છે.

★ કોઈ માણસ કેટલો પણ મહાન કેમ ન હોય, પણ કુદરત ક્યારેય કોઈને મહાન બનવાનો મોકો નથી આપતી.

★ કંઠ આપ્યો કોયલને તો, રૂપ લઈ લીધું.
રૂપ આપ્યું મોરને તો, ઇચ્છા લઈ લીધી.

★ આપી ઇચ્છા ઇન્સાનને તો, સંતોષ લઈ લીધો.
આપ્યો સંતોષ સંતને તો, સંસાર લઈ લીધો.

★ આપ્યો સંસાર ચલાવવા દેવી-દેવતાઓને તો,
તેની પાસે પણ મોક્ષ લઈ લીધો.

★ ન કરશો ક્યારેય અભિમાન પોતાની જાત પર 'એ ઇન્સાન' ભગવાને મારા અને તમારા જેવા કેટલાને માટીથી બનાવ્યા છે અને માટીમાં મેળવી નાખ્યા છે.

★ માનવી ફક્ત ત્રણ વસ્તુઓ માટે જ મહેનત કરે છે : મારું નામ ઊંચું થાય, મારા કપડા સારા હોય, મારું મકાન સુંદર હોય. પરંતુ, માણસ જયારે મરે છે ત્યારે ભગવાન તેની આ ત્રણેય વસ્તુ સૌથી પહેલાં બદલી નાખે છે. નામ - (સ્વર્ગીય), કપડાં (કફન), મકાન (સ્મશાન)

★ ***જીવનનું કડવું સત્ય, જેને આપણે સમજવા જ નથી માંગતા...***

આ સરસ પંક્તિ જે પણ મહાન પુરુષે લખી છે તેણે શું સુંદર લાઈન લખી છે!

એક પથ્થર ફક્ત એક જ વાર મંદિરે જાય છે અને ભગવાન બની જાય છે...
જયારે માનવી દરરોજ મંદિરે જાય છે તો પણ પથ્થર જ રહે છે...

★ ***જીવનનું સત્ય :*** એક મહિલા પુત્રને જન્મ આપવા માટે પોતાની સુંદરતાનો ત્યાગ કરે છે... અને તે જ પુત્ર એક સુંદર પત્ની માટે પોતાની માતાનો ત્યાગ કરે છે!

★ લાઈફમાં આપણને બધી જગ્યાએ "સક્સેસ (જીત)" જોઈએ છે. ફક્ત ફૂલવાળાની દુકાન એવી છે જ્યાં આપણે કહીએ છીએ કે "હાર" આપજો!

પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ • મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨

બોધકથા

જેવી કરણી તેવી ભરણી

વિનોદભાઈ માછી નિરંકારી

આપણે જેવા કર્મ કરીશું તેનાં ફળ આજે નહીં તો કાલે ભોગવવા પડશે. એક ગામના જમીનદાર ઘણા વર્ષોથી બીમાર હતા. બીમારીના ઈલાજ માટે કોઈ ડૉકટર, વૈધને બતાવવાનું બાકી રાખ્યું નહોતું. તેમ છતાં તબિયતમાં કોઈપણ પ્રકારનો સુધારો ન થયો. ગામમાં એક સંતનું આગમન થાય છે. જમીનદાર સંતના દર્શન કરવા જાય છે. સંતને પ્રણામ કરીને ખૂબ જ દુ:ખી હૃદયે કહે છે કે, મહાત્માજી, હું આ ગામનો જમીનદાર છું. મારી પાસે સેંકડો વિઘા જમીન છે અને સુખના તમામ સાધનો હોવા છતાં મને જે ગંભીર પ્રકારની બીમારી થઈ છે તેમાં આરામ થતો નથી. મહાત્માએ પૂછ્યું કે તમોને કયો રોગ થયો છે? ત્યારે જમીનદાર કહે છે કે મળ ત્યાગ કરતાં ઘણું જ લોહી નીકળે છે અને સહન ના થાય એટલું દર્દ થાય છે, લાગે છે કે મારા પ્રાણ નીકળી જશે. આપ આશિર્વાદ આપો કે મને આ બીમારીમાંથી છુટકારો મળે.

મહાત્માએ આંખો બંધ કરી શાંત બેસીને પછી કહ્યું કે ખરાબ ના લાગે તો એક વાત પૂછું? તમે ક્યારેય કોઈનું દિલ એટલુ બધું દુભાવ્યું છે કે તેના નિસાસાનો દંડ તમો આજે ભોગવી રહ્યા છો? તમે તેને એટલું બધું દુ:ખ આપ્યું હશે કે તેની પીડા તમે ભોગવી રહ્યા છો? ત્યારે જમીનદાર કહે છે કે મેં કોઈનું દિલ દુભાવ્યું હોય કે કોઈને દુ:ખ આપ્યું હોય તેવું મને યાદ નથી. ત્યારે મહાત્મા કહે છે કે યાદ કરો ક્યારેય તમે કોઈનો હક્ક તો નથી છીનવી લીધોને? કોઈની પીઠ પાછળ છરો મારીને કોઈની આજીવિકા તો નથી છીનવી લીધીને? કોઈની સાથે તેના હિસ્સાનું બળજબરીથી પચાવી તો નથી પાડ્યુંને? મહાત્માની પૂરી વાત સાંભળીને જમીનદાર શર્મસાર બનીને કહે છે કે મારી એક વિધવા ભાભી તેના પિયરમાં રહેતી હતી. તે તેના ભાગના હિસ્સાની માંગણી કરતી હતી પરંતુ ભવિષ્યમાં તેના ભાગનો હિસ્સો લઈ, તે તેના ભાઈને આપી દેશે એ ભયથી મેં તેના હિસ્સાની જમીન-જાયદાદ અને સંપત્તિ તેમને ન આપતાં હું તેનો ઉપભોગ કરું છું.

મહાત્માએ કહ્યું કે, આજથી તમે તમારી વિધવા ભાભીને દર મહિને સો રૂપિયા આપવાનું શરૂ કરી દો.

આ પુરાતન સમયની વાત છે તે જમાનામાં સો રૂપિયામાં સમગ્ર પરિવારનું ભરણપોષણ થઈ જતું હતું. બીજા મહિનેથી જમીનદાર કેટલાક રૂપિયા વિધવા ભાભીને આપવાનું ચાલુ કરે છે. મહિના પછી મહાત્મા પાસે આવીને જમીનદાર કહે છે મારી બીમારીમાં પંચોતેર ટકા સારું લાગે છે. મહાત્માજીએ વિચાર્યું કે જમીનદારને સો ટકા સારું થઈ જવું જોઈએ તેમ છતાં આમ કેમ બન્યું? મહાત્માજીએ કહ્યું કે તમે તમારી વિધવા ભાભીને દર મહિને કેટલા રૂપિયા મોકલાવો છો? ત્યારે જમીનદાર કહે છે કે દર મહિને પંચોતેર રૂપિયા મોકલું છું. ત્યારે મહાત્મા કહે છે કે એટલે જ તમોને સો ટકા સારું થતું નથી. તમે વિધવા ભાભીને બોલાવીને તેમના હક્કનું તમામ આબરૂભેર આપી દો. તેમના હક્કની સંપત્તિનું તેમને મન ફાવે તેમ ભલે ખર્ચ કરે કે ગમે તેને આપી દે તેમાં તમારે કોઈ દખલગીરી કરવાની નથી.

તમોને ખબર છે? તમે તેમનો હક્ક પચાવી પાડ્યો છે તેથી તે નિરાધાર વિધવા ભાભી કેટલી રડતી કકળતી હશે? બીજાના સહારે જીવન જીવતાં અંતરથી કેટલા શ્રાપ આપતી હશે તેના ફળસ્વરૂપે જ તમારી બીમારી મટતી નહોતી. વિચાર કરો.. મૃત્યુ પછી આપણી સાથે શું આવવાનું છે? મૃત્યુ ક્યારે આવી જાય તેની આપણને ખબર પડતી નથી એટલા માટે પોતાના સ્વભાવ અને ચિંતનને નિર્મળ બનાવી રાખીને પ્રત્યેક ક્ષણે સાવધાન રહેવું જોઈએ અને પ્રભુ પરમાત્માનું નિત્ય નિરંતર સુમિરણ કરતા રહેવું જોઈએ. જમીનદારને ઘણો જ પશ્ચાતાપ થાય છે. તેમણે તરત જ પોતાની વિધવા ભાભી તથા તેમના ભાઈઓને બોલાવીને સમગ્ર ગામના લોકોની સાક્ષીએ તેના ભાગની જમીન, તેના હક્કના પૈસા આપી દીધા તથા પોતાની ભૂલ બદલ જાહેરમાં ભાભીની માફી માંગે છે. ભાભીએ વિશાળ દિલથી તેમને માફ કરી દીધા અને જમીનદારને ઘણા જ આશિર્વાદ આપે છે. જેના પરિણામ સ્વરૂપ જમીનદારની બીમારી કાયમ માટે મટી જાય છે.

જો તમોને પણ કોઈ અસાધ્ય રોગ થયો હોય તો જરૂરથી વિચાર કરજો કે સત્તા અને સંપત્તિના નશામાં મેં કોઈનો હક્ક તો નથી લઈ લીધોને? મેં કોઈનું દિલ તો નથી દુભાવ્યુંને? યાદ રાખો, પ્રભુ પરમાત્માની લાઠીનો અવાજ નથી સંભળાતો પરંતુ આપણે જેવી કરણી કરીશું તેવું ફળ આજે નહીં તો કાલે ભોગવવું જ પડશે. સારા માનવ બનો અને બધાનું ભલું કરો. ભૂતકાળમાં જે ભૂલો કરી છે તેને સુધારી લઈએ અને ભવિષ્યમાં સમજી વિચારી એવા કર્મો કરીએ કે અમારી વાણી વર્તનથી કોઈની લાગણી ના દુભાય. આપણું એક ખરાબ કર્મ આપણને અનેક જન્મો લેવાનું કારણ બનતા હોય છે.

નવીવાડી, તા. શહેરા, જિ. પંચમહાલ

મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫

Shailesh Mehta
Mo : 9427061996
7984472249

NAVKAR
T-A-X
CONSULTANCY

Income Tax Return and Audit

- GST Return
- ROC Work
- Loan
- Financial Planning
- Insurance
- Mutual Fund / SIP

202, Shoppers Plaza-4, Opp BSNL Exchange, C. G. Road
Ahmedabad-380009

Vinod Dedhia
M. : 98240 27041

इंडियन ऑयल
Indian Oil

Jay Ambe Petroleum Service


Dealer : Indian Oil Corporation Ltd.

State Highway-41, Kalol, Dist. : Gandhinagar (N.G.) 382 721 India.

Marengo Asia Hospitals



Dr. Dhiren Shah
MB, MS, Mch (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme



Service Offered :
- CABG
- VALVE SURGERY
- HEART FAIURE SURGERY
- MINIMALLY INVASIVE HEART SURGERY (MICS)
- ROBOTIC SURGERY
- HIGH RISK HEART SURGERY
- HEART TRANSPLANT
- LUNG TRANSPLANT
- TAVI TAVR

For Appointment : 1800 309 9999
OPD Co-ordinatar
Vipul Desai : +91-98795 66808
Clinical Co-ordinator
Sophy Patel : +91-99797 77655
Transplant Co-ordinator
Sunil Agrawal : +91-79843 40896

Transplant OPD, 2nd Floor, Marengo Asia CIMS Hospital, CIMS Hospital Road, Panchamrut Bunglows II, Sola, Ahmedabad, Gujarat 380060.

+91 9825575933 **dhiren.shah@cims.org** **www.dhrenshah.in**

SAHAJ GASTRO & LIVER CLINIC

4th Floor, 401, Anikedhya Capital 2, Mahalaxmi Five Road,
Opp. Badshah Dairy, Paldi, Ahmedabad, Gujarat 380007.

Dr. Kaivan Shah

MD (Medicine)
DM (Gastro Enterology & Hepatology) Gold Medalist

• Timings •
Mon to Sat : 11:30 AM to 04:00 AM
Mon to Sat : 06:30 PM to 08:00 PM

Appointment : 8849320675, 079-48900882

Sunday Closed • The Clinic is open from 9:30 to 8:30

Review : http://g.page/r/CbmPhq_2ihYMEA/review
Directions : http://g.co/kgs/NJsCwUt
Website : https://sahajgastro.in/

Like & Follow :
http://www.facebook.com/sahajgastro
http://www.instagram.com/sahajgastro/

ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, 3પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર



V-Trans - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

V-Xpress - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

V-Logis - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

અમારી ખાસીયતો

- **૧૫૦૦+** થી વધુ શાખા અને **૬૦+** થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે **3.૨** મિલિયન+ થી વધુ ચોરસ ફૂટ જગ્યા
- **૨૫૦૦+** થી વધુ જીપીએસયુક્ત વાહનો
- **૨.૪** મિલિયન+ ટન અને **૬૦** મિલિયન+ આર્ટિકલ્સ
- **૪૦૦૦** થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- **એક લાખ** થી વધુ ગ્રાહકો

અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના ક્લાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis End-to-end Integrated Logistics

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

100% PURE

BILONA METHOD



HAND CHURNED
BILONA METHOD
FOR MAXIMUM
NUTRITION
& PURITY

PURE • NATURAL

Gir Cow GHEE

SHUDHATA KA WAADA, SEHAT KA SAATH

A2

MADE FROM
NATURAL
A2 COW MILK

Desi Gir Cow
Milk Used

100% PURE
A2 COW GHEE

NO ADDITIVES
NO PRESERVATIVES
CHEMICAL FREE

100% PURE BILONA METHOD NATURAL A2 COW MILK SE BANA

BENEFITS OF A2 GIR COW GHEE

Boosts Immunity
Strengthens immune system & helps fight illnesses.

Improves Digestion
Enhances digestion & helps maintain gut health.

Good for Heart Health
Helps in maintaining healthy heart & cholesterol levels.

Enhances Memory
Improves brain function & memory power.

Supports Joint Health
Lubricates joints & helps in reducing inflammation.

Rich in Vitamins
Rich in Vitamins A, D, E, K & Omega 3 Fatty Acids.



NUTRITIONAL VALUE (PER 100g)

Energy	897 kcal
Total Fat	99.7 g
Saturated Fat	62.0 g
Monounsaturated Fat	28.0 g
Polyunsaturated Fat	3.0 g
Trans Fat	0.0 g
Cholesterol	180 mg
Vitamin A	700 mcg
Vitamin D	55 mcg
Vitamin E	2.5 mg
Vitamin K	4.0 mcg
Omega 3 Fatty Acids	0.6 g

NATURALLY OCCURRING NUTRIENTS

MANUFACTURED, PACKED & MARKETED BY:
NUTSSHELL
Your One-Stop Nut Shop

LIFE CARE SOLUTIONS
Shop No 3, Nirma Building,
Near Kailashnath Society,
Bhairavnath Road,
Maninagar, Ahmedabad
380008, Gujarat

fssai
Lic. No.
10726026000671

CUSTOMER CARE:
7043330890

PURE & NATURAL | DESI GIR COW MILK | NO CHEMICALS NO ADDITIVES | BILONA METHOD

BEST BEFORE
12 MONTHS FROM PKD.

STORE IN A COOL, DRY PLACE.
AWAY FROM DIRECT SUNLIGHT.

Since 1985

INDOTEX PAINTS

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

CA. TUSHAR SHAH
KHANDHAR MEHTA AND SHAH
CHARTERED ACCOUNTANTS
AHMEDABAD
tushar@kmsindia.in
+91 98980 26360

CA INDIA
CA. B. K. Patel
B.Com., LL.B., F.C.A.
Partner
(M) 98250 33927

B. K. PATEL & CO.
CHARTERED ACCOUNTANTS
401-404, Vraj Valencia, B/h. Mahindra Show Room, Nr. Sola Overbridge, S. G. Highway, Sola, Ahmedabad-380 060. Gujarat
Ph. : 079-2970 0974/75 ● Email : bkptelandco@gmail.com

SARDARDHAM
CA. B. K. Patel
Hon. Secretary
Sardardham, Vaishnodevi Circle, Ahmedabad-382421. Ph. : 7575001548/1596/1438
Mobile : 9825033927 E-mail : info.sardardham@gmail.com | secretary@sardardham.org
Website : www.sardardham.org

Nipun Solanki
CHASE INNOVATION
M. 92277 22408

વિકાસ શાહ
એચ. શાહ એન્ડ કું.
ડાયાલિસિસ મટીરીયલ સપ્લાયર્સ
મો. ૯૮૨૪૦ ૦૧૯૩૮

સુનીલભાઈ ઠક્કર
ઘનશ્યામ ઈલેક્ટ્રીકલ્સ
ઈલેક્ટ્રીકલ સામાનના વહેપારી
મો. ૯૪૨૭૫ ૦૮૭૭૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર "મંગલ મંદિર"ને
ખૂબ ખૂબ શુભેચ્છા...
(એક વાચક સભ્ય તરફથી)

શુભેચ્છા સહ



હસમુખ ઉગરચંદ ગટેચા પરિવાર
અમદાવાદ

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 9.00% (as on 10-03-2026) @ with montly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@★
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil★
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ / ૨૦૨૫ : ૧૨.૦૦%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

★ Conditions apply

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



Best Compliments From

SUJAKO

MANUFACTURERS OF
MODULAR FURNITURE
OFFICES | KITCHENS | WARDROBES
WWW.SUJAKO.COM

JAY ENTERPRISE

Products : Salt Speckles, Rock Salt (Sendha Namak),
Rock Salt Sujji, Black Salt (Sanchar) &
All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

If undelivered please return to :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

To,

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
"પદાધિકારીશ્રીઓ"

મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

ઉપપ્રમુખ-૧
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

ઉપપ્રમુખ-૨
ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧ ૯૮૬૧૬

માનદ્ મંત્રી
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

સહમંત્રી
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

ખજાનચી
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

સહ ખજાનચી
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

સેવા ભવનનું સરનામું :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ
www.kjss.org
ઉપર... *ઉપરાંત*....
www.hellokutchis.com
ઉપર વાંચી શકાય છે.

મંગલ મંદિર ● સપ્ટેમ્બર – ૨૦૨૬

ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો

અનુક્રમણિકા

એરિસ્ટોક્રેટ્સ

● એરિસ્ટોક્રેટ્સ
પ્રકરણ-૨૩ : શ્રેષ્ઠી શાંતિલાલ શાહ – ૨ ..... **દેવેન્દ્ર પટેલ**..... ૭૦

સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

● મણકો-૨૭ : બાળગંગાધર ટીળક ..... **રાજ ભાસ્કર/અનંત શુક્લ/મધુકાંત પ્રજાપતિ**..... ૭૨

★

● નાના લાયજા પોર્ટ કેટલે?
દીવાદાંડી લાગે એટલે ..... **સંજય પી. ઠાકર**..... ૭૩
● પુસ્તક પરિચય : "તે પંદર દિવસ" ..... **કિશોર જોબનપુત્રા**..... ૭૫
● હંમેશાં 'લય મય' રહીશું ..... **જગદીશચંદ્ર છાયા**..... ૭૬
● કચ્છમાં નર્મદા યોજનાનાં કામોમાં વિલંબ શા માટે? ..... **કિશોર જોબનપુત્રા**..... ૭૬
● કચ્છના ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝર ..... **હરેશ ધોળકિયા**..... ૭૭
● ગેસ અને પેટ્રોલ - ડીઝલનો ભંડાર ધરાવતા દેશો ..... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૭૯
● રાષ્ટ્રીય સંતનો ખિતાબ મેળવનારા પ્રથમ જૈન સંત
આચાર્ય વિદ્યાનંદજી મહારાજ ..... **સંજય પી. ઠાકર**..... ૮૨
● કચ્છના વહાણવટા ઈતિહાસના સંનિષ્ઠ સંશોધક - લેખક
ડૉ. મનુભાઈ પાંધી ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૮૩
● રતનજી બાવાએ દેવપુર ગામમાં ધાડ પાડી ..... **વસંત 'કચ્છ કેસરી'**..... ૮૫
● સ્થાપત્ય, કલા તથા સંસ્કૃતિથી સમૃદ્ધ કચ્છ પ્રદેશ ..... **વિનય પંડ્યા**..... ૮૭
● બોધકથા :
પ્રભુ પરમાત્માને જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી ..... **સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી**..... ૮૮
● બોધકથા :
ભગવાન ક્યાં રહે છે? અને ભગવાન શું કરે છે? ..... **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૮૯
● ડૉક્ટરની ડાયરી : સત્ય ઘટના ..... **ડૉ. શરદ ઠાકર**..... ૯૦

સફળતા હંમેશાં સારા વિચારોથી આવે છે અને
સારા વિચારો હંમેશાં સારા માણસોના સંપર્કમાંથી આવે છે. સારા માણસોની હંમેશાં સોબત રાખો.

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૩ ★ શ્રેષ્ઠી શાંતિલાલ શાહ – ૨

ઇવેન્ટ મેનેજમેન્ટનો પ્રારંભ શાંતિભાઈએ વર્ષો પહેલાં કર્યો

• લેખક •
દેવેન્દ્ર પટેલ

ઈ.સ. ૧૯૫૧.

'ગુજરાત સમાચાર'ની કથળેલી હાલત જોઈ કંપનીના ચેરમેન શ્રી ગણેશ વાસુદેવ માવળંકરે શાંતિભાઈને 'ગુજરાત સમાચાર'નું સુકાન સોંપ્યું. શાંતિભાઈએ માત્ર છ મહિના જ માંગ્યા હતા. તેમણે કહ્યું હતું : 'દાદાસાહેબ! મને છ મહિનાનો સમય આપો. હું 'ગુજરાત સમાચાર'ને કમાતું કરી દઈશ.'

દાદાસાહેબને શાંતિભાઈ પર ભરોસો હતો.

એ વખતે ગુજરાતનું સમાચારનું વાર્ષિક ટર્નઓવર રૂા. ૪ લાખનું હતું. રૂા. ૧૬ લાખનું દેવું હતું. નકલો માત્ર ૮ હજાર હતી. કંપનીની કાયાપલટ કરવા માટે શાંતિભાઈએ કેટલાંક કડક પગલાં લીધાં. ઑફિસમાં બેઠા બેઠા વહીવટ કરતા ખુશામતિયાઓને રવાના કરી દીધા. જૂના વફાદાર કર્મચારીઓને પાછા લઈ આવ્યા. તેઓ આખા દેશમાં ફર્યા હતા. અનેક અખબારોના માલિકોને જાણતા હતા. દરેક અખબારોમાં સારું શું છે તે વાત તેઓ જાણતા હતા.

પહેલાં તો તેમણે ખર્ચ બચાવવા 'ગુજરાત સમાચાર' ભવનની લિફ્ટ વેચી દેવા નિર્ણય કર્યો. લિફ્ટનો ધંધો કરનારને બોલાવ્યો. ઈંગ્લેન્ડમાં બનેલી એ લિફ્ટની કિંમત રૂા. ૧૯ હજાર હતી. લિફ્ટવાળાએ લિફ્ટનાં બહુ જ વખાણ કર્યાં એટલે શાંતિભાઈએ કહ્યું : 'બોલ, કેટલામાં લેવી છે તારે?'

'રૂા. ૯ હજાર.'

એ લિફ્ટ એ જ વખતે વેચી દેવા સોદો કર્યો. ત્યાર પછી કંપની ચલાવવા મૂડીની જરૂર હતી. તેમણે પોતાનું ઘર ગેરન્ટી પર મૂકી લોન લીધી. અલબત્ત પૈસા માટે તેમણે કોઈનીય પાસે હાથ લાંબો કર્યો નહીં. સૌથી પહેલાં તો તેઓ રતનપોળ હાથીખાનાના મકાનમાંથી નીકળી 'ગુજરાત સમાચાર' ભવનના ઉપલા માળે જ રહેવા આવી ગયા. તેઓ જાણતા હતા કે ધંધા પર પૂરતું ધ્યાન આપવું હોય તો 'ગુજરાત સમાચાર'માં જ ચોવીસે કલાકે રહેવું જરૂરી છે. અડધી રાતે મશીનમાં કોઈ તકલીફ હોય કે કોઈ મોટી ઘટના બને તો તરત જ તે પર ધ્યાન આપી શકાય. દોડીને જઈ શકાય. એક શેઠ તરીકે પ્રેસની બહાર કોઈ મોટા બંગલામાં રહી રૂઆબ ઊભો કરવો તેવો ખ્યાલ તેમને કદીયે ન આવ્યો. 'ગુજરાત સમાચાર'ને જ તેમણે પોતાનું જીવન બનાવી દીધું.

તેમની પાસે કંપનીમાં એક જ ટેલિફોન હતો. દિવસે તે ટેલિફોન અખબારના તંત્રીખાતા માટે અને વહીવટી વિભાગ માટે કામ આવે. રાત્રે તે ટેલિફોન બિલ્ડિંગના ઉપરના માળે તેમના નિવાસસ્થાનમાં ચાલ્યો જાય. અડધી રાતે પણ તેમને જગાડી શકાય. શેઠ એટલે રાત્રે ઉઠાડાય જ નહીં તેવો વિવેક તેમણે દૂર કરાવી દીધો. દિવસનો ગમે તેટલો થાક હોય પરંતુ માંડ એક કે બે ઘડી પછી તો તેઓ ફોન ઉપાડી લેતા.

એવી જ રીતે તેમની પાસે એક જ મોટરકાર હતી. દિવસે તેઓ પોતાના માટે કાર વાપરે અને રાત્રે એ જ મોટરકાર 'ગુજરાત સમાચાર'નાં પાર્સલો મોકલવા કામ લાગે. તેઓ જાતે ગાડી ચલાવતા. રાત્રે પાર્સલોની હેરાફેરી માટે ડ્રાઇવર રાખ્યો હતો.

નોંધનીય વાત એ હતી કે શાંતિભાઈ પોતે એક સામાન્ય વ્યક્તિ હોવા છતાં અમદાવાદના તમામ મોટા ગર્ભશ્રીમંતો, રહીશો અને ઉદ્યોગપતિઓ સાથે સીધો સંબંધ ધરાવતા હતા. સર ચીનુભાઈ બૅરોનેટ અને અંબાલાલ સારાભાઈના બંગલામાં તેમને વિના રોકટોક પ્રવેશ હતો. મિલમાલિક કસ્તુરભાઈ લાલભાઈ સાથે તેમને અંગત ઘરોબો હતો. પરંતુ 'ગુજરાત સમાચાર' માટે તમે મને જાહેરખબર આપો એવી માંગણી તેમણે કદીયે કરી નહીં. જાહેરાતો મેળવવા માટે તેમણે કદીયે કોઈની વિરુદ્ધ છાપ્યું નહીં. તેઓ એક વાત બરાબર જાણતા હતા કે, 'મારા અખબારમાં તાકાત હશે તો જાહેરખબરો આપોઆપ આવશે. દમદાટીથી કે ભીખ માંગીને લાવેલી જાહેરખબરોથી અખબાર લાંબુ ચાલી શકે નહીં.' ભીખના હાંડલા ચૂલે ના ચડે તે વાત તેઓ બરાબર જાણતા હતા. જાહેરખબર આપ્યા બાદ વેપારીને બજારમાં તેનો રીસ્પોન્સ આવશે તો જાહેરખબરો આપોઆપ મળશે તેમ તેઓ માનતા હતા.

શાંતિભાઈનો સ્વભાવ એટલો સરળ હતો કે તેમના કોઈ દુશ્મનો જ નહોતા. તેમણે કદીયે કોઈ એક રાજકીય પાર્ટી, રાજકીય જૂથ કે ઉદ્યોગપતિઓની ગુટબાજીમાં ઝંપલાવ્યું નહીં. પરિણામે દરેકની સાથે સાલસ સંબંધો રહ્યા અને વિકસ્યા. શહેરના માત્ર ઉચ્ચવર્ગમાં જ નહીં પરંતુ રાજકારણીઓના પણ તેઓ એક અજાતશત્રુ તરીકે ઊપસ્યા. કારણ એક જ હતું તેમને રાજકારણમાં નહીં પરંતુ 'ગુજરાત સમાચાર'માં જ રસ હતો.

તેમણે જોયું કે કોઈ પણ અખબારની તાકાત તેની

યંત્રસામગ્રી નથી પરંતુ તેનું તંત્રીખાતું તે તેનો પ્રાણ છે. અખબારમાં લખનારા પત્રકારો અને લેખકો કેવા છે તે યંત્રસામગ્રી કરતાં પણ વધુ મહત્ત્વનું છે. શાંતિભાઈએ સ્થાપિત હિતો ધરાવતા પત્રકારોને દૂર કરી દીધા. હોશિયાર અને નિષ્ઠાવાન પત્રકારોને તેમણે પ્રાધાન્ય આપ્યું. દેશના દરેક અખબારોની કચેરીમાં તેઓ ફર્યા. દરેક અખબારમાં સારું શું છે તે શોધીને તેને 'ગુજરાત સમાચાર'માં સ્વીકારવામાં તેમણે કોઈ નાનમ અનુભવી નહીં.

પોતાનો તમામ અહમ્ છોડીને તેઓ તે વખતના ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ લેખકોને ગુજરાત સમાચારમાં ખેંચી લાવ્યા. લેખકોને તેઓ બોલાવતા. પોતાની ઑફિસમાં બેસાડતા. ચા પીવડાવતા. ચર્ચાઓ કરતા. તેને જે કાંઈ નવું લખવું હોય તે માટે તેમણે અવકાશ ઊભો કરી આપ્યો. લેખકોના સ્વભાવ, મૂડ, તેની સંવેદનશીલતાને તેઓ જાણતા હતા. પન્નાલાલ પટેલથી માંડીને જીવરામ જોષી જેવા લેખકો ગુજરાત સમાચારમાં લખવા માંડ્યા. બાળવાર્તાઓના લોકપ્રિય લેખક જીવરામ જોષી ઘણી વખત નાની નાની બાબતોમાં રીસાઈ જતા. શાંતિભાઈ શેઠ હોવા છતાં પોતાનો અહમ છોડીને તેમને સમજાવી લેતા. કોઈ લેખક કે પત્રકાર રીસાઈ ગયો હોય તો તેના ઘેર ગાડી મોકલીને બોલાવી મંગાવતા.

એકવાર તંત્રી ખાતું પ્રાણવાન બનાવ્યું પછી તેમણે 'ગુજરાત સમાચાર' માટે નવી નવી પૂર્તિઓ શરૂ કરી. નવા વિભાગો અને ફિચર્સ શરૂ કર્યાં. રવિવારની પૂર્તિ અને બુધવારની પૂર્તિ 'શતદલ' એકદમ લોકપ્રિય થયાં. નવા લેખકો અને સાહિત્યકારોને પણ તેમાં સ્થાન મળ્યું. પરિણામે ગુજરાત સમાચાર ગુજરાતના સુશિક્ષિત, સુસંસ્કૃત અને સભ્ય સમાજના અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન પામવા લાગ્યું.

એ જમાનામાં તેઓ જયભિખ્ખુ જેવા લેખકોને લઈ આવ્યા. જાણીતા હાસ્યલેખક અને સાહિત્યકાર બકુલ ત્રિપાઠીથી માંડીને ચન્દ્ર કાર્ટુનીસ્ટ પણ શાંતિભાઈ શેઠનું જ પ્રદાન છે. જયવદન પટેલ જેવા પત્રકારો પાસે સંવેદનશીલ કથાઓ લખાવી 'ઝાકળઝંઝા'ની ભેટ ધરી. મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી' પણ શાંતિભાઈની જ ખોજ હતી. જયભિખ્ખુના અવસાન પછી તેમના સાહિત્યકાર પુત્ર કુમારપાળ દેસાઈની શક્તિ પારખી પિતાની કૉલમ પુત્રને સોંપી દીધી.

જીવરામ જોષીની તાકાત પારખીને તેમણે બાળકો માટેનું સામાયિક 'ઝગમગ' શરૂ કર્યું. જીવરામ જોષીનાં પાત્રો 'મિયાં ફુસકી', 'છેલ અને છબો' આજે પણ લોકપ્રિય છે. પરંતુ તે બધાની પાછળ ખરું ચાલક બળ તો શાંતિભાઈ જ હતા.

એ જમાનામાં 'ઝગમગ'નું સરક્યુલેશન ૫૦ હજાર નકલો એટલે કે એ વખતના 'ગુજરાત સમાચાર' કરતાં પણ વધુ હતું.

ઝગમગ સાપ્તાહિક ઉપરાંત તેમણે સૌપ્રથમવાર ગુજરાતી ભાષામાં 'પોકેટબુક' ટાઈટલ માત્ર દસ આનામાં શરૂ કરી. અડુકિયો દડુકિયો, મિયાં ફુસકી, છેલછબો ઉપરાંત મહાભારત, રામાયણની બાળવાર્તાનાં પુસ્તકો લખાવ્યાં. ગુજરાતી ભાષામાં 'પોકેટબુક'ના ૧૫૦થી વધુ ટાઈટલ શાંતિભાઈ શાહે પ્રસિદ્ધ કરાવ્યાં હતાં.

એ સમયના કુશળ પત્રકાર શશીકાંત નાણાંવટીને તેમણે 'ચિત્રલોક'ની જવાબદારી સોંપી. શાંતિભાઈને કદીયે ફિલ્મો કે નાટકો જોવાનો શોખ નહોતો પરંતુ તેમને લોકોની અભિરૂચિની ખબર હતી. લોકો ફિલ્મો પાછળ ગાંડા હતા. તેમને એક્ટર્સ-એક્ટ્રેસની ભીતરી વાતો જાણવામાં રસ હતો. આ અભિરૂચિને જાણી ગયેલા શાંતિભાઈએ 'ચિત્રલોક' મેગેઝીન શરૂ કર્યું અને ગજબની સફળતા મળી. છેક મુંબઈના ફિલ્મ કલાકારોને પણ 'ચિત્રલોક'ની નોંધ લેવી પડતી. બોલિવુડના ફિલ્મ કલાકારો પણ તેમની તસવીર 'ચિત્રલોક'માં છપાય તેવી ઇચ્છા રાખતા. ચિત્રલોક માટે સમાચારો અને તસવીરો લાવવા માટે તેમણે મુંબઈમાં પત્રકારો અને તસવીરકારોની નિમણૂક કરી.

આજે નવા નવા આવેલા ઘણા ઈવેન્ટ મેનેજમેન્ટની વાતો કરે છે પરંતુ શાંતિભાઈએ તો છેક ૧૯૫૧માં ચિત્રલોક સિને સર્કલ શરૂ કરીને એ જમાનામાં ઈવેન્ટ મેનેજમેન્ટની વિચારધારા અને નક્કર કાર્યક્રમો આપ્યા હતા. ચિત્રલોક સિને સર્કલના બેનર હેઠળ વર્ષમાં અનેક કાર્યક્રમો યોજાવા લાગ્યા. મુંબઈના નામી કલાકારો હોંશથી અમદાવાદ આવતા. સેંકડો પ્રેક્ષકોની સામે ઉપસ્થિત થતા. મનોરંજન કરતા. લોકોના પ્રશ્નોના જવાબ આપતા. લોકો તેમના પ્રિય કલાકારોને જોઈ ચિચિયારીઓ પાડતા. ચિત્રલોક સિને સર્કલના કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાજકપૂર, નરગીસ, મધુબાલા, મીનાકુમારી, વ્હી. શાંતારામ, રાજકુમાર, રાજેન્દ્રકુમાર, પ્રાણ, સુનિલદત્ત, કવિ પ્રદીપજીથી માંડીને પ્રેમનાથ જેવા અનેક કલાકારો અમદાવાદ આવ્યા. ગુજરાત સમાચારના મહેમાન બન્યા. દેવઆનંદ તો અનેકવાર આવ્યા. રાજકપૂર અને નરગીસ માટે તો 'ગુજરાત સમાચાર' તેમનું બીજું ઘર બની ગયું. શાંતિભાઈ શેઠનાં બાળકો કદીક નરગીસના ખોળામાં રમતાં. અમિતાભ બચ્ચનની કારકિર્દી હજી ક્લિક થઈ નહોતી ત્યારે પણ ગુજરાત સમાચારે તેમને આમંત્ર્યા. એ વખતે રાજેશ ખન્ના સુપરસ્ટાર હતા. રાજેશ

(અનુસંધાન : જુઓ પાના નંબર – ૭૨ ઉપર)

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
મણકો - ૨૭ : બાળગંગાધર ટીળક

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ /
મધુકાંત પ્રજાપતિ

જન્મ : ૨૩ જુલાઈ, ૧૮૫૬

મહાપ્રયાણ : ૦૧ ઓગસ્ટ, ૧૯૨૦

'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે' – એવી બુલંદ સ્વરે ગર્જના કરનારા બાળ ગંગાધર ટિળક મહારાષ્ટ્રના રત્નાગિરી પાસેના ચિખલ ગામના વતની હતા. તેમનો જન્મ ૨૩મી જુલાઈ ૧૮૫૬ના રોજ મુંબઈમાં થયો હતો. પૂણેની ડેક્કન કોલેજમાંથી બી.એ. તેમજ મુંબઈની કોલેજમાંથી બૅરીસ્ટરની ડિગ્રી મેળવનાર ટિળકે ધાર્યું હોત તો વકીલાત કરીને અઢળક નાણાં કમાઈ શક્યા હોત. પરંતુ દેશભક્તિને વરેલા આ ક્રાંતિકારી વ્યાવસાયિક ન બનતાં 'મરાઠા' અને 'કેસરી' જેવા રાષ્ટ્રવાદી અખબારના સંપાદક બન્યા. અખબારની તમામ કામગીરી જાતે સંભાળતા. ત્યાં સુધી કે ગ્રાહકોનાં સરનામાં પણ પોતે લખતા. એ વખતે ભાગ્યે જ કોઈ અખબારનો તંત્રી અંગ્રેજ સરકારની અત્યાચારી નીતિ સામે ઊંચો અવાજ કરવાની હિંમત કરતો. ત્યારે ટિળક 'મરાઠા' અને 'કેસરી'માં અંગ્રેજ સરકારની દમનકારી નીતિની ઝાટકણી કરવામાં કશું બાકી ન રાખતા. મહારાષ્ટ્રમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે સરકારે જે અમાનવીય વલણ દાખવ્યું તેની 'મરાઠા' અને 'કેસરી'માં નિર્ભિક ટીકા કરી. અંગ્રેજ સરકાર હવે થોડી ટિળકને છોડે? ટિળક પોતાના અખબારમાં ઉશ્કેરણીજનક લેખો લખીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે એવું કહી તેમના વિરુદ્ધ રાજદ્રોહનો આરોપ મૂકી તેમને યરવડાની જેલમાં પૂર્યા. દોઢ વર્ષ જેલમાં ગાળીને છૂટ્યા પછી પણ ટિળક એ જ નિર્ભિકતાથી સરકાર વિરુદ્ધ લખતા રહ્યા. લોકોમાં રાષ્ટ્રભાવના જગાવવા એમણે ગણેશોત્સવ અને શિવાજી જયંતીના તહેવારને સાર્વજનિક બનાવ્યા. મધુપ્રમેહનો રોગ હોવા છતાં રોજના અઢાર કલાક કાર્યરત રહેતા. શ્રીમતી ઍની બેસન્ટ સાથે મળીને હોમરૂલ આંદોલનની આગેવાની પણ લીધી. દરમિયાન કેસરીમાં પ્રગટ થયેલા 'દેશનું કમનસીબ' લેખને સરકારે રાજદ્રોહ સમાન ગણાવી તેમના પર ફરી કેસ ચલાવ્યો અને તેમને છ વર્ષની કાળાપાણીની સજા સંભળાવી બર્માની માંડલેની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલમાં ટિળકે અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો. 'ગીતારહસ્ય' જેવું અમર પુસ્તક પણ લખ્યું. ત્યાં એક દિવસ પત્નીના દુ:ખદ મૃત્યુના સમાચાર આવ્યા. તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સંતાનોને પત્ર લખ્યો: 'તમારી મા અને હું લગભગ ૫૦ વર્ષ સાથે જીવ્યાં છીએ. આજે તેની અંતિમ પળોમાં હાજર ન રહી શક્યાનું અપાર દુ:ખ અનુભવું છું. તેની ઉત્તરક્રિયા સાંગોપાંગ કરજો.' છ વર્ષની કાળાપાણીની સજા પૂરી કરીને ટિળક જેલમાંથી છૂટ્યા ત્યારે દેશમાં ઠેર ઠેર તેમનું સન્માન કરવામાં આવ્યું. 'લોકમાન્ય'ના બિરૂદથી નવાજવામાં આવ્યા. પરંતુ સતત પ્રવાસના કારણે તેમની તબિયત કથળતી ગઈ. મા ભારતીની સ્વતંત્રતા ઝંખતા આ દેશભક્ત આખરે ૧ ઓગસ્ટ ૧૯૨૦ના રોજ ૬૪ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવી ગયા. ■

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૩

(અનુસંધાન : પાના નંબર – ૭૧ ઉપરથી ચાલુ)

ખન્નાને ગુજરાત સમાચારે ચાર્ટર્ડ પ્લેન કરીને મુંબઈથી અમદાવાદ બોલાવ્યા. ડિમ્પલ કાપડિયા પણ રાજેશ ખન્ના સાથે અમદાવાદ આવી હતી. ચિત્રલોક સિને સર્કલના કાર્યક્રમ પતાવી તેઓ પાછા મુંબઈ જઈ રહ્યાં હતા ત્યારે જ તે વખતે બેઉએ એકબીજાને પ્રણયનું ઈજન આપ્યું. પ્રસ્તાવ મૂકાયો અને તે છેવટે પરિણયમાં પરિણમ્યો.

તેમણે વર્ષો પહેલાં મહિલાઓની અભિરૂચિ જાણીને બહેનો માટે 'શ્રી' સાપ્તાહિક શરૂ કર્યું જે અત્યંત લેકપ્રિય બન્યું. મહિલાઓ માટે ભાતભાતના કાર્યક્રમો રજૂ કરી શકાય તે માટે 'શ્રી મિલન' નામની સંસ્થા શરૂ કરી. 'શ્રી મિલન'એ ગુજરાતના ભાતીગળ અને આધુનિક ગરબાને સ્ટેજ પર લાવી ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરી હતી.

શાંતિભાઈ શેઠના ઈવેન્ટ મેનેજમેન્ટનું આ પણ એક પરિમાણ અને પરિણામ હતું.

(ક્રમશ:)

ઠંડીની ઋતુમાં જે રીતે સૂરજનો ઈંતઝાર રહે છે,
ગરમીમાં તેનો જ તિરસ્કાર થાય છે.
એ જ પ્રમાણે તમારી કિંમત ત્યાં સુધી છે,
જ્યાં સુધી તમારી જરૂરત છે.

નાના લાયજા પોર્ટ કેટલે? દીવાદાંડી લાગે એટલે!

સંજય પી. ઠાકર

કચ્છના માંડવી તાલુકાના નાના લાયજા ખાતે નવું પોર્ટ સ્થાપવા ગુજરાત સરકારે ૧૨મી ઓગસ્ટ ૨૦૨૬ના જાહેરાત કરી છે. નાના લાયજા સહિત ગુજરાતના છ ગ્રીનફિલ્ડ પોર્ટ વિકસાવવા ગુજરાત મેરી ટાઈમ બોર્ડ વૈશ્વિક સ્તરે બીડ હાથ ધરશે. રૂા. ૧૨૩૨૦ કરોડના ખર્ચે આ તમામ પ્રસ્તાવિત પોર્ટનું બિલ્ડ-ઓન-ઑપરેટ-ટ્રાન્સફર (બીઓઓટી) મોડલ પર નિર્માણ અને રખરખાવ થશે. તે સંજોગોમાં જાણવું રસપ્રદ થઈ રહેશે કે, નાના લાયજા મધ્યે સ્થપાનારા પોર્ટને વિકસવાની અને નિર્માણ કરવાની સંભાવના કેટલી છે? એ પોર્ટ કઈ રીતે કાર્યાન્વિત થશે? તેનાથી સ્થાનિક સમુદાયને શું ફાયદો થશે?

નિષ્ણાતોના મતે નાના લાયજા ખાતે પોર્ટ બનવાની સંભાવના સારી છે, પરંતુ અત્યારે તેને "નક્કી થઈ ગયેલો પોર્ટ" ગણવો વહેલો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે હાલની પ્રક્રિયા વૈશ્વિક EOI/બિડિંગના તબક્કે છે; પોર્ટનો વિકાસકર્તા હજુ પસંદ થયો નથી. તાજેતરની માહિતી મુજબ નાના લાયજા સહિત છ ગ્રીનફિલ્ડ પોર્ટ માટે વૈશ્વિક રોકાણકારોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

૧. નાના લાયજા પોર્ટ બનવાની સંભાવના કેટલી?

તેને "મધ્યમથી સારી, પરંતુ હજી અનિશ્ચિત" સંભાવના કહી શકાય.

તેના ત્રણ મોટા કારણ છે:

૧. *નાના લાયજા માત્ર કાગળ પરનું નવું સ્થળ નથી.* નાના લાયજા ખાતે બંદર/શિપયાર્ડ વિકસાવવાની કલ્પના ઘણા વર્ષોથી ચાલતી આવી છે. અગાઉના વિગતવાર પ્રિ-ફિઝિબિલિટી અભ્યાસમાં નાના લાયજા કિનારાને જખૌ અને માંડવીના વિકલ્પોની સરખામણીમાં શિપયાર્ડ તથા કેપ્ટિવ જેટી માટે યોગ્ય ગણવામાં આવ્યું હતું.

૨. સ્થળની ભૌગોલિક યોગ્યતા અગાઉના અભ્યાસમાં સારી જણાઈ હતી. અગાઉના અભ્યાસમાં નાના લાયજા વિસ્તારમાં પૂરતી જમીન, ઓછા પુનર્વસન-પુનઃસ્થાપન પ્રશ્નો અને દરિયાઈ પહોંચના સારા પરિબળો દર્શાવવામાં આવ્યા હતા.

૩. ગુજરાત સરકાર હવે તેને ફરીથી મોટા પાયે બજારમાં મૂકી રહી છે. આ વખતે સરકાર માત્ર અભ્યાસ નથી કરી રહી; છ ગ્રીનફિલ્ડ પોર્ટ માટે ખાનગી ક્ષેત્ર પાસેથી વૈશ્વિક સ્તરે રસ અને ભાગીદારી મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જો કે હાલની EOI (એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ)માં દર્શાવેલા સ્થળોને અંતિમ/ફાળવાયેલા સ્થળો ગણવામાં આવ્યા નથી – અંતિમ સ્થાન અને પ્રોજેક્ટની રચના આગળની પ્રક્રિયા પછી નક્કી થશે.

એટલે આકલનાત્મક ભાષામાં :

નાના લાયજા પોર્ટ માટે સરકારની ગંભીરતા ખૂબ સ્પષ્ટ છે, સ્થળની અગાઉથી થયેલી ટેકનિકલ તપાસ પણ છે; પરંતુ ખાનગી ડેવલપર, નાણાકીય વ્યવહાર્યતા, પર્યાવરણીય મંજૂરીઓ અને અંતિમ કન્સેશન એગ્રીમેન્ટ થયા વગર "પોર્ટ ચોક્કસ બનશે" એવું કહેવું યોગ્ય નથી.

૨. પોર્ટ કેવી રીતે કાર્યાન્વિત થશે?

અહીં BOOT - Build, Own, Operate and Transfer મોડેલ મહત્ત્વનો છે. સરળ ભાષામાં સમજીએ.

સરકાર/GMB (ગુજરાત મેરીટાઈમ બોર્ડ) – સ્થળ અને નીતિગત માળખું – ખાનગી કંપનીની પસંદગી – ખાનગી રોકાણ – બંદરનું બાંધકામ – ખાનગી કંપની દ્વારા સંચાલન – લાંબા ગાળે સરકારને હસ્તાંતરણ. ગુજરાતમાં આ કોઈ નવો પ્રયોગ નથી. GMB છેલ્લા ઘણા સમયથી ખાનગી ભાગીદારી દ્વારા ગ્રીનફિલ્ડ પોર્ટ વિકસાવતું આવ્યું છે. GMBની માહિતી પ્રમાણે BOOT મોડેલ હેઠળ ખાનગી વિકાસકર્તા બંદર વિકસાવે અને ચલાવે છે અને કન્સેશન સમયગાળો પૂર્ણ થયા પછી બંદર GMBને સોંપવામાં આવે છે. ગુજરાતનું પીપાવાવ બંદર તેનું ઉત્તમ ઉદાહરણ છે. GMB મુજબ તે BOOT નીતિ હેઠળ વિકસાવાયેલું અને ૧૯૯૬થી કાર્યરત પ્રથમ ખાનગી બંદર હતું.

નાના લાયજામાં વાસ્તવમાં શું બનશે?

હાલની EOI પછી સામાન્ય રીતે નીચેના તબક્કા આવશેઃ

૧. વૈશ્વિક કંપનીઓ/કન્સોર્ટિયમ તરફથી રસ અને દરખાસ્તો.

૨. GMB દ્વારા યોગ્ય ડેવલપરની પસંદગી.
૩. વિગતવાર DPR (ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ) અને ટેકનિકલ-આર્થિક અભ્યાસ.
૪. દરિયાઈ સર્વે, બાથિમેટ્રી, માટી અને પર્યાવરણીય અભ્યાસ.
૫. જરૂરી CRZ (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન), પર્યાવરણ અને અન્ય મંજૂરીઓ
૬. કન્સેશન એગ્રીમેન્ટ.
૭. બ્રેકવોટર, જેટી/બર્થ, ડ્રેજિંગ, યાર્ડ, સ્ટોરેજ વગેરેનું બાંધકામ.
૮. રોડ-રેલ અને અન્ય hinterland connectivity.
૯. ત્યારબાદ વ્યવસાયિક ધોરણે પોર્ટનું સંચાલન.

આમાં સૌથી મોટો પ્રશ્ન ખાનગી રોકાણકારને પ્રોજેક્ટ આર્થિક રીતે આકર્ષક લાગે છે કે નહીં તે રહેશે.

૩. નાના લાયજા પોર્ટમાં કયા પ્રકારનું કામ થઈ શકે?

અહીં એક રસપ્રદ બાબત છે. નાના લાયજા અંગેનો જૂનો પ્રોજેક્ટ માત્ર સામાન્ય માલ ચઢાવવા-ઉતારવા પૂરતો નહોતો. અગાઉના પ્રી-ફિઝિબિલિટી અભ્યાસમાં Shipyard + Captive Jetties + LNG Terminalની કલ્પના કરવામાં આવી હતી અને નજીકના લાયજા મોટા વિસ્તારમાં SEZ/ FTWZ (સ્પેશિયલ ઇકોનોમિક ઝોન / ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોન) સાથે બંદરને જોડવાની યોજના દર્શાવવામાં આવી હતી. હાલની નવી સરકારી પહેલમાં ચોક્કસ cargo mix અને અંતિમ બંદરનું કદ હજુ નક્કી થયું હોવાનું માનવું યોગ્ય નથી.

પરંતુ જો યોગ્ય રોકાણકાર મળે તો ભવિષ્યમાં અહીં:

- Dry bulk cargo
- Container/general cargo
- Coastal shipping
- Industrial raw materials
- Export-import cargo
- Ship repair/ancillary activities
- Logistics અને warehousing જેવી પ્રવૃત્તિઓ ઊભી થઈ શકે છે. અંતિમ સ્વરૂપ તો પસંદ થનારી કંપનીના DPR અને GMBની મંજૂરી બાદ જ સ્પષ્ટ થશે.

૪. સ્થાનિક લોકોને શું લાભ થઈ શકે?

એક મત મુજબ નાના લાયજા અને સમગ્ર માંડવી-કચ્છ માટે આ સૌથી મહત્ત્વનો ભાગ છે.

રોજગારી

પોર્ટનું બાંધકામ શરૂ થશે ત્યારે :

- બાંધકામ મજૂરો
- ડ્રાઇવરો
- મિકેનિકલ/ઇલેક્ટ્રિકલ કામદારો
- વેલ્ડર્સ
- ટેકનિશિયન
- સુરક્ષા કર્મચારીઓ

જેવી મોટી સંખ્યામાં સીધી અને પરોક્ષ રોજગારી ઊભી થઈ શકે.

પોર્ટ કાર્યરત થયા પછી logistics, transport, warehousing, maintenance, security, catering, repair અને અન્ય સેવાઓમાં લાંબા ગાળાની રોજગારી સર્જાઈ શકે.

સ્થાનિક યુવાનો માટે કૌશલ્ય વિકાસ

આ કદના પોર્ટથી માત્ર મજૂરીની નોકરી નહીં પરંતુ ITI → Skill Training → Port Jobs → Maritime Services એવું આખું સ્થાનિક રોજગાર ઇકોસિસ્ટમ ઊભું થઈ શકે છે. GMBની નીતિમાં પણ વિકાસકર્તા દ્વારા Skill developmentને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓનો ઉલ્લેખ જોવા મળે છે.

માંડવી વિસ્તારના વેપારને લાભ

પોર્ટ સાથે રોડ, પરિવહન, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટ અને અન્ય લોજીસ્ટીક સેવાઓ વિકસે તો માંડવી અને આસપાસના વિસ્તારોમાં નાના-મધ્યમ વ્યવસાયો માટે નવી તકો ઊભી થઈ શકે.

જમીન અને સ્થાનિક અર્થતંત્ર

જો સરકાર અને ડેવલપર સ્થાનિક લોકોને યોગ્ય રીતે સાથે રાખે તો:

- સ્થાનિક કોન્ટ્રાક્ટરો
- વાહન વ્યવસાય
- હોટેલ/ભોજન વ્યવસાય
- રીપેરીંગ
- મટીરીયલ સપ્લાય
- ટ્રાન્સપોર્ટ
- વેરહાઉસિંગ

જેવા ક્ષેત્રોને મોટો લાભ થઈ શકે.

(અનુસંધાન : જુઓ પાના નંબર – ૮૧ ઉપર)

પુસ્તક પરિચય

"તે પંદર દિવસ...."

કિશોર કે. જોબનપુત્રા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને આઝાદી વિશે હજારો પુસ્તકો લખાયા છે. ઘણી જગ્યાએ ઈતિહાસને યથાવત નહીં પણ રાજકીય સ્વાર્થ ખાતર પોતાને અનુકૂળ આવે તે રીતે મારી મચડીને રજૂ કરવામાં આવ્યો છે એ વરવી વાસ્તવિકતા છે.

૧૦ થી ૧૫ લાખ લોકોનો ક્રૂરતાપૂર્વક નરસંહાર અને કરોડો લોકોને પોતાની જન્મભૂમિમાંથી ઉખાડી ફેંકનાર હિન્દુસ્તાનના વિભાજન જેવો ક્રૂર અને ઐતિહાસિક દૃષ્ટાંત ઈતિહાસમાં અન્ય ક્યાંય જોવા મળતો નથી.

સ્વાતંત્ર્યનો ઈતિહાસ ખૂબ લાંબો છે. પરંતુ તા. ૧ ઓગસ્ટ ૧૯૪૭થી ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના એ નિર્ણાયક દિવસોનું સચોટ વર્ણન "તે પંદર દિવસ..." પુસ્તકમાં કરવામાં આવ્યું છે. ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત અને પ્રશાંત પોળની કસાયેલી કલમે લખાયેલ માત્ર ૧૬૦ પાનાના આ નાનકડા પુસ્તકનું ગુજરાતીમાં અનુવાદ ડૉ. સુનીતિ કારુળકરે કર્યું છે. દેશના વિભાજન વખતે દેશના મોટા નેતાઓ ગાંધીજી, નેહરૂ, સરદાર પટેલ, ઝીણા, ડો. આંબેડકર વગેરે અને ખાસ તો કોંગ્રેસનો વ્યવહાર કેવો હતો એના વિશે આ પુસ્તકમાં હુબહુ વર્ણન કરવામાં આવ્યું છે. સાથે સાથે દેશના નાના મોટા રજવાડાઓએ કેવું વલણ અખત્યાર કર્યું હતું તેનો ચિતાર આ પુસ્તકમાં મળે છે. વિવિધ પ્રાંતોમાં થયેલ હુલ્લડો, નરસંહાર, બળાત્કાર જેવા જઘન્ય કૃત્યો વાંચીને એમ લાગે કે માણસ જાત આટલી નિષ્ઠુર કેવી રીતે થઈ શકે?

તારીખ ૧થી ૩ ઓગસ્ટ દરમિયાન કાશ્મીરના મહારાજા હરિસિંહની અનિચ્છા છતાં ગાંધીજીનો કાશ્મીર પ્રવાસ, બલુચિસ્તાનની પાકિસ્તાન સાથે જોડાણની મજબૂરી, સિંધ પ્રાંતમાં થયેલા હુલ્લડો અને કત્લેઆમ, નવા પ્રધાનમંડળની રચના વિશે જવાહરલાલ નેહરૂનું મંથન, દેશી રજવાડાઓની ફાઈલો વચ્ચે સરદાર પટેલનો તેમને ભારતમાં સામેલ કરવાનો વ્યાયામ, મોહમ્મદઅલી ઝીણા અને તેની બહેન ફાતિમાનું કાયમ માટે પાકિસ્તાન ગમન, લોર્ડ માઉન્ટબેટન દ્વારા ભારત અને પાકિસ્તાનને સત્તા સોંપણીની કવાયત, રેડક્લિફ દ્વારા દેશના વિભાજનની ભૌગોલિક રેખાંકન કરવાની જટીલ કામગીરી, હૈદ્રાબાદના નવાબની સ્વતંત્ર રાજ્યની ઘેલછા અને કુટીલ ચાલ તથા શરણાર્થી શિબિરોમાં કોંગ્રેસ અને ગાંધીજી પ્રત્યે લોકોમાં આક્રોશ અને ગુસ્સો – આવા અનેક પ્રસંગો અને ઘટનાઓનું આ પુસ્તકમાં તારીખ વાઈસ અલગ અલગ પ્રકરણોમાં રસપ્રદ શૈલીમાં આલેખન કરાયું છે.

ખાસ કરીને બે-ત્રણ પ્રસંગો ખૂંચે તેવા છે. ***"મૃત્યુના મુખમાં હોમાઈ રહેલા લાહોરની સાથે તમે પણ ધીરોદાત બની મૃત્યુની સામે જાઓ..."*** એવો હિન્દુ અને શીખ નિર્વાસિતોને ગાંધીજીનો ઉપદેશ કાનમાં ઉકળતું સીસું રેડાઈ રહ્યું હોય તેવો અનુભવ કરાવે છે. ડૉ. આંબેડકરનું સ્પષ્ટ મંતવ્ય હતું કે હિન્દુસ્તાનના બધા હિંદુ અને શીખ પરીવારો ભારતમાં સ્થળાંતરિત થાય અને બધા મુસ્લિમોએ નવા બની રહેલા પાકિસ્તાનમાં જવું. કેમ કે, આખરે દેશના ભાગલા ધર્મના આધારે જ થઈ રહ્યા હતા! બંને દેશની શાંતિ માટે આ જરૂરી હતું. પરંતુ કોંગ્રેસ અને ગાંધીજીને તે માન્ય ન હતું. ગાંધીજી માનતા હતા કે ભારતમાં હિંદુ-મુસ્લિમ ભાઈ ભાઈ બનીને રહેશે! સ્ત્રીઓ પર થતા અત્યાચારોથી વ્યથિત સિંધી મહિલાઓ જ્યારે કોંગ્રેસના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ જે. બી. કૃપલાણીના પત્ની સુચેતા કૃપલાણીને કરાંચીમાં મળ્યા ત્યારે તેમણે સલાહ આપી કે, ***"કોઈ ગુંડા તમારા પર આક્રમણ કરે તો તમારે રાજપૂત મહિલાઓની માફક જોહર કરીને જાન આપી દેવી...!"*** આ પુસ્તક વાંચતી વખતે તત્કાલીન નેતૃત્વની ક્ષમતાઓ અને મર્યાદાઓનો સ્પષ્ટ ચિતાર મળે છે.

દેશના સ્વાતંત્ર્યના ઈતિહાસમાં રસ ધરાવનાર અને ખાસ તો નવી પેઢી કે જે દેશની સ્વાતંત્ર્યના ઈતિહાસથી ખાસ માહિતગાર નથી તેમણે આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ. 'સંપૂર્ણ સત્ય અને સત્ય સિવાય કંઈ નહિં' ની ભાવના સાથે અનેક સત્યો ઉજાગર કરતું આ પુસ્તક અનેક માહિતી રસપ્રદ રીતે પૂરી પાડે છે.

ભુજ, કચ્છ.
મો. ૯૮૨૫૮ ૩૩૭૫૫

★ *હે પ્રભુ! ના તમને ક્યારેય જોયા છે*
કે ના ક્યારે પણ મળ્યા છીએ.
પરંતુ એવો તે કયો સંબંધ છે કે જ્યારે કોઈ પણ દુઃખ આવે છે ત્યારે યાદ તમારી આવે છે.

★ *બધાને સુખ આપવાની ક્ષમતા ભલે આપના હાથમાં ન હોય પરંતુ કોઈને પણ આપનાથી દુઃખ ના પહોંચે એ તો આપના હાથમાં છે.*

હંમેશાં 'લય મય' રહીશું

– જગદીશચંદ્ર છાયા

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાઉસી કિંગ લયભાઈ અંતાણી એટલે હાઉસી કિંગ! હું તો જ્યારે એમની હાઉસી જોતો ત્યારે 'લયમય' બની જતો. સેંકડો કિમી મુસાફરી કરીને આવ્યા હોય છતાં એમની ચુસ્તી સ્ફૂર્તિ જરાય ઓછી ન થાય. થાક, કંટાળો તો એમનાથી જોજનો દૂર ભાગે. સદા હસતો ચહેરો. મને તો આ વિશેષતા જાણે GIFT from GOD! બાકી લાંબી મુસાફરી પૂરી કરીને ફરી હાઉસીમાં પૂર્ણ ઉત્સાહથી જોડાઈ જઈને અજબ સફળતા મેળવવી એ નાનીસૂની વાત નથી. લયભાઈની શૈલી એવી રસાળ અને સૌને જકડી રાખે છે જાણે ચુંબક! તેથી તો એમના કાર્યક્રમમાં 'ખોવાઈ' જઈએ છીએ. દર્શકો સાથે આત્મિયભાવ કેળવ્યો હોય તો જ આ શક્ય બને. આવા વિરલા કો'ક હોય. એમની સુવાસ ચોમેર પ્રસરી હતી તેથી એમને દેશ વિદેશથી આમંત્રણો મળતા. એટલું જ નહીં, તેઓ જ્યાં જ્યાં જાય છે, નિરપેક્ષ ભાવે ભરપૂર સ્નેહ અને ખૂબ માન મેળવતા. તેઓ જેટલું માન સન્માન મેળવતા એના કરતાં બમણું પાછું આપતા.

તેઓ અજબ વ્યક્તિ પારખુ હતા. અર્થાત કોનામાં કેટલી ખૂબી છે એની ઓળખ એમને તરત થઈ જાય છે. પછી એ રીતે એને પ્રોત્સાહિત કરતા. આ એમની આગવી કળા હતી.

તેઓ મોટો ચાહક વર્ગ ધરાવતા હતા એનું કારણ હતું એમનો મળતાવડો સ્વભાવ. કાર્યક્રમ વખતે સામે બહોળી સંખ્યામાં દર્શકો ઉમટી પડ્યા હોય ત્યારે એ મોટા સમૂહને એક તાંતણે બાંધી રાખવા સરળ ન હોય. પણ લયભાઈની કુનેહમાં જાદુ હતો. સૌ કાર્યક્રમમાં મગ્ન થઈને 'લય મય' થઈ જતાં.

લયભાઈ તો સૌના પ્રિય. એમનાં સૌ સગાં ને સ્નેહીઓ. એમના સંબંધોનું ક્ષિતિજ વ્યાપક અને અસીમ હતું અને સુવાસ સર્વત્ર. દસ વર્ષમાં દોઢ હજારથી વધુ કાર્યક્રમો યોજી, વર્લ્ડ રેકોર્ડ સ્થાપીને કચ્છને ગૌરવ અપાવ્યું હતું.

કોરોનાકાળમાં ઓનલાઈન હાઉસી દ્વારા લોકોને હતાશા ભુલાવીને ખડખડાટ હસાવ્યા હતા પણ હવે સૌને રડાવીને આમ અચાનક ચાલ્યા જવાય? પણ લયભાઈના શબ્દો મુજબ, અમે સૌ 'લય'માં જ રહીશું. ગાંધીધામની પી. એન. અમરશી શાળાના સંગીત શિક્ષક ઉપાચાર્ય લયભાઈની સમાજ સાથે શિક્ષણ જગતને પણ ખોટ પડી. નાગરના અણમોલ રત્ન લયભાઈ હવે સૌના હૃદયસ્થ છે.

લયભાઈની નિખાલસ પારદર્શિતા, સહૃદયતા નહીં ભૂલાય. આવા ઉમદા જણને અમારી વચ્ચેથી છીનવી લેતાં હે ઈશ્વર, તારું કાળજું કેમ કંપી ગયું નહીં? તું આવો ક્રૂર કેમ?

કચ્છમાં નર્મદા યોજનાનાં કામોમાં વિલંબ શા માટે?

– કિશોર જોબનપુત્રા

તા. ૨૫-૭-૨૦૨૬ના રોજના 'કચ્છમિત્ર'માં કચ્છને નર્મદાના પાણી વિશે મહેશભાઈ ઠક્કરનો માહિતીસભર લેખ વાંચ્યો. ભૂતપૂર્વ ધારાસભ્ય નર્મદા યોજનાના પ્રખર અભ્યાસુ અને જાણકાર છે. કચ્છને નર્મદાના પાણી પહોંચાડવામાં થતા અતિ વિલંબ વિશે એમનું અવલોકન સરકાર તથા નર્મદા નિગમનો કચ્છ પ્રત્યેનો અન્યાયી અભિગમ ઉજાગર કરે છે.

જો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં 'સુજલામ સુફલામ' તથા 'સૌની' યોજના હેઠળ સમયસર કામ પૂરા થઈ શક્તા હોય તો કચ્છને નર્મદાના પાણીમાં વિલંબ શા માટે?

હાલમાં ડૉ. હરિભાઈ દેસાઈએ 'કચ્છના ખેતરો સુધી નર્મદાના પાણી પહોંચ્યા કે કેમ?' એ વિશે વાત કરી હતી.

વાતથી સ્પષ્ટ થયું કે, કચ્છના ખેતરોમાં હજુ એક પણ એકરમાં સિંચાઈ માટે નર્મદાના પાણી પહોંચ્યા નથી. (મુખ્ય કેનાલમાંથી મોટરો અને પાઈપો લગાવીને ગેરકાયદે અમુક ખેડૂતો પાણી ખેંચીને ખેતી કરે છે એ અલગ વાત છે) ખેતરોમાં પાણી પહોંચાડવા જરૂરી માઈનોર અને સબ માઈનોર કેનાલના કામો હજુ થયા જ નથી. આના લીધે કચ્છના ખેડૂતો દર વર્ષે કરોડોની આવક ગુમાવે છે. કચ્છના ખેડૂતો પ્રત્યે આવું અન્યાયી વલણ શા માટે?

એક અન્ય ચોંકાવનારી હકીકત એ છે કે, અમદાવાદના કચ્છી અગ્રણી અશોકભાઈ મહેતાએ કચ્છને નર્મદાના પાણી વિશે આરટીઆઈ હેઠળ નર્મદા નિગમ પાસે અમુક મુદ્દા ઉઠાવ્યા અને જવાબ માગ્યા. એના વિશે અહીં મુદ્દાસર પ્રશ્નો અને જવાબો લખવાનું શક્ય નથી, પરંતુ નર્મદા નિગમ તરફથી ત્રણના બદલે સાત મહિને જવાબ મળ્યો અને એમાં પણ સ્પષ્ટતાનો બિલકુલ અભાવ વર્તાય છે. નિગમના જવાબ દ્વારા એ કબૂલ કરે છે કે, ખેતરો સુધી પાણી પહોંચાડવા જરૂરી ખેડૂત મંડળીઓની રચના જ હજુ બાકી છે. માઈનોર અને સબ માઈનોર કેનાલો વિશે પૂછતાં નિગમ છાપેલા કાટલા જેવો જવાબ આપે છે : 'કામો પ્રગતિ હેઠળ છે.' કામો ૧૦૦ ટકા પૂર્ણ ક્યારે થશે એનો કોઈ સ્પષ્ટ જવાબ નથી આપ્યો.

કચ્છના ખેડૂતો પ્રત્યે આ સ્પષ્ટ રીતે નાઈન્સાફી છે. તળિયાથી ટોચ સુધી એક જ પક્ષની સરકાર છે. કચ્છની પ્રજા એમને ખોબ-ખોબે મત આપે છે. કચ્છના બધા લોકપ્રતિનિધિઓ સત્તાપક્ષના છે, ત્યારે કચ્છની પ્રજા સરકાર પાસે ઝડપી અને ન્યાયપૂર્ણ અને મજબૂત (કેનાલો તૂટે નહીં એવા) કામની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. કદાચ સરકાર એમ માનતી હશે કે, કચ્છની પ્રજા 'ખમતીધર' છે એટલે કાંઈ નહીં બોલે.

"કચ્છમિત્ર"ના સૌજન્યથી

કચ્છના ડૉ. આલ્બર્ટ સ્વાઇટઝર!

હરેશ ધોળકિયા

૨૦૨૫નો, ગ્રામીણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરવા બદલ, ભોજાય હોસ્પિટલને "દર્શક ફાઉન્ડેશન"નો ઍવોર્ડ મળ્યો છે.

જ્યારે આ ઍવોર્ડ વિષે ચિંતન કરીએ ત્યારે માત્ર સપાટી પર ન જોતાં થોડા ઊંડાણમાં જવું પડે. ભોજાય હોસ્પિટલ પશ્ચિમ કચ્છમાં ઉત્તમ આરોગ્ય સેવાઓ આપે છે અને તેમાં પણ ખાસ કરીને સમાજમાં હાંસિયામાં રહેતી અને ભારતીય કુટુંબ વ્યવસ્થાનો, મોટા ભાગે પુરુષોનો ત્રાસ ભોગવતી બહેનોની સેવા કરે છે. આ મુદ્દો મહત્ત્વનો છે.

પણ જ્યારે ભોજાય હોસ્પિટલ ઉત્તમ કામ કરે છે એમ કહીએ ત્યારે તેમાં તો ડોકટરો અને અન્ય સ્ટાફ યાદ આવે. પણ આ લોકો દર્દીઓને શારીરિક રીતે સ્વસ્થ કરે છે, પણ આ ગ્રામીણ બહેનોની મહત્તમ તકલીફ છે માનસિક અને કૌટુંબિક! ભારતીય સમાજમાં એક તો હાંસિયામાં છે. બીજું, ભારતીય પુરુષનો ભ્રામક અહંકાર તેમને વધારે હેરાન કરે છે. અને તેમને આજે પણ બોલવાનો જ હક્ક નથી, ત્યાં ફરિયાદ તો ક્યાંથી જ કરી શકે! એટલે શરીર અને મન બંનેથી આ સ્ત્રીઓ જીવે છે ત્યાં સુધી પીડાય છે. બધા તેને પ્રેમ કરતા દેખાય છે, પણ હકીકતે આ બધા તેના પ્રેમનો ઉપયોગ કરી પોતાનો જ વિકાસ કરે છે અને આ બહેનો સમગ્ર જીવન બસ, 'બીજા' માટે શહીદ થયા કરે છે. તેમની કોઈ ચિંતા નથી કરતું પણ આ હોસ્પિટલ તેમની ચિંતા કરે છે.

અને આ હોસ્પિટલ એટલે હકીકતે, લીલાધરભાઈ ગડા. તેઓ અને હોસ્પિટલ શંકરાચાર્યનું "અદ્વૈત" છે. બહેનો આવે છે હોસ્પિટલમાં સાજી થવા, પણ સ્વસ્થ થાય છે લીલાધરભાઈના સ્નેહથી. જેમ શંકર કહે છે કે, 'જીવ અને બ્રહ્મ અલગ નથી', તેમ લીલાધરભાઈ અને આ હોસ્પિટલ પણ અલગ નથી. એટલે હોસ્પિટલને ઍવોર્ડ મળે છે, એટલે લીલાધરભાઈને જ ઍવોર્ડ મળે છે. હોસ્પિટલ લીલાધરભાઈના વિચાર અને સંકલ્પનાનું જ ભૌતિક સ્વરૂપ છે. ભૌતિક સંસ્થા કરતાં સંકલ્પના મોટી છે; સંકલ્પના કરતાં વિચાર મોટો છે અને વિચાર કરતાં વિચારક મોટો છે. એ સંદર્ભમાં પણ લીલાધરભાઈ જ પાયામાં છે.

કોણ છે આ લીલાધરભાઈ? તેમના બાહ્ય પરિચયમાં ન ઉતરીએ. તે ૮૮ વર્ષના યુવાન છે. કચ્છના એક સમર્પિત કાર્યકર છે. કચ્છની અનેક આરોગ્ય પ્રવૃત્તિઓ તેમના નેતૃત્વ હેઠળ ચાલે છે. બિદડા, ભચાઉ અને ભોજાય – ત્રણેમાં પાયામાં તો લીલાધરભાઈ જ છે.

પણ હા, તેમને સમજવા તેમના એક બાહ્ય પરિચયને જાણીએ. તે મૂળે સમાજવાદી વિચારધારા ધરાવે છે. આ વિચારધારા ધરાવનારા બે પ્રકારના લોકો છે. પ્રથમ પ્રકારના છે જેઓ માને છે કે જગતમાં સમાનતા હોવી જોઈએ. સમાજમાં ભેદભાવ ન હોવા જોઈએ. પ્રથમ વિચાર હાંસિયામાં રહેતા લોકોનો કરવો જોઈએ. આ માટે તેઓ પ્રવચનો આપે છે, કાર્યક્રમો કરે છે, આંદોલનો ચલાવે છે. સમાજને જગાડવાનો પૂરો પ્રયાસ કરે છે. તેઓ આ સમાજ સાથે સહાનુભુતિ પણ અનુભવે છે. પણ આ લોકોનો ઓછો પ્રભાવ પડે છે. કારણ કે તેઓ જેના માટે લડે છે, તેમનાથી મોટા ભાગે દૂર હોય છે. તેઓ તેમના વિષે ચિંતન કરે છે, પણ તેમના સાથે રહે ઓછા છે.

બીજા પ્રકારના સમાજવાદીઓ એવા છે જેઓ હમણાં કહી તે પ્રવૃતિઓથી મોટા ભાગે દૂર રહે છે, પણ હાંસિયામાં રહેતા લોકો સાથે રહે છે. તેમની સાથે રહીને તેમની વાસ્તવિક ચિંતા કરે છે અને માત્ર ચિંતા જ નથી કરતા, પણ તેમની તકલીફોને શક્ય એટલી ઓછી કરવાનો પ્રયાસ પણ કરે છે. તેમની તકલીફો સાથે સમાનુભૂતિ અનુભવે છે. હાંસિયામાં રહેતા લોકો આ સમાજવાદીઓને ઓળખે છે.

લીલાધરભાઈ બીજા પ્રકારના સમાજવાદી છે. તે સંત જ્ઞાનેશ્વરની જેમ લોકોની પીડાને જાતે અનુભવે છે. તેમના સાથે રહીને તેને ઓછી કરવાનો પ્રયાસ કરે છે. તે 'તેમનામાંના એક' બનીને રહે છે. કદાચ વ્યાખ્યા આપવી હોય તો તેઓ ગાંધીનિષ્ઠ સમાજવાદી છે. પ્રચાર-પ્રસાર નહિ, જમીન પર કામ કરે છે. આ લોકો સાથે દટાઈ ગયા છે.

લીલાધરભાઈ આવા કેમ બની શક્યા છે? અથવા આવા લોકો કેમ બનતા હોય છે?

કારણ કે આવા લોકોમાં બુદ્ધ વસતા હોય છે. તેઓ આંશિક બુદ્ધાવતાર હોય છે.

અને બુદ્ધનું પાયાનું લક્ષણ શું છે?

"કરુણા."

લીલાધરભાઈ કચ્છના કરુણાવતાર છે અને આ બુદ્ધની કરુણા છે, અત્યંત નિરપેક્ષ છતાં અત્યંત પોતીકી. હોસ્પિટલની ભાષામાં અત્યંત ક્લિનિકલ છતાં અત્યંત અંગત અને પૂર્ણ

માનવીય. લીલાધરભાઈને બહેનો સાથે બેઠેલા જોઈએ અને તેમની સાથે વાતો કરતા જોઈએ, ત્યારે નવાઈ લાગે કે જે વાતો બહેનો પોતાની મા કે પતિને પણ ન કહે, કહી શકે, તે લીલાધરભાઈ સાથે આરામથી કરે છે. કેમ? કારણ કે લીલાધરભાઈમાં મા-પતિ અને ઈશ્વરનું સંમિશ્રણ છે. માનું વહાલ છે, પતિનો પ્રેમ છે અને ઈશ્વરની કરુણા છે. બહેનો તેમની હાજરીમાં ભૂલી જાય છે કે તેઓ સ્ત્રીઓ છે અને આ ભાઈ પુરુષ છે. બધા જ ભેદભાવ ઓગળી જાય છે અને કેવળ આત્માઓ જ વાત કરે છે. આપણે બેઠા હોઈએ તો આપણે પણ શરમાઈ જઈએ એટલી હદે અંગત વાતો બહેનો લીલાધરભાઈ સાથે કરે છે અને તે પણ પાછા નિરાંતે સાંભળે છે. ત્યારે દૃશ્ય ઊભું થાય છે કે પીડા બોલે છે અને કરુણા સાંભળે છે. અને ત્યારે આંખ સામે એક ઈતિહાસનું એક દૃશ્ય પ્રગટે છે. અઢી હજાર વર્ષ પહેલાં કોઈ એક વૃક્ષ નીચે કિસા ગોતમી નામની એક યુવતી પોતાનું મૃત બાળક હાથમાં લઈ પોતાની પીડા વ્યક્ત કરે છે અને બુદ્ધ વિપશ્યનાભરી કરુણાથી છલકાતી નજરથી તેને સાંભળે છે. લીલાધરભાઈને બહેનોની પીડા આ જ રીતે સાંભળતાં જોઈએ છીએ ત્યારે આ કિસા ગોતમી જ યાદ આવી જાય છે. બહેન ડોક્ટર પાસે જાય તે પહેલા મહત્તમ સ્વસ્થ થઈ જાય છે. સારવાર તો કેવળ શરીરના ઘાને રૂઝાવે છે. આત્મા તો પહેલેથી જ રૂઝાઈ ગયો હોય છે. કદાચે કોઈ થોડો વ્રણ રહી ગયો હશે તો બીજી મુલાકાતે અદૃશ્ય થઈ જશે તેની તેમને ખાતરી હોય છે.

આમ ભોજાય હોસ્પિટલ એટલે વિવિધ રૂમોવાળી અદ્યતન હોસ્પિટલ વત્તા પરમ ચેતના સાથે સંકળાયેલ લીલાધરભાઈનો સંગમ. કચ્છના આ સૂકાભઠ્ઠ વિસ્તારમાં કરુણાવાન લીલાધરભાઈની કરુણાથી સતત ભીની થતી આ હોસ્પિટલ અને આ વિસ્તાર, કચ્છ માટે જાણે રણમાં "રણદ્વીપ", એટલે કે જેને અંગ્રેજીમાં "ઓએસિસ" કહે છે, તેના સમાન છે.

લીલાધરભાઈની તુલના કરાવી હોય તો કોના સાથે કરી શકાય? આવી રીતે કોણ આરોગ્ય વ્યવસ્થામાં વિશ્વમાં કોઈ અંતરિયાળ વિસ્તારમાં દટાઈ ગયું હતું?

સ્વાભાવિક રીતે આપણને ડૉ. આલ્બર્ટ સ્વાઈટઝર યાદ આવી જાય. ત્રણ ત્રણ વિષયો પર ડૉક્ટરેટ મેળવનાર અત્યંત તેજસ્વી વ્યક્તિત્વ. ધાર્યું હોત તો દુનિયાની કોઈ પણ યુનિવર્સિટીમાં અઢળક પગાર મેળવી આરામથી જીવી શક્યા હોત અને એક વિદ્વાન તરીકે જગ પ્રસિદ્ધ થઈ શક્યા હોત એવા ડૉ. આલ્બર્ટ સ્વાઈટઝર. જયારે તેમને ખબર પડી કે આફ્રિકાના જંગલમાં વસતા લોકોને કોઈ જ આરોગ્યની વ્યવસ્થા ન હતી, ત્યારે, એક પળનો વિચાર કર્યા વિના, બધું ત્યાગી, તે જંગલમાં ચાલ્યા ગયા અને આજીવન ત્યાં દટાઈ ગયા. નોબેલ ઇનામ લેવા સિવાય બહાર જ ન આવ્યા. ત્યાંના લોકો સાથે અદભુત એકતા સાધી લીધી.

આ જ વર્ણન લીલાધરભાઈને પણ લાગુ નથી પડતું? તે પણ વિજ્ઞાનના ગ્રેજ્યુએટ હતા. તેમાં ઝળહળતી કારકિર્દી બનાવી શક્યા હોત. જેમના મિત્ર દાંડેકર અને જી.જી. પરીખ હોય, તે રાજકારણમાં પણ આગળ વધી શક્યા હોત અને કોઈ હોદ્દો પણ માણી શક્યા હોત. અરે, તે તો પાકા વાણિયા છે. મુંબઈમાં કરોડો રૂપિયા કમાઈ શક્યા હોત અને આજે દુબઈમાં વૃદ્ધત્વ માણી શકતા હોત. અરે, આ જ હોસ્પિટલમાં રહીને પણ કરોડો કમાઈ શક્યા હોત.

પણ ના, કરુણાએ તેમને આ બધા વ્યર્થ ખ્યાલોથી દૂર રાખ્યા. તેમણે પણ બુદ્ધની જેમ વૈભવનો ત્યાગ કર્યો અને લોકોનાં દુઃખ દૂર કરવા જંગલ જેવા વિસ્તારોમાં ઘૂમતા રહ્યા. માત્ર અહીં જ નહીં, સમગ્ર ભારતમાં જ્યાં પણ કરુણાનાં કામ થાય છે, ત્યાં લીલાધરભાઈની હાજરી રહી જ છે. મિત્તલ પટેલ જેવી અનેક અને અગણિત કાર્યકરો તેમની હૂંફથી જ આજે ઉત્તમ કામ કરે છે. માનસ અને માનસીનાં મંદબુદ્ધિ બાળકો તેમની હૂંફથી જ તેમની આવતી કાલ સ્વસ્થ બનાવવાનો પ્રયાસ કરે છે. એટલે, હિંમત કરીને, તેમની ડૉ. આલ્બર્ટ સ્વાઈટઝર સાથે તુલના કરી શકાય છે.

ખાતરી છે કે તેમને મળેલ ઍવોર્ડથી દર્શક ચોક્કસ ખુશ થયા હશે. તે પણ ગામડાના માણસ. તે પણ ભેદની ભીત્યું ભાંગનારા. સામેથી જાણી જાણીને ઝેર પીનારા. આજે તે હોત તો તેઓ પણ આ કરુણામાં ભીંજાતા હોત.

લીલાધરભાઈ અને તેમની હોસ્પિટલના સમગ્ર સ્ટાફને પણ આ સિદ્ધિ બદલ અભિનંદન. ■

દુનિયામાં નાસ્તિકોની સંખ્યા

માણસ ધર્મને સ્થાપી શકે છે તો ઉખાડી પણ શકે છે. તેની શરૂઆત પણ થઈ ચૂકી છે. જગતમાં નાસ્તિકોની સંખ્યા વધવા માંડી છે. બે વર્ષ પૂર્વે એક સર્વેમાં ચોંકાવનારા પરિણામો આવતા જણાવાયું છે કે વિશ્વભરની માનવસંખ્યામાં નાસ્તિકો હવે ત્રીજા નંબરે આવી ગયા છે. સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ સંખ્યા ખ્રિસ્તી સમાજની છે. એ પછી બીજો નંબર મુસ્લિમ સમાજનો આવે છે અને ત્રીજા નંબરે નાસ્તિકોની સંખ્યા આવે છે.

ગેસ અને પેટ્રોલ - ડીઝલનો ભંડાર ધરાવતા દેશો

ડૉ. મિહિર એમ. વોરા

(નોંધ : લેખકશ્રીનો આ લેખ એપ્રિલ-૨૦૨૬માં પ્રસારિત કરવાનો હતો પરંતુ કોઈ કારણસર એ બાકી રહી ગયેલ હોવાથી તેને 'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૨૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવે છે.

– તંત્રી મંડળ)

આપણે સૌ જાણીએ છીએ કે મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયલના આક્રમણના પગલે ઈરાને હોર્મુઝની ખાડીની નાકાબંધી કરતા આખી દુનિયા ઊર્જા કટોકટીનો સામનો કરી રહી છે. ત્યારે આ સંકટ વચ્ચે ભારતમાં એલપીજી ગેસનો પુરવઠો ખોરવાયો હોવાથી ભારતમાં યુરિયા પ્લાન્ટ તેમની અડધી ક્ષમતા પર કામ કરી રહ્યા છે, જેને પગલે ઉત્પાદન પણ ઘટ્યું છે. આથી આગામી સમયમાં પેટ્રોલ-ડીઝલ, ગેસ પછી હવે ખાતરની તંગી સર્જાવાનું જોખમ સર્જાયું છે. આ ઉપરાંત મધ્ય-પૂર્વમાં યુદ્ધના પગલે પેટ્રોનેટ એલએનજીએ ઈમર્જન્સી સ્થિતિની જાહેરાત કરી છે, જે દેશનો સૌથી મોટું એલએનજી મેળવતું ટર્મિનલ ઑપરેટ કરે છે. સપ્લાયરોએ હોર્મુઝની ખાડીમાંથી સપ્લાય અવરોધાવાના કારણે ગેસનો સપ્લાય કરવામાં અસમર્થતા વ્યક્ત કરી છે જેને કારણે આગામી દિવસોમાં ઉર્જા કટોકટી આવી શકે છે.

આપણે જાણીએ છીએ કે હાલ ભારત પોતાની કુલ જરૂરિયાતના આશરે ૮૮ ટકા જેટલા ઓઈલની આયાત કરે છે, જ્યારે કુદરતી ગેસનો લગભગ ૫૦ ટકા જેટલો હિસ્સો પણ વિદેશથી આવે છે. આના કારણે ભારત વૈશ્વિક ઊર્જા બજારમાં સૌથી મોટી ખરીદારી કરનારો દેશ છે. ભારત લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG)નો ચોથો અને LPG (રસોઈ ગેસ)નો બીજો સૌથી મોટો આયાતકાર દેશ પણ છે. આ જ કારણસર આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવની વધઘટની સીધી અસર ભારતીય અર્થતંત્ર પર પડે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડૉલરનો વધારો થાય, તો ભારતની ચાલુ ખાતાની ખાધ લગભગ ૯ અબજ ડૉલર જેટલી વધી જાય છે. જેના કારણે આગામી દિવસોમાં યુદ્ધને કારણે ભારતમાં પણ ઉર્જા અને ગેસ, પેટ્રોલ ડીઝલમાં ભાવવધારો કે કટૌતી આવી શકે છે .

આ બધા વચ્ચે જોઈએ તો LNG અને LPG – આ બંને ગેસ છે, પરંતુ તેમની રાસાયણિક રચના, સંગ્રહ પદ્ધતિ અને ઉપયોગમાં મૂળભૂત તફાવત છે.

★ **લિક્વિફાઇડ નેચરલ ગેસ :** તે મુખ્યત્વે મિથેન ગેસ છે. તેને વહાણમાં ભરીને લાંબા અંતર સુધી લઈ જવા માટે તેને ખૂબ જ ઠંડું (-૧૬૨°C) કરીને પ્રવાહી સ્વરૂપમાં પરિવર્તિત કરાય છે. તેને ઈમ્પોર્ટ ટર્મિનલ પર ફરીથી ગેસમાં ફેરવીને પાઇપલાઇન દ્વારા ઘરો (PNG) અને વાહનો (CNG) સુધી પહોંચાડવામાં આવે છે.

★ **લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ :** તે પ્રોપેન અને બ્યુટેનનું મિશ્રણ છે. તેને પ્રવાહી સ્વરૂપમાં રાખવા માટે અતિશય ઠંડીને બદલે માત્ર થોડું દબાણ જોઈએ છે. આ જ કારણ છે કે તેને સિલિન્ડરમાં ભરીને સરળતાથી ગામડાં સુધી પહોંચાડી શકાય છે. તેનો ઉપયોગ લગભગ ફક્ત રસોઈ માટે થાય છે.

ભારત નીચેના પ્રકારનું ક્રુડ ઓઈલ આયાત કરે છે. ક્રુડ ઓઈલના વિવિધ પ્રકારો હોય છે, જે તેની ઘનતા (હલકું/ભારે) અને ગંધક (સલ્ફર)ની માત્રા (મીઠું/ખાટું) પર આધાર રાખે છે. ભારતની રીફાઈનરીઓ એટલી અદ્યતન છે કે તે તમામ પ્રકારના ક્રુડને પ્રોસેસ કરી શકે છે. જેનો ફાયદો ઉઠાવીને ભારત સસ્તું તેલ ખરીદે છે.

હલકું અને મીઠું : આ પ્રકારનું ઓઈલ (દા.ત. બ્રેન્ટ, WTI) સૌથી સારું ગણાય છે કારણ કે, તેમાં સલ્ફરનું પ્રમાણ ઓછું (૦.૫% કરતા ઓછું) હોય છે. તેને રીફાઈન કરીને પેટ્રોલ-ડીઝલ બનાવવું સરળ અને સસ્તું પડે છે.

મધ્યમ અને ખાટું : આ ઓઈલમાં સલ્ફરનું પ્રમાણ વધું હોય છે. રશિયન યુરલ અને ઘણાં મધ્ય પૂર્વીય ગ્રેડ આ શ્રેણીમાં આવે છે. તેને શુદ્ધ કરવા માટે અદ્યતન ટેક્નોલોજીની જરૂર પડે છે.

ભારે અને ખાટું : આ સૌથી સસ્તું પણ શુદ્ધ કરવું સૌથી મુશ્કેલ ઓઈલ હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ડામર અને ભારે ઈંધણ બનાવવા માટે થાય છે.

આજે ભારત કોઈ એક દેશ પર નિર્ભર ન રહેવા કરતા લગભગ ૪૦થી વધુ દેશમાંથી ક્રુડની આયાત કરે છે. હાલ ભારતમાં ક્રુડ ઓઈલ સપ્લાય કરનારા ટોચના દેશોમાં રશિયા, સાઉદી અરેબિયા અને ઈરાકનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૬ના ડેટા મુજબ ભારતે રશિયાથી દરરોજ લગભગ ૧૦.૪ લાખ બેરલ ક્રુડ ઓઈલ લીધું. આમ, રશિયા ભારતનું સૌથી

મોટું ઓઈલ સપ્લાયર છે. યુક્રેન યુદ્ધ બાદ પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે રશિયાએ ભારતને ડિસ્કાઉન્ટ રેટમાં ઓઈલ આપવાનું શરૂ કર્યું હતું.

આ ઉપરાંત સાઉદી અરેબિયાથી ભારતે દરરોજ લગભગ ૧૦.૧ લાખ બેરલ અને ઇરાકથી લગભગ ૯.૮ લાખ બેરલ ક્રુડ ઓઈલ લીધું છે. ઇરાકનું ઓઈલ ખાસ કરીને ભારતની જાહેર ક્ષેત્રની રીફાઈનરીઓ માટે યોગ્ય મનાય છે. આ ઉપરાંત યુએઈથી ભારતમાં દરરોજ લગભગ ૫.૫ લાખ બેરલ ઓઈલ આવે છે. આ ઉપરાંત અમેરિકા, કુવૈત, નાઇજીરિયા, મેક્સિકો અને બ્રાઝિલ જેવા દેશો પાસેથી પણ ભારત નિયમિત રીતે ઓઈલ ખરીદે છે. ગુયાના અને અંગોલા જેવા ઊભરતા ઉત્પાદકો પણ આ યાદીમાં સામેલ થઈ રહ્યા છે.

ભારતમાં ગેસની આયાત મુખ્યત્વે LNG અને PNGના રૂપમાં થાય છે, જે બંનેના સ્ત્રોત અને ઉપયોગ જુદા છે. જેમાં કતાર ઘણાં વર્ષોથી ભારતને સૌથી વધુ એલએનજી સપ્લાય કરે છે. હાલ ભારત, કતારની સાથે અમેરિકા અને ઓસ્ટ્રેલિયાથી પણ મોટા પાયે ક્રુદરતી ગેસ ખરીદે છે. યુએઈ, ઓમાન, નાઇજીરિયા અને અંગોલા પણ આ યાદીમાં સામેલ છે. એલએનજીનો ઉપયોગ મુખ્યત્વે ખાતર બનાવવા, વીજળી ઉત્પાદન અને શહેરી વિસ્તારોમાં પાઇપ દ્વારા ગેસ (PNG) પૂરો પાડવા માટે થાય છે.

રસોઈ માટે વપરાતા એલપીજીની આયાતમાં ભારત લગભગ સંપૂર્ણપણે ખાડી દેશો પર નિર્ભર છે. સાઉદી અરેબિયા, યુએઈ અને કતાર મળીને ભારતની કુલ LPG આયાતમાં ૯૦% થી વધુ હિસ્સો ધરાવે છે. આ નિર્ભરતા ઘટાડવા ભારતે હાલમાં જ અમેરિકામાંથી પણ એલપીજી આયાતનો કરાર કર્યો છે. આ ઉપરાંત નોર્વે જેવા દેશોમાંથી પણ ગેસ આયાત કરવાની ભારતની યોજના ધરાવે છે

આના માટે ભારત આયાત પર ભારે નિર્ભરતા છતાં ભારતમાં પણ કેટલાક મહત્ત્વપૂર્ણ સ્થળે ઓઈલ અને ગેસનું ઉત્પાદન થાય છે. જેમકે મુંબઈ હાઈ જે અરબ સાગરમાં આવેલું આ ક્ષેત્ર ભારતની સ્થાનિક ઓઈલ અને ગેસ અર્થતંત્રની કરોડરજ્જુ છે. ઓએનજીસી દ્વારા સંચાલિત આ ક્ષેત્ર દેશના દરિયાઈ ઉત્પાદનમાં સૌથી મોટો ફાળો આપે છે. આ ઉપરાંત

કૃષ્ણા-ગોદાવરી (KG) બેસિન : બંગાળની ખાડીમાં આવેલું આ બેસિન ક્રુદરતી ગેસ માટેનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. ઓએનજીસી અને રિલાયન્સ-બીપી જેવી કંપનીઓ અહીંથી નોંધપાત્ર પ્રમાણમાં ઓઈલ-ગેસ કાઢે છે. આ ઉપરાંત

રાજસ્થાનનું બાડમેર બેસિન : આ ક્ષેત્રમાં વેદાંત ગ્રુપની કંપની કેર્ન ઓઈલ દ્વારા મંગલા, ભાગ્યમ અને ઐશ્વર્યા નામના ઓઈલ ફિલ્ડસમાંથી ઓઈલ-ગેસ કાઢવામાં આવે છે. જે ભારતના કુલ સ્થાનિક ઓઈલ ઉત્પાદનના લગભગ ૨૫% છે.

અન્ય ક્ષેત્રો : આસામ (દિગ્બોઈ, નાહરકટિયા) અને ગુજરાત (કેમ્બે બેસિન) પણ જૂના અને સતત ઉત્પાદન આપતા ક્ષેત્રો છે. આ ઉપરાંત ઝારખંડ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં કોલસાની ખાણોમાંથી કોલ બેડ મિથેન (CBM) પણ કાઢવામાં આવે છે.

ભારત સુધી ઓઈલ અને ગેસ પહોંચાડવા માટે નીચેના દરિયાઈ માર્ગો વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જો તેમાં યુદ્ધને કારણે કોઈ અસર થઈ તો ભવિષ્યમાં તકલીફ થઈ શકે છે – જેમકે હોર્મુઝની ખાડી. ઈરાન અને ઓમાન વચ્ચે આવેલો આ સાંકડો દરિયાઈ માર્ગ ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. ભારતની લગભગ અડધી ક્રુડ ઓઈલ અને ૬૦% થી વધુ ગેસ (LNG અને LPG)ની આયાત આ માર્ગેથી જ થાય છે. આ વિસ્તારમાં કોઈ પણ અસ્થિરતાની સીધી અસર ભારતના ઊર્જા પુરવઠા પર પડે છે. બીજો જોઈએ તો

લાલ સમુદ્ર અને સુએઝ નહેર : આ માર્ગ ભારતને યુરોપ અને ઉત્તર આફ્રિકા સાથે જોડે છે. યમન નજીકનો બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પણ એક સંવેદનશીલ બિંદુ છે. આ ઉપરાંત બીજા વૈકલ્પિક માર્ગો છે. જો ઉપરના માર્ગો અસુરક્ષિત બને તો વહાણોને આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપની આસપાસ લાંબા રસ્તે મોકલાય છે, જેનાથી મુસાફરીનો સમય ૪-૫ દિવસથી વધીને ૨૫ દિવસ થઈ જાય છે અને ખર્ચમાં ઘણો વધારો થાય છે.

જો કોઈ આ આયાતમાં જોખમ થાય તો તેને ધ્યાનમાં રાખીને ભારત સરકારે એક બહુ-સ્તરીય વ્યૂહરચના બનાવી છે. જેમકે આપણા વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર છે જેમાં વિશાખાપટ્ટનમ, મેંગલુરૂ અને પાદુરમાં ભૂગર્ભમાં ક્રુડ ઓઈલના વિશાળ ભંડારનો સમાવેશ થાય છે.

આ ભંડાર કટોકટીના સમયે દેશને આશરે ૯.૫ દિવસ સુધી ઓઈલ પૂરું પાડી શકે છે. ઓઈલ કંપનીઓ પાસે પોતાના વ્યાપારી સ્ટોક પણ હોય છે. ઓઈલ કંપનીઓના વ્યાપારી જથ્થાને જોડીએ તો ભારત પાસે કુલ મળીને લગભગ ૭૪ દિવસ ચાલે એટલો ઓઈલ ભંડાર ઉપલબ્ધ છે.

મેંગ્લોરમાં ભૂગર્ભમાં એલપીજી સંગ્રહ કરવાની નવી સુવિધા ઊભી કરાઈ છે. ઉપરાંત કટોકટી દરમિયાન સરકાર

રીફાઇનરીઓને સ્થાનિક એલપીજી ઉત્પાદન વધારવા અને તેને સૌપ્રથમ ઘરો સુધી પહોંચાડવા નિર્દેશ આપે છે. હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પણ પ્રાથમિકતા અપાય છે. કાળા બજાર અટકાવવા માટે એલપીજી સિલિન્ડરોનું અગાઉથી બુકિંગ અને અન્ય નિયમો પણ બનાવાયા છે.

આવનારા સમયમાં દુનિયામાં આ મુશ્કેલ સમયમાં આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીએ 'શેલ્ટરિંગ ફ્રોમ ઓઈલ શોક્સ' એટલે કે 'ઓઈલના આંચકાઓથી બચો' નામથી ૧૦ મુદ્દાની એક બ્લુપ્રિન્ટ રજૂ કરી છે, જેમાં દુનિયાના દેશોની સરકારોને પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા ભલામણ કરાઈ છે.

IEAએ દુનિયાની સરકારોને વાહનોના પરિવહન માટે ઑડ-ઈવન નિયમ, હાઈવે પર સ્પીડ લિમિટ લાગુ કરવા, હવાઈ પ્રવાસોમાં કાપ મૂકવા, લોકોને ઘરેથી જ કામ કરવા, રસોઈ માટે ઈલેક્ટ્રિક ગેજેટ્સનો ઉપયોગ કરવા જેવા પગલાં લેવાના સૂચન કર્યા છે.

એજન્સીનું કહેવું છે કે સરકારો કોરોના જેવી રણનીતિ અપનાવશે તો જ ઊર્જા સંકટનો સામનો કરી શકાશે. આ રણનીતિ લોકડાઉન જેવી જ હશે. આમ જાપાન અને દક્ષિણ કોરિયા, બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ, શ્રીલંકામાં ઈંધણનું રેશનિંગ શરૂ થઈ ગયું છે. ઓસ્ટ્રેલિયામાં સરકારે લોકોને બિનજરૂરી પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો છે.

આ ઊર્જા સંકટ લાંબુ ચાલશે તો ડિજિટલ પરમિટ સિસ્ટમ સુધી વાત પહોંચી શકે છે જ્યાં નિષ્ણાતોનું માનવું છે કે સરકારો ઊર્જા સુરક્ષાના નામે નાગરિકો પર લોકડાઉન નાંખી શકે છે, જેને પગલે નાગરિકો મંજૂરી વિના ઘરની બહાર નીકળી નહીં શકે. ભારતમાં પણ સરકારે પ્રીમિયમ પેટ્રોલ અને ઈન્ડસ્ટ્રીયલ ડીઝલના ભાવ વધારી દીધા છે.

જોકે, ભારતમાં ગ્રાહકો માટે આંશિક રાહત એ છે કે સાદા પેટ્રોલના ભાવમાં હજુ વધારો નથી થયો. પરંતુ મધ્ય-પૂર્વમાં સ્થિતિ આવી જ રહેશે તો સાદા પેટ્રોલના ભાવમાં પણ વધારાનું જોખમ તોળાઈ રહ્યું છે. આવનારા દિવસો કપરા થવાના છે એ નક્કી છે. લોકોએ હવે જાગૃત બનવું જ પડશે અને બિનજરૂરી ખર્ચ અને ઉર્જા કટોકટી નિવારવા ઉપાયો જાતેજ નક્કી કરવા પડશે.

સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને વિકિપીડિયા અને સરકારી માહિતી આંકડાકીય વિભાગ

"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,
વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૩૦ ૦૦૧.
મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫

નાના લાયજા પોર્ટ કેટલે?

(અનુસંધાન : પાના નંબર – ૭૪ ઉપરથી ચાલુ)

૫. પરંતુ એક મહત્ત્વની સાવચેતી

પોર્ટ બન્યું એટલે સ્થાનિક લોકોને આપોઆપ મોટો લાભ થશે એવું માનવું યોગ્ય નથી. સ્થાનિક લાભ માટે સરકાર અને ડેવલપરને શરૂઆતથી જ નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જોઈએ:

- સ્થાનિક યુવાનોને પ્રથમ પ્રાથમિકતા સાથે તાલીમ
- સ્થાનિક રોજગાર માટે સ્પષ્ટ લક્ષ્યાંક
- માછીમારોના હિતનું રક્ષણ
- દરિયાઈ પર્યાવરણનું સંરક્ષણ
- માછીમારીના માર્ગો અને પરંપરાગત જીવનવ્યવસ્થાની જાળવણી
- યોગ્ય CSR.
- સ્થાનિક રસ્તા અને પાણી જેવી સુવિધાઓમાં રોકાણ
- જમીન સંબંધિત પ્રશ્નોમાં પારદર્શિતા

અગાઉના નાના લાયજા પ્રોજેક્ટના અભ્યાસમાં સ્થળને પ્રમાણમાં ઓછા સામાજિક/પુનર્વસન પ્રશ્નો ધરાવતું દર્શાવવામાં આવ્યું હતું, પરંતુ નવો પ્રોજેક્ટ જૂના પ્રોજેક્ટ જેવો જ હશે એવું માનવું યોગ્ય નથી; નવી DPR અને નવા પર્યાવરણીય અભ્યાસ જરૂરી રહેશે.

એક વાક્યમાં કહીએ તો : નાના લાયજા માટે આ જાહેરાતને માત્ર "સરકારી જાહેરાત" તરીકે નહીં, પરંતુ વાસ્તવિક પ્રોજેક્ટ તરફનું મહત્ત્વનું પ્રથમ પગલું માની લઈએ તો ઉજળા દિવસોની અપેક્ષા ગણી શકાય. પરંતુ હજી EOI → Developer Selection → DPR Environmental/CRZ Clearance → Concession Agreement → Financial Closure → Constructionના ઘણા તબક્કા બાકી છે.

ખાસ કરીને નાના લાયજાનો ઇતિહાસ જોતાં એક વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે. અગાઉ પણ ત્યાં મોટો શિપયાર્ડ / જેટી પ્રોજેક્ટ આગળ વધ્યો હતો પરંતુ જરૂરી પર્યાવરણીય મંજૂરી સમયસર ન મળતાં GMBએ ૨૦૧૯માં સંબંધિત LOI (લેટર ઑફ ઇન્ટેન્ટ) રદ કર્યો હતો. એટલે આ વખતે પણ સૌથી મોટું જોખમ "જાહેરાત" નહીં, પરંતુ મંજૂરીઓ અને ખાનગી રોકાણની વાસ્તવિક અમલવારી છે.

(પ્રસ્તુત લેખ AI ટુલ્સના આધારે રજૂ થયો છે.)

'ખિંકાર', પ્લોટ નં. ૧૮૯-૧૯૦, આઈયાનગર,
મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૩૦ ૦૦૧.
મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩

રાષ્ટ્રીય સંતનો ખિતાબ મેળવનારા પ્રથમ જૈન સંત

આચાર્ય વિદ્યાનંદજી મહારાજ

સંજય પી. ઠાકર

૨૨મી સપ્ટેમ્બરે જૈન આધ્યાત્મિક ગુરૂ આચાર્ય વિદ્યાનંદજી મહારાજની સાતમી પુણ્યતિથિએ એક સ્મૃતિ વંદના

જૂન ૨૦૨૫માં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં જૈન આધ્યાત્મિક ગુરૂ આચાર્ય વિદ્યાનંદજી મહારાજના શતાબ્દી સમારોહનું ઉદ્‌ઘાટન અને સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા નવી દિલ્હી સ્થિત ભગવાન મહાવીર અહિંસા ભારતી ટ્રસ્ટના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. શતાબ્દી સમારોહ ૨૮ જૂન, ૨૦૨૫થી ૨૨ એપ્રિલ, ૨૦૨૬ સુધી યોજાઈ રહ્યો છે અને તેમાં દેશભરમાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક, સાહિત્યિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક પહેલનો સમાવેશ થયો છે. નરેન્દ્રભાઈ મોદીએ મુનિરાજની રૂપિયા પાંચની મૂલ્ય ધરાવતી સ્મારક ટપાલ ટિકિટ અને રૂા. ૧૦૦નો શુદ્ધ ચાંદીનો સિક્કો બહાર પાડ્યો હતો.

આચાર્ય વિદ્યાનંદજી મહારાજનો જન્મ ૨૨ એપ્રિલ, ૧૯૨૫ના કર્ણાટકના બેલાગવીમાં થયો હતો. તેમનું સંસારી નામ સુરેન્દ્રજી ઉપાધ્યાય હતું. તેઓ તેમના પિતા કલપ્પાજી અને માતા સરસ્વતીજીને ત્યાં જન્મ્યા હતા. તેમણે દાનવડ ગામમાં ધર્મનિરપેક્ષ શિક્ષણ મેળવ્યું હતું અને તારલ ગામમાં સંગીતનો અભ્યાસ કર્યો હતો. ગામની શાળામાં ભાષાના અવરોધોને કારણે, તેમણે શાંતિ સાગર આશ્રમમાં અભ્યાસ કર્યો હતો. તેમણે ૧૯૪૨માં ભારત છોડો ચળવળમાં પણ ભાગ લીધો હતો.

તેઓ દિગંબર જૈન આચાર્યોમાંના એક હતા. તેમણે જૈન દર્શનના પ્રચાર, પ્રાચીન ગ્રંથોના પુનરુત્થાન અને અહિંસા, સત્ય અને તપસ્યા પર આધારિત નૈતિક જીવનના પ્રચાર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. ૧૯૭૫માં, ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મજયંતી દરમિયાન, આચાર્ય વિદ્યાનંદે જૈન ધ્વજ અને પ્રતીકની રચના અને રજૂઆતમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. ૨૮ જૂન, ૧૯૮૭ના, તેમને ઔપચારિક રીતે 'આચાર્ય' ની પદવી આપવામાં આવી, જે દિગંબર જૈન પરંપરામાં સર્વોચ્ચ આધ્યાત્મિક પદ છે. તેમણે જૈન દર્શન, અનેકાંતવાદ અને મોક્ષમાર્ગ દર્શન સહિત જૈન દર્શન અને નીતિશાસ્ત્ર પર ૫૦થી વધુ પુસ્તકો લખ્યા છે.

જૈન ધર્મનો સંદેશ વૈશ્વિક સ્તરે ફેલાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર આચાર્ય વિદ્યાનંદજી મહારાજ રાષ્ટ્રીય સંતનો ખિતાબ મેળવનારા પ્રથમ જૈન સંત હતા. તેમણે પોતાના કાર્યો અને શબ્દો દ્વારા જૈન ધર્મને જનતા સુધી પહોંચાડવાનું કામ કર્યું. સંત તરીકેના તેમના ૭૫ વર્ષ દરમિયાન, વિદ્યાનંદજીએ ૭૫ જૈન દીક્ષાઓ સહિત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ધર્મનો પ્રચાર કર્યો. તેઓ પોતાની દીક્ષાના ૫૦ વર્ષ પૂર્ણ કરનારા પ્રથમ સંત બન્યા.

એમણે ૧૫ એપ્રિલ ૧૯૪૬ના તમદદ્દી, કર્ણાટક ખાતે આચાર્ય મહાવીર કીર્તિજી પાસેથી ક્ષુલ્લક દીક્ષા લીધી હતી. નામકરણ ક્ષુલક પાર્શ્વ કીર્તિ વર્ણી રાખવામાં આવ્યું. કન્નુરમાં વર્ષ ૧૯૪૭ના ચાતુર્માસ પછી, આચાર્ય મહાવીર કીર્તિજીએ ક્ષેલકજીને શાંતિ સાગર આશ્રમ છાત્રાલયના ડીનનું પદ સંભાળવાનો આદેશ આપ્યો. તેઓ ત્યાં ૧૯૪૮થી ૧૯૫૬ સુધી આઠ વર્ષ રહ્યા. ક્ષુલ્લકજી ૧૯૬૨માં આચાર્ય દેશભૂષણજી પાસે શરણ લેવા દિલ્હી આવ્યા. મુનિ દીક્ષા ૨૫મી જુલાઈ ૧૯૬૩ના દિલ્હીમાં આચાર્ય દેશભૂષણજી ગુરૂદેવના હાથે થઈ, મુનિ વિદ્યાનંદજી નામ આપવામાં આવ્યું હતું. ૧૯૬૯માં, તેમણે હિમાલય તરફ યાત્રા કરી. શ્રીનગરમાં એક ચાતુર્માસ વિતાવ્યો. દિલ્હીમાં, આચાર્ય દેશભૂષણજીએ ૮મી ડિસેમ્બર ૧૯૭૪ના ઉપાધ્યાય પદ પ્રદાન કર્યું. ૧૯૭૮ના, દિલ્હીમાં એલાચાર્ય પદ પ્રદાન કરવામાં આવ્યું. આચાર્ય દેશભૂષણજી મહારાજના આદેશ મુજબ, સંઘે ૨૮ જૂન ૧૯૮૭ના દિલ્હીમાં આચાર્ય પદ પ્રદાન કર્યું. આચાર્ય વિદ્યાનંદજીએ ૧૯૮૧માં ભગવાન બાહુબલીના મહામસ્તકાભિષેક દરમિયાન આઈલાચાર્ય તરીકે તેમની હાજરી પૂરી પાડી હતી. ૧૯૯૦માં, આચાર્ય શાંતિ સાગરજીની અખંડ પટ્ટ પરંપરાનું પાંચમું પટ્ટાધિશ પદ આચાર્ય વર્ધમાન સાગરજીને લેખિત ગુરૂના આદેશથી આપવામાં આવ્યું હતું. આચાર્ય વિદ્યાનંદજીએ નવા આચાર્યને નવી પિંછી મોકલી અને તેમની અનુમોદના અને આશીર્વાદ આપ્યા. આચાર્ય વિદ્યાનંદીજીએ ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ કાર્યક્રમમાં મહત્ત્વપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પ્રાકૃત ભાષાના તારણહાર તરીકે આચાર્ય વિદ્યાનંદજીની ગણના થાય છે. સિદ્ધાંત ચક્રવર્તી આચાર્ય વિદ્યાનંદજીએ પ્રાકૃત

(અનુસંધાન : જુઓ પાના નંબર – ૮૬ ઉપર)

કચ્છના વહાણવટા ઇતિહાસના સંનિષ્ઠ સંશોધક-લેખક : ડૉ. મનુભાઈ પાંધી

ભરત'કુમાર' પ્રા. ઠાકર

જન્મ જયંતી (તા. ૬-૯) પ્રસંગે એક સ્મરણ....

જન્મ : ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૧૪

નિધન : ૧૭મી ઓક્ટોબર, ૧૯૮૪

ગુજરાતી સાહિત્યમાં 'દરિયો' ખેડનારા લેખકો બહુ ઓછા છે. ગુજરાતના ગુણવંતરાય આચાર્ય (૧૯૦૦-૧૯૬૫), દામોદર ભટ્ટ 'સુધાંશુ' (૧૯૧૩-૧૯૮૩) અને કચ્છના ચંદ્રશંકર બૂચ 'સુકાની' (૧૮૯૬-૧૯૫૮), વનુભાઈ પાંધી (૧૯૨૮-૧૯૯૪)ની જેમ ડૉ. મનુભાઈ ભીમરાવ પાંધી (૧૯૧૪-૧૯૮૪)ના સર્જનની પશ્ચાદભૂમાં પણ 'મહેરામણ' જ રહ્યો છે. વહાણવટાના ઈતિહાસ-સંશોધન ક્ષેત્રે એમણે ખૂબ નામના મેળવી છે. ઉપરાંત, આજે પણ કાર્યરત ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ'ના તેઓ સ્થાપક હતા. આ મહિને આવતી ૧૧૨મી જન્મજયંતી (તા. ૬-૯) પ્રસંગે આ કચ્છી પ્રતિભાને યાદ કરીએ

• પ્રથમ પ્રશિક્ષિત ડેન્ટલ સર્જન

ડૉ. મનુભાઈ પાંધી કચ્છના જાણીતા દંતચિકિત્સક, પ્રગતિશીલ વિચારક-લેખક, વાર્તાકાર, ચિત્રકાર, સમાજસેવક અને કચ્છના વહાણવટાના પ્રખર અભ્યાસુ હતા. પિતા ડૉ. ભીમરાવ ભવાનીદાસ પાંધીને ત્યાં એમનો જન્મ બહુધા સંદર્ભોનુસાર ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૧૪ (કુંડળી અનુસાર ૩જી જુલાઈ, ૧૯૧૫)ના કરાંચી ખાતે થયો હતો. ૧૯૩૩માં પિતાની નિમણૂકના પગલે કચ્છ આવ્યા અને ભુજ-માંડવીમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું.

પ્રારંભિક તબક્કે ભુજમાં હુન્નરશાળાના કળાગુરૂ દેવજીભાઈ ગુજ્જર, અમદાવાદમાં રવિશંકર રાવળ (૧૮૯૨-૧૯૭૭), કનુ દેસાઈ (૧૯૦૭-૧૯૮૦) વગેરે પાસેથી ચિત્રકામની તાલીમ પણ મેળવી. ૧૯૩૬માં તેઓ ફરી કરાંચી ગયા. ત્યાંથી તેઓ દંતવિદ્યામાં અનુસ્નાતક (૧૯૩૮) થઈ કચ્છ આવ્યા. તે સમયે તેઓ કચ્છના પ્રથમ પ્રશિક્ષિત દંત શસ્ત્રવૈદ્ય બન્યા હતા.

૧૯૩૮થી કચ્છના રાજપરિવારના દંતતબીબ તરીકે નિમાવા ઉપરાંત માંડવી-ભુજ (૧૯૩૮-૧૯૪૦) અને કંડલા (૧૯૬૭-૧૯૭૭)ની સરકારી ઇસ્પિતાલોમાં ડેન્ટલ સર્જન તરીકે માનાર્હ સેવાઓ આપી હતી. દરમિયાન બધો વખત (૧૯૩૭-૧૯૮૦) માંડવી-ભુજ ખાતે પોતાના દવાખાનામાં પણ કાર્યરત રહી કચ્છના સફળ ડેન્ટિસ્ટ તરીકે સ્થાન મેળવ્યું હતું.

• કમલેશ્વરને કચ્છમાં લાવ્યા

સમર્થ હિન્દી સાહિત્યકાર કમલેશ્વર (૧૯૩૨-૨૦૦૭) અને મુંબઈના પ્રગતિશીલ ગુજરાતી સર્જક ભાનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ' (૧૯૧૩-૧૯૭૦)નો ઘનિષ્ઠ સંપર્ક, કચ્છના ત્રણ સિદ્ધહસ્ત સર્જકો ડૉ. જયંત ખત્રી (૧૯૦૯-૧૯૬૮), બકુલેશ (૧૯૧૦-૧૯૫૬), અશોક હર્ષ (૧૯૧૫-૨૦૦૩) સાથેની અતુટ મૈત્રી તથા વિશ્વસાહિત્યના વિશાળ વાંચન થકી મનુભાઈ પાંધીની પ્રકૃતિદત્ત સર્જક-પ્રતિભા પણ ઉભરવા લાગી હતી.

એમનું ભુજનું ઘર રાત્રિના મોડે સુધી સ્થાનિક લેખકોની સાહિત્યચર્ચા સાથે કાર્યશાળા બની રહેતું! ૧૯૭૨માં કેટલાક વાસ્તવવાદી લેખકોએ કમલેશ્વરજીના પ્રમુખપદે 'અખિલ ભારત સમાંતર લેખક સંઘ'ની સ્થાપના કરી હતી. તેના પાંચમા વાર્ષિક સંમેલન (રાજગીર, ૧૯૭૬) વખતે ડૉ. પાંધીને તેના ઉપપ્રમુખ ચૂંટી કાઢવામાં આવેલા.

તેનું ૬ઠ્ઠું અધિવેશન ૧૭, ૧૮, ૧૯ જાન્યુઆરી, ૧૯૭૭ના કચ્છમાં અંજાર મુકામે યોજાયેલું. તેના પાયામાં ડૉ. પાંધી હતા. આ યાદગાર સાહિત્યપર્વમાં ભારતના ૮૦ જેટલા વિવિધભાષી કલમકારો અને બલરાજ સહાની (૧૯૧૩-૧૯૭૩) જેવા કલાકારોને નિમંત્રી કચ્છની ભાતીગળ સંસ્કૃતિનાં દર્શન કરાવ્યાં હતાં.

• ડૉ. જયંત ખત્રી સ્મારક સંસ્થા

ડૉ. જયંત ખત્રી તો અંતિમ ક્ષણ સુધી સુખદુઃખના સાથી હતા. વિચારધારા, સાહિત્યરૂચિ, ચિત્રકળા, વહાણવટું અને જાહેર જીવનમાં બંને સાથે રહેલા. એમના અવસાન બાદ એમની કાયમી યાદ જાળવવા પોતે, વનુભાઈ પાંધી (૧૯૨૮-૧૯૯૪), ગૌતમ શર્મા (૧૯૨૯-૨૦૦૨), વિનુભાઈ કેશવાણી (૧૯૨૯-૨૦૦૮), નારાણ દામજી ખારવા (૧૯૩૦-૨૦૧૪), જટુભાઈ પનિયા (૧૯૩૪-૨૦૦૧), મહિમભાઈ પાંધી (૧૯૪૬-૨૦૦૬) વગેરે સાથે મળી 'સંસ્મૃતિ'ની સ્થાપના કરી.

મનુભાઈ ખુદ સારા ચિત્રકાર હોઈ સંસ્થાનું પ્રતીક પણ દોરી આપ્યું. તેમાં જયંત ખત્રીના બે પ્રથમાક્ષરો 'જ' અને 'ખ'નું કલાત્મક સંયોજન ઉપસાવ્યું છે. સંસ્થા દ્વારા સાહિત્ય

સર્જકોને સન્માનવા અપાતી ટ્રોફીમાં પણ આ સુંદર પ્રતીક વણી લેવાયું છે. સંસ્થાના નેજા તળે સાહિત્ય પ્રતિભાઓનું સન્માન થતું રહે છે. તેમાં ગુજરાતી સાહિત્ય માટે 'ડૉ.જયંત ખત્રી-બકુલેશ એવૉર્ડ' તથા કચ્છી સાહિત્ય માટે 'ડૉ. મનુભાઈ પાંધી એવૉર્ડ' અપાય છે. આજે સાહિત્ય જગતમાં 'સંસ્મૃતિ' અને તેનાં પારિતોષિકોનું અદકેરું મહત્ત્વ છે.

- **સંશોધન અને સર્જન**

સાહિત્યિક પ્રવૃત્તિઓની સાથે-સાથે માંડવીનો સમુદ્રકિનારો, ખારવા વ્યવસાય અને વહાણવટા ઉદ્યોગ પણ મનુભાઈ પાંધીની સંશોધક નજરથી બહાર ન હતા. એટલે જ જીવનના ઉત્તરાર્ધે 'કચ્છના વહાણવટા' પરના સંશોધનને પોતાનું ધ્યેય બનાવ્યું! કાળની ગર્તામાં સરી જતા આ વારસાને જાળવી રાખવા અથાગ મહેનત કરી અને તેના પરિપાક રૂપે દરિયા ખેડાણને લગતું વિપુલ સંશોધન અને ક્ષેત્રિયકાર્ય કર્યું, જે પુસ્તકદેહની પ્રતીક્ષામાં છે.

તેમાં વહાણવટાનું મહત્ત્વ, ઈતિહાસ, માલમીવિદ્યા, પરંપરાગત નૌકાયન, વહાણ બાંધકામ, તેના વિવિધ ભાગોની પારિભાષિક ઓળખ, અનેક તાંત્રિક માહિતીનો સમાવેશ થાય છે. એટલે જ તેઓ 'વહાણવટીઓના વહીવંચા' કે 'માલમી વિદ્યાના મનુ' તરીકે ઓળખાયા છે. સો જેટલી દસ્તાવેજી તસવીરોનું માંડવીમાં પ્રદર્શન (૧૯૮૩) પણ યોજેલું.

મનુભાઈએ થોડું, પણ પ્રાણવાન સર્જન કર્યું હતું. એમનું વાર્તાલેખન ચાળીસના દાયકામાં શરૂ થયું. તે સમયનાં અગ્રણી અખબારો 'પ્રજામિત્ર', 'હિન્દુસ્તાન' અને વાર્તામાસિક 'ચાંદની'માં એમની સાગરકથાઓ છપાતી. ખ્યાતનામ સર્જકોએ એમની દરિયાઈ કથાઓને 'સંઘેડાઉતાર' કહી પ્રશંસા કરી છે.

તેમનો એકમાત્ર સંચય 'ફીણોટા' (૧૯૬૮) પ્રગટ થયેલો, જેમાં માનવમનની સંકુલતાનું સૂઝભર્યું આલેખન થયું છે. ઉપરાંત, કચ્છની લોકસંસ્કૃતિ વિશેનો લેખસંપુટ 'અસીં માડુ કચ્છ જા' બહાર પડ્યો છે. જ્યારે 'ગુજરાતનું પ્રાચીન વહાણવટું' અને 'અવિશ્રાંત સાગર' નામે બે સંશોધનાત્મક પુસ્તકો, 'દક્ષા' નામક નવલકથા અદ્યાપિ અપ્રકાશિત રહ્યાં છે.

- **પ્રગતિશીલ સર્જન અને જીવન**

કવિ, પત્રકાર, 'કચ્છી' સામાહિક (મુંબઈ)ના તંત્રી અને કવિ 'નિરંજન'ના નાના ભાઈ કલ્યાણજી લાલજી વ્યાસ 'શ્રેયસ'નાં પુત્રી તારામતી સાથે લગ્ન (૧૯૩૯) થયાં હતાં. એમનું સંવેદનશીલ હૃદય પીડિતોના દુઃખદર્દ સમજવા-નિવારવા હંમેશા આતુર રહેતું. બહેન રાધાબહેન અને પત્ની તારાબહેનના સાથથી અનેક સમાજલક્ષી પ્રવૃત્તિઓ ચલાવી.

કચ્છના હુન્નરોદ્યોગોના શ્રમિકો અને હસ્તકળાના કારીગરોને સંગઠિત કરી એમનું શોષણ અટકાવવા અને પગભર કરવા એમણે ખૂબ પ્રયત્નો કર્યા. માંડવીમાં ચર્મોદ્યોગ અને વણાટ સહકારી મંડળીઓની રચના કરી નવી પહેલ કરી હતી. મનુભાઈએ પ્રગતિશીલ સાહિત્યના સર્જન સમાંતર પ્રગતિશીલ અને પ્રયોગશીલ જીવન પણ જીવી બતાવ્યું હતું.

કચ્છી સાહિત્ય સભાના મંત્રી અને માંડવી સુધરાઈ સભ્ય (૧૯૪૬-૧૯૪૮) રહ્યા હતા. આવા સંનિષ્ઠ સંશોધક ડૉ. મનુભાઈ પાંધીનું ૧૭મી ઓક્ટોબર,૧૯૮૪ના નિધન થયું. એમના પુત્ર મહિમ પાંધી પણ સારા લેખક, વ્યંગ ચિત્રકાર, પત્રકાર અને 'કચ્છમિત્ર'ના સહતંત્રી રહ્યા હતા. યુવા વિકાસ સંસ્થા (ભુજ) દ્વારા એમની શતાબ્દી પ્રસંગે 'ફીણોટા'નો ભાવક મૂલ્યાંકન કાર્યક્રમ (૨૦૧૪) પણ યોજાયો હતો.

'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,
તોરલ સરોવર સામે, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.
મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦

કચ્છી બોલી

કચ્છી બોલીમાં જે જોમ છે, જે રણકાર છે અને જે મીઠાશ છે તેવા એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દો...

એક અક્ષર			બે અક્ષરવાળા શબ્દો		
પે	=	પિતા	અચ	=	આવો
મા	=	માતા	અખ	=	આંખ
ભા	=	ભાઈ	અઠ	=	આઠ
ધી	=	પુત્રી	અધ	=	અડધું
નોં	=	પુત્રવધૂ	કન	=	કાન
ભો	=	હા	ગચ	=	ઘણું
સી	=	ઠંડી	મટ	=	માટલું
મીં	=	વરસાદ	ચપ	=	હોંઠ
ડીં	=	દિવસ	ચમ	=	ચામડું
ડોં	=	દસ	છટ	=	વાસ
ધા	=	ફરિયાદ	લજ	=	લાજ
ના	=	નામ	ધજ	=	સારું
બાં	=	બાંય (હાથ)	નક	=	નાક
વા	=	પવન (હવા)	પખ	=	પાંખ
મોં	=	મોઢું	પટ	=	જમીન
ચો	=	કહેવું	*(આ બે અક્ષરોમાં ક્યાંય પણ કાનો માતર નથી તે તેમની ખૂબી છે.)*		
સા	=	શ્વાસ			
પ્યો	=	નીચે પડવું			

રતનજી બાવાએ દેવપુર ગામમાં ધાડ પાડી

વસંત 'કચ્છ કેસરી'

આપણો દેશ આઝાદ થયો ૧૯૪૭માં. ત્યાર પહેલાં સૈકાઓ સુધી ક્ષત્રિયોની રાજાશાહી હતી. નાના મોટા રજવાડા કચ્છ કાઠિયાવાડ પ્રદેશોમાં ઘણા હતા જેમાં જાડેજા, ગોહિલ, ઝાલા, ચૌહાણ, સિસોદિયા, પરમાર તથા સોલંકી વગેરે વંશના રાજાઓનું રાજ્ય હતું. આ રાજાઓમાં એકબીજામાં રોટી અને બેટી વ્યવહાર હતો. ઘણી વખત આ ક્ષત્રિયોમાં રજવાડાની સીમા અંગે વાદ વિવાદ થતા જે અંગત દુશ્મની સુધી પહોંચતા. બળુકાઓની લડાઈમાં જાન માલની હાનિ પણ થતી. ભાયાતોમાં ભાગલા પડતા અને ગામ જમીન અપાતી જે જાગીર કહેવાતી. એ જાગીરોમાં પણ ભાઈઓમાં વિવાદ થતા અને એમાંથી કોઈ બળુકો ભાઈ થોડા પસાયતાઓને લઈને બહારવટે ચડી જાગીર કે પછી રજવાડા સામે બંડ પોકારી, લૂંટ ફાટનો માર્ગ અપનાવતા!

આપણા કચ્છ રાજ્યની પણ ભાયાતોની નાની નાની ઘણી જાગીરો હતી. તેમાં તેરા, રોહા, મઉ અને વિજાન જાગીરો મોટી ગણાતી. રોહા જાગીર દેવપુર ગામના થોડા અંતરે હતી. તેના તાબેનું એક ગામ એટલે ઝાડજોગ, જે દેવપુર ગામની સીમને અડીને વસેલું. એ ઝાડજોગ ગામના મુખિયા રતનજી બાવા! ૬ ફૂટ લાંબી અને ભરેલી કાયા, લીંબુના બે ફાડિયા જેવી આંખો, વટ ચડાવેલી મૂછો અને ખુમારીભરી ચાલ. આવતા હોય તો વાટ ભરીને આવે! દીદાર એવા કે નાના બાળકો તો આડા અવળા છુપાઈ જાય. ગામની દિકરી કે વહુઆરીઓની મર્યાદા ખૂબ જાળવતા. એમની ધાક એટલી કે કોઈ અણછાજતી બીના ગામમાં બને જ નહિ. એ અરસામાં અન્ય ધાડપાડુઓ ભૂપત, શેલું અને ઉંમર ચોર પણ કચ્છમાં ત્રાસ આપતા હતા પણ દેવપુરની વાટે આવે નહીં એટલી રતનજીની ધાક! એવા એ બાવા દરરોજ કાં તો એકાંતરે દેવપુરના વથાણમાં મારાજની હોટેલ પર, ચા પાણી, બીડી બાકસની મહેફિલ જામે તેમાં હાજર હોય તથા આપણા શ્રી તેજપાર ખેરાજ, સૂતાર વેલજી બાપા, વારોંધ ભચુ બાપા વગેરેની હાજરી હોય. રતનજી બાવાને રાજ સાથે અંટશ પડતાં બહારવટે ચડેલા. મહિને માસ, અવારનવાર કોઈને કોઈ ગામમાં ધાડ પાડી ખમતીધરના ઘર લૂંટી લે. શક્યતઃ કોઈને વિના કારણ મારતા નહિ.

એકાદ એવી ધાડની ચર્ચા, એક ભાદરવા માસની સાંજે ભરેલી મહેફિલમાં મારાજની હોટેલ પર નીકળી. જ્યાં શ્રી તેજપાર બાપાએ સાવ નિર્દોષ ભાવે, મજાકમાં થોડી સેખી વગારી કે, 'ભેનસા ઘણે ગામેમેં ધાડું પેં, પણ પાંજે ભરા કોય નજર ન કરી સગે!' આ વાત સાંભળી બાવા રતનજી મનમાં સમસમી ગયા. વાણિયાના હુકારમાં ગર્વ દેખાયો. જો કે તેજપાર બાપાનો ઈરાદો રતનજી બાવાને કોઈ દોષ આપવાનો હતો જ નહિ, એ તો નિર્દોષ ભાવે આ ઉચ્ચાર્યું હતું. બસ, આ વાતની ગાંઠ મનમાં વાળીને રતનજી ગુસ્સામાં ત્યાંથી રવાના થઈ ગયા. ચેતવણીમાં એટલું બોલતાં ગયા કે આ ગર્વ ઉતારવું પડશે. આ તો ઠકરાઈની આણ!!

વાત વિસારે પડી. પણ બાપાનો જીવ અધ્ધર રહ્યા કરતો હતો. મહેફિલથી દૂર રહેવા લાગ્યા. ઈ.સ. ૧૯૪૮ની દિવાળી નજીક આવતી હતી. ધન તેરસના દિવસે સાંજે ધણ પાછું વળી આવ્યા બાદ થોડા અંધારાની વેળાએ કોટડાની વાટ પરથી ધૂળ ઉડાડતા ચાર ઊંટ સવાર, ખભે બેનાળી બંદૂક લટકાવી, બુકાની બાંધી, પાદરમાં હોટેલ પાસે ઊંટો ઝિંકાવી, ગામ દેવપુરના, દીવાની અને ફોજદારી વહીવટના અનુભવી એવા શ્રી ગોવાળજી કોરસી ગાલા (જેઓ રતનજી બાવાના વહીવટદારની રૂએ ખૂબ અંગત સંબંધ ધરાવતા હતા), તેઓ ધણની વાટ જોતા ઊભા હતા તેમને બોલાવ્યા અને એમને જાણ કરી કે અમે તેજપાર બાપાને ત્યાં ધાડ પાડવા આવ્યા છીએ અને તમો ગામમાં સાદ ફેરવો કે કોઈ પણ વ્યક્તિ ઘરની બહાર ના નીકળે અને સામનો કરવાની કોશિશ ન કરે નહિં તો ગોળીથી વીંધી દેશું! ભલે! ગોવાળજી બાપા ગામમાં જવા નીકળ્યા અને રતનજી બાવા સાથીઓ સાથે તેજપાર બાપાના ઘરે ડેલીમાં દાખલ થયા. ત્યાં બાપા ડેલીમાં બેઠા હતા ત્યાં જ બેસી રહેવાનો ઈશારો કરી રતનજી આંગણ વટાવી ઘરના ઉંબરે ઊભા રહ્યા. ત્રણ ચાર વયસ્ક બહેનો મેળાવામાં બેઠી હતી. તેઓ તો બાવાને જોતાં જ ગભરાઈ ગઈ પણ રતનજી બાવાએ એમને બેસી રહેવા જણાવ્યું. કોઈ ક્યાંય જશે નહિ. કોઈને ઈજા નહિ થાય. પછી ઘરની ચાવીઓ માગી લૂંટ ચલાવી. લાખોની મતા લૂંટાતી હતી ત્યારે એક અઘટિત બનાવ બન્યો. બાવાના સાથીઓમાંથી એક જણ ડેલીમાં, એક જણ સામેની ગલીની ચોકી કરવા તેમજ એક જણ ઘરમાં લૂંટ કરવામાં ગોઠવાયા હતા. બધા પાસે ભરેલી બંદૂકો હાથમાં તૈયાર જ હતી! સાંજે હોટેલ વહેલી બંધ થતાં અને ઝીંકાયેલા ચાર ઊંટને જોઈ સુંદરજી સુતારને શંકા થઈ કે કાંઈક ગરબડ છે. એ નમ

વાળી શેરીમાંથી શેઠિયા ચોકમાં પહોંચ્યા ત્યાં તો ચબૂતરા પાસેથી શ્રી લીલાધર શામજી વીરા આવતા દેખાયા. ગોવાળજી બાપા આખા ગામમાં સાદ પાડી પોતાના ઘર તરફ જવા, શેઠિયા ફરિયામાંથી નીકળ્યા. એમણે આ બન્ને જણને ઘરે જવાનું કહ્યું પણ યુવાન લોહી! સાહસ કરી આ ધાડ જોવા કાનજી પટેલની શેરીમાં થઈને (હાલ જ્યાં ગાલા ભવન-૧ છે) ત્યાં છુપાઈને જોવા ગયા. ચોકી કરતા સાથીને બીક હતી કે કદાચ કોઈ સામનો કરે તો એ બંદૂક તાકીને જ બેઠો હતો. સુંદર મા ના ઘરની દીવાલની આડ લેવા માટે જેવા આ બેઉ દોડ્યા કે બંને ગોળીથી વિંધાઈ ગયા. ગમે તેમ બંને શેઠિયા ચોકમાં પહોંચ્યા પણ ત્યાં ઢળી પડ્યા. દુઃખદ બનાવ બની ગયો! બે આશાસ્પદ યુવાનોના બલી લેવાઈ ગયા.

ધાડ પાડી, માલમત્તા લઈ રતનજી અને સાથીઓ ફરાર થઈ ગયા. રાત આખી દેવપુર ગામ ફડફડતું રહ્યું. સવારે ગમગીન બનાવની જાણ થતાં પોલીસ ફરિયાદ થઈ. રતનજી પકડાયા, સાક્ષી પૂરવા માટે એમને ગામમાં લાવવામાં આવ્યા પણ જે બાઈઓ, એ સાંજે તેજપાર બાપાના ઘરે મેળાવા માટે હાજર હતી, તેમાંથી કોઈએ પણ, પોતાના મોતની બીકે, બાવાને ઓળખી બતાવવાની હિંમત બતાવી નહિ. મારી ઉંમર નાની પણ બીજા દિવસે ગોવાળજી બાપાને મારા માતાજીએ વિગત જાણવા બોલાવેલા ત્યારે હું હાજર હતો તેથી આ સમગ્ર બનાવ એમના મુખે સાંભળેલ મારા માનસપટ પર છપાયેલું રહ્યું છે જે દેવપુર ગામના યુવા વર્ગની જાણ માટે પ્રસ્તુત છે. દેવપુર ગામના વડીલો જે હાલ, જીવનના નવમા દાયકામાં હશે તેમને આ ધાડ વિશે જરૂર માહિતી હશે જ!

બસ, આ ધાડના બનાવ બાદ, આઝાદ દેશની રાજ્ય પોલીસે ખૂબ સખ્તીથી કાયદાની બજવણી કરી, કચ્છ તથા કાઠિયાવાડના પ્રદેશોમાંથી ધાડપાડુ કે લૂંટારાના નામ નિશાન નાબૂદ કરી દીધા. ત્યારબાદ કોઈ મોટી ધાડ કે લૂંટ થઈ હોય એવું જાણમાં નથી.

દેવપુર/મુલુંડ
મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮

તમારી આંખમાં નાની અમથી કાંકરી જાય
તો તમે ઊંચાનીચા થઈ જાવ છો,
તો જેની આંખમાં તમે ધૂળ ઝોંકો છો,
વિચાર કરો એનું શું થતું હશે!

કોઈ એક નિયમ બનાવો એટલે કામની શરૂઆત થાય
અને નિયમને આદત બનાવો એટલે સફળતાની શરૂઆત થાય.

આચાર્ય વિદ્યાનંદજી મહારાજ

(અનુસંધાન : પાના નંબર – ૮૨ ઉપરથી ચાલુ)

ભાષાને બચાવવા માટે તારણહાર તરીકે કામ કર્યું. પ્રાકૃત ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે તેમની પ્રેરણા હેઠળ કરવામાં આવેલા કેટલાક અનોખા કાર્યોનું સ્મરણ કરીએ. મહારાજ દ્વારા પ્રાકૃત ભવનની સ્થાપના ૯મી જુલાઈ, ૧૯૮૭ના નવી દિલ્હીના કુંડાકુંડ ભારતી ખાતે કરવામાં આવી હતી અને તેનું ઉદ્‌ઘાટન તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૬ ઓક્ટોબર, ૧૯૮૮ના, આચાર્ય કુંડાકુંડ દ્વિશતાબ્દી ઉજવણીનું ઉદ્‌ઘાટન દિલ્હીના FICCI ઓડિટોરિયમ ખાતે, તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાળ શર્માના મુખ્ય આશ્રય હેઠળ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર વર્ષ દરમિયાન અસંખ્ય પ્રાકૃત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૮૯માં "પ્રાકૃત વિદ્યા" નામનું સંશોધન જર્નલ, જે પ્રાકૃત ભાષાને સમર્પિત એક અનોખું સંશોધન જર્નલ બન્યું. ૧૯૯૫માં શ્રુત પંચમીને પ્રાકૃત ભાષા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી. પ્રથમ પ્રાકૃત કવિ સંમેલનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૦માં, જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પ્રાકૃત જૈન વિદ્યા વિષય દૂર કર્યો, ત્યારે પ્રાકૃત ભાષાને UGC NET પરીક્ષામાં સ્વતંત્ર રીતે સમાવવામાં આવી, જે આજ સુધી ચાલુ છે. ૨૨ એપ્રિલ, ૧૯૯૫ના અખિલ ભારતીય શૌરસેની પ્રાકૃત સંસદની સ્થાપના થઈ. ૧૯૯૮-૯૯ દરમિયાન લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી ખાતે સ્વતંત્ર પ્રાકૃત ભાષા વિભાગની સ્થાપના કરાવવામાં એમણે મુખ્ય ભૂમિકા અદા કરી. પ્રાકૃત ભાષામાં યોગદાન માટે આચાર્ય કુંડકુંડ પ્રાકૃત પુરસ્કારની સ્થાપના, જેમાં વિદ્વાનોને એક લાખ રૂપિયાની ઇનામ રકમ આપવામાં આવે છે.

આચાર્ય વિદ્યાનંદજી મહારાજનું ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું. તેમની અંતિમ યાત્રા દિલ્હીમાં કાઢવામાં આવી હતી અને શ્રી કુંડ-કુંડ ભારતી ખાતે ૪૮ પિચ્છીધારી જૈન સંતોની હાજરીમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

'ખિંકાર', પ્લોટ નં. ૧૮૯-૧૯૦, આઈયાનગર,
મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩


સફળ વેપારી એટલે સમજદારીનો સરવાળો,
અપેક્ષાઓની બાદબાકી,
સહકારનો ગુણાકાર અને અવિશ્વાસનો ભાગાકાર.

સ્થાપત્ય, કલા તથા સંસ્કૃતિથી સમૃદ્ધ કચ્છ પ્રદેશ

વિનય પંડ્યા



કલાની અવિરત વહેતી ધારાએ યુગોથી માણસને ઘડ્યો છે. જીવનની સાચી દિશા બતાવી છે અને સદાય પરમ આનંદમાં રાખ્યો છે. માટે જ કલાને સમયે સમયે જાણવી, માણવી, અનુભવવી તથા સંસ્કાર - સંસ્કૃતિને જીવંત રાખવા પોંખવી જરૂરી છે. કલાનો આદર સત્કાર સતત થતો રહેવો જરૂરી છે. ભારતીય કલા સંસ્કૃતિના પ્રતીક સ્વરૂપ જીવંત ભાસતા શિલ્પો, સ્થાપત્યો તથા કલાત્મક દેવાલયો – એ ભારતીય જીવનધારાના સ્તંભો છે તેમજ શ્રદ્ધા કેન્દ્રો સ્વરૂપે કાર્યરત છે.



ભારતની આગવી ઓળખ ધરાવતું કચ્છ, એ સતત પરિવર્તનશીલ તેમજ નીતનવા સ્વરૂપો ધારણ કરતો પ્રદેશ રહ્યો છે તેમજ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો માટેના અભ્યાસ અર્થેનું કેન્દ્ર સ્થાન રહ્યો છે. કારણ કચ્છ વૈવિધ્યતાથી ખૂબ જ સમૃદ્ધ રહ્યું છે. પોતાનો સાંસ્કૃતિક વારસો, પરંપરાગત ચાલી આવતી કળા, સંસ્કૃતિ તેમજ ભાષાની વિશેષતાનું મુખ્ય આકર્ષણ રહ્યું છે. સવિશેષ તેઓનો કલાત્મક પહેરવેશ જીવનની રંગીનતા તથા આનંદિતતાને દર્શાવે છે.



ભારતીય કલા ક્ષેત્રે સ્થાપત્ય કલા, એ સર્જનની જીવંતતા દર્શાવે છે. બદલાતા સમય મુજબ બદલાતી કલાના આધારે જ શિલ્પકલા કઈ સદીમાં સર્જન પામેલ છે તે કહી શકાય છે. સાચા અર્થમાં બદલાતી કલાને જ સ્થાપત્ય કલા કહેવામાં આવે છે. બદલાતા યુગની જીવન પદ્ધતિ, વિચારધારા, પ્રકૃતિ સાથેનું જોડાણ, રહેઠાણની વિશેષ રચનાઓ તથા જીવનશૈલીનો પ્રભાવ સ્થાપત્યોમાં જોવા મળે છે. આ બાબતના જીવંત નમૂનાઓ ૧૭મી, ૧૮મી તથા ૧૯મી સદીમાં નગર રચનાઓની વિશેષતા દ્વારા જાણી શકાય છે.

કચ્છના ઘરોની કલાત્મક રચનાઓ, કલાત્મક આકારો દ્વારા સુશોભિત કરવાની પરંપરા છેલ્લા ૧૦૦ વર્ષથી જોવા મળે છે. કલાત્મક કોતરકામથી સુશોભિત પિલ્લરો, કમાન, દરવાજા, બારીઓ – રહેઠાણની મુખ્ય શોભા ગણાય છે. વારસામાં મળતી કલા પ્રત્યેની રૂચિ તથા સૌંદર્ય પ્રત્યેની લાગણીઓ જીવનને કોમળતા તથા પ્રેમાળ સ્વભાવની સોનેરી સોગાત આપી છે. તો જીવન નિર્વાહ માટે અથાગ મહેનત દ્વારા સશક્ત જીવન આપ્યું છે. પડછંદ કાયા અને પ્રભાવી ચહેરો કચ્છના લોકોની ઓળખ સમાન છે.

કચ્છ પ્રદેશ પૂરા ભારતમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક તથા કલાની સમૃદ્ધિથી અલગ તરી આવે છે. કચ્છની સૂકી રેતાળ ધરતીએ કચ્છની પ્રજાનું કંઈક અનોખું જ ઘડતર કર્યું છે. ત્યાંના લોકો સાહસિક, ખડતલ, ઉદાર, ઉત્સાહી તેમજ કલાપ્રેમી હોય છે. તેઓએ આજે પણ જીવન જીવવાની સુંદરતાને સાચવી રાખી છે. જે રંગોથી સમૃદ્ધ કલા વૈભવ તથા સંસ્કૃતિથી પ્રકાશિત છે.

મો. ૯૪૨૬૫ ૬૬૫૨૯

બોધકથા

પ્રભુ પરમાત્માને જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી

સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી

પ્રભુ પરમાત્માની અપરોક્ષાનુભૂતિ-સાક્ષાત્કાર વિના મનમાં સાચો વિશ્વાસ પેદા થતો નથી. જ્યાં સુધી અડગ વિશ્વાસ ન પ્રગટે ત્યાં સુધી ઈશ્વર સાથે સાચો પ્રેમ સંભવ નથી. પ્રેમ વિના ભક્તિ થઈ શકતી નથી અને ભક્તિ વિના આ ભવસાગર પાર કરી શકાતો નથી.

એક નવવિવાહિત દંપતી નાવમાં બેસીને નદી પાર કરી રહ્યું હતું. બંને વચ્ચે અગાધ પ્રેમ હતો. પોતાના ઘેર જવા માટે અન્ય કોઈ રસ્તો ન હોવાથી વિશાળ નદી પસાર કરવી અનિવાર્ય હતી. નાવિક હલેસા મારીને નાવ ચલાવી રહ્યો હતો. નાવ અધવચ્ચે પહોંચી ત્યાં જ અચાનક ચારે બાજુથી ભયાનક તોફાન અને વાવાઝોડું શરૂ થયું. નદીમાં ઉછળતા ઊંચા મોજાંઓને લીધે નાવમાં પાણી ભરાવા લાગ્યું. પત્ની અત્યંત ગભરાઈ ગઈ અને બૂમાબૂમ કરવા લાગી પરંતુ તેનો પતિ એકદમ શાંત અને અચળ બેસી રહ્યો. પત્નીએ પતિની નજીક આવીને આશ્ચર્યથી પૂછ્યું કે, 'આવા ભયંકર તોફાનમાં ગમે ત્યારે નાવ ડૂબી જવાની સંભાવના છે છતાં તમને ડર નથી લાગતો?' પતિએ કશું જ બોલ્યા વિના મ્યાનમાંથી તલવાર કાઢી અને પત્નીની ગરદન પર ટેકવી દીધી. જે પત્ની તોફાનથી ડરીને બૂમો પાડી હતી તે પતિના આ વર્તનથી અચાનક હસવા લાગી. પતિએ પૂછ્યું કે, 'તને મારવા માટે મેં ગરદન પર તલવાર મૂકી છતાં તું ગભરાવાને બદલે હસે છે કેમ?' પત્નીએ હસીને જવાબ આપ્યો કે, 'તમે મને ખૂબ પ્રેમ કરો છો. મને તમારા પર પૂર્ણ આસ્થા અને વિશ્વાસ છે કે આપ મને મારવા માટે ક્યારેય આ તલવારનો પ્રયોગ ન કરી શકો.' ત્યારે પતિએ શાંતિથી કહ્યું કે, 'તને જેવો મારા પર વિશ્વાસ છે તેનાથી પણ વધુ મને મારા પરમાત્મા પર પૂર્ણ વિશ્વાસ છે. પ્રભુ ક્યારેય આ નાવને ડૂબવા નહીં દે અને આપણે આ તોફાનમાંથી હેમખેમ પાર ઉતરી જઈશું.'

આ વિશે એક બોધકથા જોઈએ. એક દૂધ વેચનાર ગોવાલણ દરરોજ સવારે નજીકના શહેરમાં દૂધ વેચવા જતી હતી. ગોવાલણના ગામથી શહેરમાં જવા માટે રસ્તામાં આવતી નદી પાર કરવાની રહેતી. એક દિવસ તે શહેરમાં દૂધ વેચતી હતી ત્યારે એક સંત કથા કરી રહ્યા હતા. સંત કહી રહ્યા હતા કે, 'જો તમને ભગવાન પર પૂર્ણ વિશ્વાસ હોય તો તમે સરળતાથી સંસારરૂપી સમુદ્ર પાર કરી શકો છો. સર્વશક્તિમાન ઈશ્વરને યાદ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.'

ગોવાલણે સંતના આ શબ્દો ખૂબ ધ્યાનથી સાંભળીને પોતાના હૃદયમાં વાવી દીધા. કથા પૂરી થયા પછી તે નદી કિનારે પહોંચી તો નદીમાં પાણીનું સ્તર ઘણું વધી ગયું હતું. કિનારા પર કોઈ નાવ ઉપલબ્ધ નહોતી. તે જ સમયે તેને સંતના વચનો યાદ આવ્યા. તેણે પરમાત્માનું પૂર્ણ વિશ્વાસ સાથે સ્મરણ કર્યું અને જેવો નદીમાં પગ મૂક્યો કે તરત જ તેને નદીમાં ચાલવાનો માર્ગ મળી ગયો. તે કોરા પગે આરામથી નદી પાર કરી ગઈ. હવે આ તેની દિનચર્યા બની ગઈ. તે દરરોજ ઈશ્વર પરના ભરોસે નદી પાર કરી લેતી.

એક દિવસ ગોવાલણે સંતને પોતાના ઘરે પધારવા વિનંતી કરી. સંતે આમંત્રણ સ્વીકાર્યું. બીજા દિવસે સંત અને ગોવાલણ નદી કિનારે આવ્યા. નદી બે કાંઠે વહેતી હતી. ગોવાલણે પરમાત્માને યાદ કરી નદીમાં ચાલવાનું શરૂ કર્યું અને તેને માર્ગ મળી ગયો. થોડે આગળ ગયા પછી ગોવાલણે પાછું વળીને જોયું તો સંત કિનારે જ ઊભા હતા.

જે સંત કથામાં પ્રભુ પર વિશ્વાસ રાખવાની વાતો કરતા હતા તેમને પોતાના જ શબ્દો પર વિશ્વાસ નહોતો. તેઓ નદીમાં પગ મૂકતા ભયભીત થઈ રહ્યા હતા. ગોવાલણ નદીના અધવચ્ચેથી પાછી આવી અને સંતને કહ્યું કે, 'મહારાજ, મારો હાથ પકડી લો.' સંતે ગોવાલણનો હાથ પકડીને જેવો નદીમાં પ્રવેશ કર્યો કે તેમને પણ સૂકો માર્ગ મળી ગયો અને તેઓ સુરક્ષિત રીતે નદી પાર કરી ગયા.

આ બોધકથાનો સાર એ છે કે આપણે જે કહીએ છીએ, સાંભળીએ છીએ કે વિચારીએ છીએ – શું તેના પર આપણો વાસ્તવિક વિશ્વાસ છે? સર્વશક્તિમાન પરમાત્મા તો સદા આપણી સાથે જ છે પરંતુ તેમના મહિમા પર પૂર્ણ વિશ્વાસ રાખવાથી જ આપણે તેમની કૃપાના પાત્ર બની શકીએ છીએ. ફક્ત શાબ્દિક કે કોરી વાતો કરવાથી કલ્યાણ થતું નથી.

પ્રભુ પરમાત્માની ઓળખ કે અનુભૂતિ વિના સાચો વિશ્વાસ આવતો નથી, વિશ્વાસ વિના પ્રેમ પ્રગટતો નથી અને પ્રેમ વિના ભક્તિમાં દ્રઢતા આવતી નથી. બુદ્ધિ કદાચ ઓછી હશે તો ચાલશે પરંતુ પરમાત્મા પરનો વિશ્વાસ અડગ હોવો

(અનુસંધાન : જુઓ પાના નંબર – ૯૧ ઉપર)

બોધકથા

ભગવાન ક્યાં રહે છે? અને ભગવાન શું કરે છે?

વિનોદભાઈ માછી નિરંકારી

નિર્વાહ એક બ્રાહ્મણ હતા જે પૂજાપાઠ કરી પોતાનો જીવન કરતા હતા. એકવાર આ બ્રાહ્મણને નગરના રાજા રાજમહેલમાં પૂજા માટે બોલાવે છે. પૂજા પછી રાજાએ બ્રાહ્મણને એક પ્રશ્ન પૂછ્યો કે, 'બ્રાહ્મણ દેવ! આપ ભગવાનની પૂજા કરો છો તો મને એ બતાવો કે ભગવાન ક્યાં રહે છે? તેમની નજર કઈ તરફ હોય છે? અને ભગવાન શું કરે છે?' રાજાનો પ્રશ્ન સાંભળીને બ્રાહ્મણ કહે છે કે, 'હે રાજન! આ પ્રશ્નના જવાબ માટે મને થોડોક સમય આપો.'

રાજાએ બ્રાહ્મણને એક મહિનાનો સમય આપ્યો. બ્રાહ્મણ દરરોજ એ વિચારમાં ખોવાયેલો રહેતો કે આનો જવાબ શું હશે? સમય પસાર થઈ રહ્યો હતો. બ્રાહ્મણની ચિંતા વધવા લાગી અને જવાબ ન મળવાથી બ્રાહ્મણ દુઃખી થવા લાગ્યો. એક દિવસ બ્રાહ્મણને ચિંતિત જોઈને તેમના પુત્રે કહ્યું કે પિતાજી તમે આટલા દુઃખી કેમ છો? ત્યારે બ્રાહ્મણે કહ્યું કે બેટા, થોડા દિવસ પહેલા હું પૂજા કરવા માટે રાજમહેલમાં ગયો હતો. હું પૂજા કરીને જ્યારે પરત ફરી રહ્યો હતો ત્યારે રાજાએ મને પૂછ્યું હતું કે ભગવાન ક્યાં રહે છે? ભગવાન શું કરી શકે છે? અને ભગવાનની નજર કઈ તરફ હોય છે? તે સમયે રાજાના પ્રશ્નનો જવાબ મને ખબર ન હોવાથી આ પ્રશ્નનો જવાબ આપવા મેં સમય માંગ્યો હતો.

બ્રાહ્મણની વાત સાંભળીને તેમના પુત્રે કહ્યું કે, પિતાજી! તમે મને રાજ દરબારમાં સાથે લઈ જાઓ. હું રાજાને આ પ્રશ્નોનો જવાબ આપીશ. બ્રાહ્મણ તેના પુત્રને લઈને રાજમહેલમાં જઈ રાજાને કહ્યું, મારો પુત્ર તમારા પ્રશ્નનો જવાબ આપશે. રાજાએ બ્રાહ્મણના પુત્રને પ્રશ્નો પૂછ્યા કે ભગવાન ક્યાં રહે છે? તેમની નજર કઈ તરફ હોય છે? અને ભગવાન શું કરે છે? બ્રાહ્મણ પુત્રે રાજાને કહ્યું કે રાજન! તમારા રાજ્યમાં પ્રથમ અતિથિનો આદર-સન્માન કરવામાં આવતો નથી? આ સાંભળીને રાજાને થોડી શરમ લાગી. તેથી બાળકને સન્માન સાથે સ્થાન આપવામાં આવ્યું અને તેને પીવા માટે દૂધનો ગ્લાસ લાવવામાં આવે છે. છોકરાએ દૂધનો ગ્લાસ હાથમાં પકડીને દૂધમાં આંગળી નાખી તેમાં ફેરવી અને વારંવાર દૂધ બહાર કાઢીને તેને જોવા લાગ્યો. આ જોઈ રાજાએ પૂછ્યું કે આપ શું કરો છો?

બાળકે કહ્યું કે મેં સાંભળ્યું છે કે દૂધમાં ઘી હોય છે, હું એ જોઈ રહ્યો છું કે દૂધમાં ઘી ક્યાં છે? તમારા રાજ્યના દૂધમાંથી તો ઘી જ ગાયબ છે ત્યારે રાજાએ કહ્યું કે દૂધમાં ઘી હોય છે પણ દેખાતું નથી. જ્યારે દૂધને જમાવીને દહીં બનાવવામાં આવે પછી દહીંને વલોવવામાં આવે છે ત્યારે જ માખણ મળે છે અને માખણને ગરમ કરવામાં આવે છે ત્યારે ઘી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ પુત્રે કહ્યું કે મહારાજ! આ તમારા પહેલા પ્રશ્નનો જવાબ છે. જેમ દૂધમાંથી દહીં અને પછી દહીંને વલોવવાથી માખણ મળે છે અને માખણને ગરમ કરવાથી ઘી મળે છે તેવી જ રીતે પરમાત્મા દરેક જીવની અંદર વિદ્યમાન હોય છે પણ તેને પામવા માટે સાચી ભક્તિની આવશ્યકતા હોય છે.

બ્રાહ્મણના પુત્રના જવાબથી રાજા ખુશ થાય છે અને કહે છે કે હવે મારા બીજા પ્રશ્નનો જવાબ આપો કે ભગવાનની નજર કઈ તરફ હોય છે? બ્રાહ્મણ પુત્રે કહ્યું કે રાજન! હું આનો જવાબ પણ આપીશ પરંતુ તેના માટે મારે એક મિણબત્તીની આવશ્યકતા છે. રાજાએ તરત મિણબત્તી મંગાવી અને બ્રાહ્મણપુત્રને આપી. છોકરાએ મિણબત્તી પ્રગટાવીને કહ્યું કે, રાજન! તમે મને કહો કે આ મિણબત્તીનો પ્રકાશ કઈ દિશામાં છે? રાજાએ કહ્યું કે તેનો પ્રકાશ બધી દિશામાં એક સમાન છે. તેવી જ રીતે પરમાત્મા સર્વદૃષ્ટા છે અને તેમની નજર તમામ પ્રાણીઓના કર્મોની તરફ ઉપર હોય છે.

રાજાએ કહ્યું કે મારા છેલ્લા પ્રશ્નનો જવાબ આપો કે ભગવાન શું કરી શકે છે? ત્યારે બાળકે કહ્યું કે આ પ્રશ્નનો જવાબ હું ચોક્કસ આપીશ પણ તેના માટે મને આપની જગ્યાએ સિંહાસન ઉપર બેસાડવો પડશે અને તમારે મારી જગ્યાએ બેસવું પડશે. બાળકને રાજાના સિંહાસન ઉપર બેસાડવામાં આવે છે. બાળક કહે છે કે, રાજન! આપના અંતિમ પ્રશ્ન કે ભગવાન શું કરી શકે છે? તેનો આ જવાબ છે. મારા જેવા રંકને રાજ સિંહાસન ઉપર બેસાડી શકે છે અને આપ જેવા મહાન રાજાને મારી જગ્યાએ ઉભા કરી દીધા છે એટલે કે રાજાને રંક અને રંકને રાજા બનાવી શકે છે – આ તમારા અંતિમ પ્રશ્નનો જવાબ છે. રાજા બ્રાહ્મણપુત્રના જવાબથી ઘણા પ્રસન્ન થાય છે અને તેને પોતાનો સલાહકાર બનાવી દે છે.

નવીવાડી, તા. શહેરા, જિ. પંચમહાલ

મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫

ડૉક્ટરની ડાયરી : સત્ય ઘટના

ડૉ. શરદ ઠાકર

પચાસ વર્ષ પૂરાં કરીને એકાવનમાં પ્રવેશી રહેલા અમદાવાદના જાણીતા, સફળ ગાયનેકોલોજિસ્ટ ડૉ. દર્શન નાયક એમની જિંદગીનુ સરવૈયુ કાઢવા બેઠા. અડધી જિંદગીની અર્થસભર યાત્રાના જમા ઉધાર ખાતાં તપાસવા બેઠા. જમાખાતું તો જબરદસ્ત હતું – તગડું હતું.

એક કરોડ રૂપિયા હતા. રોકડા અને રણકતા હતા. બે બંગલાઓ હતા. ચાર ગાડીઓ હતી. પાંચ પ્લોટ્સ હતા જમીનના. છ બેંક લોકર્સ હતાં. સુખનું આ અંકગણિત શતક કે સહસ્રના આંકડા આગળ પણ સમા ન થાય એટલું લાંબુ હતું. વાંચનારનેય ઓડકાર આવી જાય, તો પછી ભોગવનારની તો ઈર્ષ્યા જ કરવી રહી.

અને ઉધાર ખાતુ શું કહેતું હતું? એ પણ સાવ ખાલી ન હતું. એમાંય થોડીક સારી નરસી વાતોનું પરચૂરણ ખખડતું હતું. ક્યાંક મિત્રોની મીઠી ઈર્ષા હતી, ઈન્કમટેક્સ ખાતાનો ખોફ હતો, ક્યાંક કો'ક રડ્યા-ખડ્યા દર્દીનો ઠપકો હતો, ફરિયાદ હતી, આક્રોશ હતો. 'ડોક્ટર તો ચીરે છે, લૂંટે છે, ગરીબોને પણ છોડતા નથી.' એવો ખરોખોટો આક્ષેપ હતો. અને ક્યાંક યાદ કરવા ન ગમે એવા પ્રસંગો હતા. જેમ કે : 'સાહેબ, મારી દીકરીને નોર્મલ ડિલિવરી નહીં જ થાય?'

'ના, સિઝેરીઅન કરવું જ પડશે.'

'એમાં ખર્ચો કેટલો?'

'પંદર હજાર ઓછામાં ઓછા. એમાં બે હજાર રૂપિયાની દવાઓ, પંદરસો રૂપિયા બેભાન કરવાના ડોક્ટરના, સારવારના, બાળકની સંભાળના અને ઓપરેશનના – એમ બધું જ આવી જાય છે.'

'કંઈક વાજબી નહીં થાય?'

'આ ફી તમને ગેરવાજબી લાગે છે? તો હું તમને બીજા ગાયનેકોલોજિસ્ટનાં સરનામાં આપું, ત્યાં જઈને ઓપરેશનના બિલનો આંકડો પૂછી આવો! ત્રીસ હજારથી માંડીને પચાસ હજાર સુધીનો ભાવ ચાલે છે.'

'પણ સાહેબ, અમે તો ગરીબ.'

'તો સિવિલમાં જાવ, વી.એસ.માં જાવ. તદ્દન મફતમાં તમારુ કામ થઈ જશે.'

'પણ સાહેબ, થોડીક માનવતા રાખો તો?'

'માનવતાનો ઠેકો એકલા ડોક્ટરોએ જ થોડો રાખ્યો છે? કોઈ ફાઈવ સ્ટાર હોટલવાળા માનવતા ખાતર ભિખારીને એની હોટલમાં જમાડે છે ખરા? એક પણ પૈસો લીધા વગર એરલાઈન્સવાળા કોઈ ગરીબને વિમાનમાં બેસાડે છે ખરા? સરકાર પણ બસમાં કે ટ્રેનમાં ગરીબો માટે ટિકિટ વિનાનો ડબ્બો દોડાવે છે? માનવતા નામનો શબ્દ ત્યાં કેમ મરી જાય છે?'

અને પછી દર્દીને લઈને એનાં સ્વજનોનું ચાલ્યા જવું. ગરીબ સ્ત્રીના બાપના ભાથામાં દલીલો ઓછી હોય છે અને આંસુ ઝાઝાં. ડો. દર્શનના ઉધાર ખાતામાં આવા થોડાંક આંસુઓ, ડુમા, લાચારીઓ અને નિઃસાસાઓ ખખડતાં હતાં અને આજે વનપ્રવેશ વખતે ડોક્ટરે એક ક્રાંતિકારી નિર્ણય લઈ લીધો. હવે પછી પ્રાઈવેટ પ્રેક્ટિસની શૈલી સંપૂર્ણપણે બદલી નાખવી છે. કન્સલ્ટિંગ ફી બસો રૂપિયાને બદલે ફક્ત દસ જ રૂપિયા. એ પણ ન હોય તો ચલાવી લેવાનું. નોર્મલ સુવાવડનું બિલ ચારસો રૂપિયા. એટલો તો દવાઓ, વીજળી બિલ અને પથારીના ખર્ચને કારણે થઈ જાય. કમાવાનો તો એક રૂપિયો પણ નહીં.

એવું જ સિઝેરીઅન બાબતમાં. આખા ઑપરેશનનું પેકેજ ડીલ માત્ર બે હજાર રૂપિયામાં. આજ સુધીમાં સમાજે જે આપ્યું છે એને દસ ગણું કરીને પાછું વાળવાનું આ અભિયાન હતું. ડો. દર્શને એમનો આ માનવતાવાદી નિર્ણય મોટા પાટિયા ઉપર ચિતરાવીને એ જ દિવસે નર્સિંગ હોમના દ્વાર ઉપર લટકાવી દીધો.

જેમ જેમ વાત પ્રસરતી ગઈ, તેમ તેમ આસપાસના વિસ્તારમાં પ્રતિક્રિયાનો વાવંટોળ ઊઠતો રહ્યો. દર્દીઓની લાઈન લાગી ગઈ. સવાર સાંજ સો-સો દર્દીઓ આઉટડોર પેશન્ટ્સ તરીકે ઊમટવા લાગ્યા. સામાન્ય રીતે મહિનામાં સાત-આઠ સિઝેરીઅન થતાં હતાં એને બદલે હવે વીસ-પચીસ થવા માંડ્યા. સુવાવડનો કુલ આંકડો દર મહિને સો ઉપર પહોંચી ગયો. ડોક્ટરને માટે જીવવું મુશ્કેલ બની ગયું. અંગત જિંદગી જેવું તો કશું રહ્યું જ નહીં.

ઘર, પત્ની, બાળકો ભૂલાઈ ગયાં. દિવસ અને રાત

નર્સિંગ હોમમાં ગુજરવા લાગ્યો. એમની સારવાર જે અત્યાર સુધી માત્ર મહેલોના માલિકો માટે અનામત હતી, એ હવે ગરીબોના કૂબા સુધી વિસ્તરી ગઈ. આને કારણે ત્રણ ઘટનાઓ બની ગઈ. દર્દીઓને જલસો પડી ગયો. ગરીબોને તો હવે મ્યુનિસિપલ હોસ્પિટલમાં જવું પણ મોંઘું થઈ ગયું. ત્યાંનો ખર્ચ પણ ડો. દર્શનની ફીની સરખામણીએ વધારે પડતો હતો. આસપાસના અન્ય ગાયનેકોલોજિસ્ટ્સના કેસો પણ ડો. દર્શન તરફ વળી ગયા. આ એક ઘટના.

બીજી ઘટના એટલે જે નર્સિંગ હોમ્સમાં દર્દીઓને બદલે કાગડા ઊડવા માંડ્યા એના માલિકો એટલે કે ડૉક્ટરો ડૉ. દર્શનની આ નાલાયકી ઉપર બળી ઊઠ્યા. આ માણસની સામે સ્પર્ધામાં ટકવું મુશ્કેલ બની ગયું.

અને ત્રીજી ઘટના? એ સાવ અણધારી જગ્યાએ અણધારી રીતે ઘટી. એક રાત્રે ડૉ. દર્શનના નર્સિંગ હોમમાં એક પ્રસૂતાનો ઈમરજન્સી કેસ દાખલ થયો. પૂરા મહિના આડે બે અઠવાડિયાની વાર હતી.

'શેના માટે આવવું પડ્યું?' ડૉક્ટરે પૂછ્યું.

'ખૂન તૂટી પડ્યું છે, સાહેબ!' બાઈની માએ જવાબ આપ્યો. 'અમે તો સૂતાં હતાં. ચંપાએ જગાડ્યા ત્યારે ખબર પડી. ત્યાં સુધીમાં તો આખી ચાદર લોહીથી લથબથ હતી.' ડૉક્ટરે ચંપાને તપાસી, મરણોન્મુખ હાલત હતી.

પ્લેસેન્ટા પ્રીવિયાના નામે ઓળખાતી પરિસ્થિતિ હતી. વાત કરવાનો વખત ન હતો, સગાંને સમજાવવા જેટલો સમય ન હતો. લોહીનું તળાવ ફાટ્યું હતું. તાત્કાલિક સિઝેરીએન કરવું જરૂરી હતું. ડૉક્ટરને ખબર હતી કે આ લોકો બે હજાર રૂપિયાની વાત સૂંઘીને એમના બારણે આવી ચડેલાં હતાં અને એમને એ પણ ખબર હતી કે મામલો વીસ-પચીસ હજારમાં પણ નીપટે એવો ન હતો. છતાં પણ એ કામે વળગ્યા. બાર બોટલ ખૂન ચડાવવું પડ્યું. ચંપા માંડ બચી અને માંડમાંડ એનો દીકરો પણ બચી શક્યો.

ચંપાનાં માબાપ ખુશ હતાં. રજા આપવાનો દિવસ નજીક આવતો ગયો. એ ગરીબ માણસ પાસે બે હજારની જોગવાઈ તો હતી જ. એ લઈને ચંપાનો બાપ દવાખાને જવા નીકળ્યો.

ત્યાં જ એક કલ્પનાતીત ઘટના બની ગઈ. ચંપાના બાપને એ વિસ્તારના એક નેતાનો ભેટો થઈ ગયો. ચૂંટણી નજીકમાં જ હતી અને એ અસભ્ય નેતાને એ વિસ્તારના ધારાસભ્ય બનવાની વાસના જાગી હતી. એમની નજર આ ગરીબ મતદાતા ઉપર પડી.

'કેમ જીવણ, ક્યાં જાય છે?'

'સાહેબ, નાયક સાહેબના દવાખાને. દીકરીનાં ઓપરેશનનું બિલ ભરવા.'

'કેટલું બિલ છે?' નેતાએ મામલો સંભાળી લીધો.

જીવણ પારસેથી આંકડો જાણીને તરત એમણે મોબાઈલ ફોન પરથી ડૉ. નાયકનો નંબર લગાડ્યો.

'શું છે ડૉક્ટર? તમે તો ગરીબોને લૂંટવા બેઠા છો ને કંઈ! બે હજાર રૂપિયા કેમ કરીને ભેગા થાય છે એનું તમને ભાન છે? જીવણભાઈ મારી ચિઠ્ઠી લઈને આવે છે. પાંચસો રૂપિયા લઈને એમની દીકરીને છુટ્ટી કરો!'

જીવણ પણ ગેલમાં આવી ગયો. પંદરસો રૂપિયા સંતાડી દીધા. પાંચસોની નોટ ફરકાવતો દોડી ગયો દવાખાનાની દિશામાં. આવા પાંચ-સાત બનાવો બની ગયા.

એ પછી ડૉ. દર્શનને ભાન થયું કે કુપાત્રને દાન આપવું એ પણ પાપ છે. એ હવે શુભ મુહૂર્તની પ્રતીક્ષામાં બેઠા છે કે ક્યારે પેલું પવિત્ર પાટિયું ઉતારી લેવું!

'બાજખેડાવાળ પત્રિકા'ના સૌજન્યથી

પ્રભુ પરમાત્માને જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી

(અનુસંધાન : પાના નંબર – ૮૮ ઉપરથી ચાલુ)

જોઈએ. સંતો અને જ્ઞાનીઓ જાણે છે કે ઈશ્વર જે કંઈ કરે છે તે જીવના ભલા માટે જ કરે છે જ્યારે અજ્ઞાની મનુષ્ય સદા સાંસારિક માન-સન્માન મેળવવાની દોડમાં જ રચ્યોપચ્યો રહે છે. ઈશ્વરે મનુષ્યને બે અમૂલ્ય ભેટ આપી છે : શ્રદ્ધા અને બુદ્ધિ. આ બંનેનો યોગ્ય સમન્વય થાય ત્યારે જ જીવનનો સાચો વિકાસ થાય છે. મનુષ્યની બુદ્ધિની એક સીમા હોય છે. જ્યાં બુદ્ધિ અટકે છે ત્યાં શ્રદ્ધાનો સહારો લેવો પડે છે. ઈશ્વર-શાસ્ત્ર અને સદ્‌ગુરૂના વચનો પર પ્રત્યક્ષ પ્રમાણથી પણ વધુ ભરોસો રાખવો એ જ સાચી શ્રદ્ધા છે. જ્ઞાનથી વિશ્વાસ, વિશ્વાસથી પ્રેમ અને પ્રેમની દ્રઢતાથી ભક્તિ પરિપક્વ બને છે. વિશ્વાસ એ સમર્પણની પ્રથમ સીડી છે અને દરેક પવિત્ર સંબંધનો પાયો છે તેથી જ સંસારના ક્ષણભંગુર વિષયો કે ધૂર્ત, અહંકારી અને નાસ્તિક તત્ત્વો ઉપર આંધળો વિશ્વાસ કરવાને બદલે પરમાત્મા અને સદ્‌ગુરૂના વચનો પર અડગ શ્રદ્ધા રાખવી એ જ ભવસાગર પાર કરવાનો સાચો માર્ગ છે.

છક્કડિયા (ઘાણીત્રા),
તા. ગોધરા, જિ. પંચમહાલ.